સ્પેકટર્નનો ખજાનો


પરમ દેસાઈ



VISIT…

LANZAROTE
Caliente.COM

સ્પેકટર્નનો ખજાનો



પરમ દેસાઈ

સ્પેક્ટર્નનો ખજાનો
રોમાંચક કિશોર સાહસકથા

પરમ દેસાઈ



સ્પેક્ટર્નનો ખજાનો

(Adventure thriller novel for young readers by Param Desai)

પ્રકાશક**:**
અમોલ પી. શાહ
અમોલ પ્રકાશન
52, પાંચમો માળ, વર્લ્ડ બિઝનેસ હાઉસ,
પરિમલ ગાર્ડન પાસે, પરિમલ ચાર રસ્તા,
એલિસબ્રિજ, અમદાવાદ – 380006
ફોન: 94283 55207, 98250 67053
www.facebook.com/amolprakashan

પ્રથમ આવૃત્તિ: 2018

'સ્પેક્ટર્ન...'નો ઉદ્‌ભવ

નવમા ધોરણમાં હતો ત્યારે એક મિત્રએ મને ડૉ. આઈ. કે. વીજળીવાળાની એ વખતે પ્રકાશિત થયેલી કિશોર સાહસકથા 'હીરાનો ખજાનો' વાંચવા આપેલી. એ સમયે તો હજુ માંડ વાંચતો થયો હતો એટલે માત્ર વાંચવા ખાતર એ વાંચેલી, પરંતુ એ વિસ્મયકારક સાહસકથાએ મારા દિલોદિમાગમાં એવું તો જબરજસ્ત સ્થાન મેળવ્યું કે એ પછી મારી વાંચનભૂખ સદંતર ઊઘડી ગઈ. એ પછી મારી વાંચનયાત્રાએ અટકવાનું નામ નથી લીધું. પુસ્તકોએ મારી જાતનું ક્યારે પરિવર્તન આણી દીધું એની મને ખબર ન રહી ! મેં ડૉ. વીજળીવાળાની અન્ય સાહસકથાઓ વાંચી અને એ પછી હું ચડ્યો સાહસ-વિજ્ઞાન કથાઓના જનક 'જૂલે વર્ન'ના સાહિત્ય પર. જૂલે વર્નના નામથી ભાગ્યે જ કોઈ ગુજરાતી વાચક અજાણ હશે. લગભગ ૧૫૦ જેટલી કૃતિઓ આપી ચૂકેલા આ ફ્રેન્ચ લેખકની કથાઓના માત્ર દસ-બાર જેટલાં ગુજરાતી અનુવાદો થયાં છે, પરંતુ એ જૂજ અનુવાદોએ પણ ગજબનો ઉત્સાહ પૂર્યો અને એના ભાગરૂપે આજે 'સ્પેક્ટર્નનો ખજાનો' આપ સૌના હાથમાં છે !

એક વરસની યાત્રાને અંતે મને અંદરથી કંઈક લખવાનું મન થયું અને દસમા ધોરણમાં મેં મારી પાસે રહેલા નાનકડા શબ્દભંડોળની મદદથી એક સાહસકથા તૈયાર કરી, પણ એનો અંત ન લાવી શક્યો. પછીના ત્રણ વરસ એ ધૂળ ખાતી પડી રહી. જ્યારે હું કૉલેજના બીજા વરસમાં આવ્યો ત્યારે ઘરનાં ખૂણામાં ધરબાઈ પડેલી મારી વાર્તાએ મને સાદ દીધો. એ જાણે કહી રહી હતી કે - મને આમ ખૂણામાં રહેવું નહીં ગમે. મને તું સાહિત્ય યોગ્ય શબ્દોથી શણગાર અને તારા જેવા જ બીજા કિશોર/ટીન એજર્સ વાચકો સામે મને પ્રસ્તુત કર ! નિષ્ફળતાની ચિંતા ન કર. માત્ર તારું કાર્ય લોકો સુધી પહોચવું જોઈએ. બસ... – મેં ફરી પાછી કલમ ઉપાડી અને વાર્તાને યોગ્ય રીતે મઠારવા લાગ્યો. જોગાનુજોગ એ વખતે 'માતૃભારતી' નામક ઓનલાઈન પ્લેટફૉર્મની મને જાણ થઈ. 'માતૃભારતી' પ્લેટફૉર્મ પર મારી સાહસકથાને મૂકવાના એ બીજા સ્વાર્થે ખરેખર તો સાહસકથા પૂરી થઈ છે એમ હું માનું છું. મેં માતૃભારતી પર એને હપ્તાવાર રજૂ કરી અને એ બહાને આખરે વાર્તાનો અંત પણ લખાયો. વાચકોએ વખાણી, મને સંતોષ થયો. ખાધું, પીધું ને રાજ કર્યું ! પૂરું ? નહિ...! લગભગ એક વર્ષે મારું નસીબ જબરું ખૂલ્યું અને એનું કારણ હતું 'અમોલ પ્રકાશન'ને મોકલેલો મારી વાર્તાનો એ ઈ-મેઈલ ! વાર્તા પસંદગી પામી ત્યારનો જે આનંદ હતો એ અત્યારે હું વર્ણવી નહીં શકું. મારા માટે જાણે 'પિતાએ પુત્રની આંગળી પકડી' હતી !

ઉત્સાહી અને સાહસીક પ્રકાશકમિત્રો અમોલભાઈ અને આનંદભાઈ સાથે અમદાવાદમાં મિટિંગ થઈ. આનંદભાઈએ કથાની એક-એક લીટીને ચકાસી જોઈ અને એનાં નિષ્કર્ષરૂપે તેમણે મને કથામાં જે તાર્કિક સુધારાઓ જણાવ્યા એ જાણીને હું એમનાથી મોહિત થઈ પડ્યો. એમના અદ્‌ભૂત જ્ઞાન દ્વારા સોનામાં સુગંધ ભળી હોય એમ કથામાં જે સુધારાઓ થયા એનાથી કથા પહેલાં કરતાં પણ વધારે ખીલી. એટલે જો કથા વાચકોને ગમશે તો એનો જશ મારા બંને પ્રકાશકમિત્રોને પણ જશે.

હવે કથા વિશે વાત કરીએ. પેસિફિક મહાસાગરમાં આવેલા 'સ્પેક્ટર્ન' નામના કાલ્પનિક ટાપુ પરના અજ્ઞાત ખજાનાની આસપાસ કથા ઘૂમે છે. દક્ષિણ અમેરિકાના પેરુ દેશના સાહસિક એલેક્સ અને એના મિત્રોને એક ધૂની પ્રોફેસરના અવાવરા ઘરમાં રહસ્યમય સંજોગોમાં પ્રોફેસરનો મૃતદેહ મળે છે અને સાથે જ એલેક્સના મિત્રમંડળનો એક સભ્ય પણ બેહોશીમાં સરી પડ્યો છે !

પ્રોફેસરના ઘરમાંથી તેમને એક ભેદી ડાયરી પણ મળી આવે છે અને છેવટે આ બધી ઘટનાઓનો છેડો અડકે છે સ્પેક્ટર્ન ટાપુ પરના એ અજ્ઞાત ખજાના સાથે કે જે લીમાના લોકોની અમાનત હોવાનું દર્શાવે છે. છએ સાહસિકો એક પ્રોફેસર અને એક નેવી અધિકારી સાથે નીકળી પડે છે એ ખજાનાની શોધમાં. શું તેઓ બધી મુસીબતો અને અડચણોનો સામનો કરીને ખજાના સુધી પહોંચી શકશે ? લીમાના લોકોની અમાનત સમા એ ખજાનામાં શું ધરબાયેલું હશે ? ખજાના પાછળનું રહસ્ય શું હતું ? આ બધા જ પ્રશ્નોના જવાબો મેળવવા તમારે એલેક્સ-ટીમ સાથે આ રોમાંચક સફરે ઊપડવું જ રહ્યું !

હવે ઝાઝું નહીં કહેતાં એટલું જ કે ગુજરાતી ભાષામાં સાહસકથાઓનો હાલ દુકાળ પ્રવર્તે છે ત્યારે જો આ સાહસકથા પાણીનાં એક બુંદ જેટલી પણ ગરજ સારશે તો પણ હું એને મારી સફળતા માનીશ.

છેલ્લે, મારો હાથ પકડનારા પ્રકાશક મિત્રો આનંદભાઈ અને અમોલભાઈનો ખૂબ જ અંતઃકરણથી આભાર વ્યક્ત કરું છું. જો તેઓએ મને ટેકો ન આપ્યો હોત તો આ શક્ય ન બનત. તો ચાલો મિત્રો, નીકળી પડો રહસ્ય અને રોમાંચની એક મજેદાર સફર ખેડવા. સફર કેવી રહી એ અંગે મને નિષ્પક્ષ અભિપ્રાયો આપશો ને ?

- પરમ દેસાઈ

(desaiparam1997@gmail.com)
(Whatsapp No. 8469141479)

પ્રકરણ:૧ ભેદી ઘટનાઓ...!

દક્ષિણ અમેરિકા ખંડની પશ્ચિમે આવેલો દેશ પેરૂ...!

રાજધાની તરીકે ‘લીમા’ શહેર ધરાવતો આ દેશ તેના શુષ્ક મેદાની પ્રદેશોમાં ફેલાયેલાં તથા ઘણાખરા પહાડોની ગોદમાં વસેલાં સુંદર શહેરો અને ‘મેન્કોરા’ બીચ માટે વિખ્યાત છે. પ્રખ્યાત ‘એમેઝોન’ નદીના ભાગ પર વસેલાં તેના અમુક શહેરો તેની એક અલગ જ છાપ છોડે છે. ખ્યાતિપ્રાપ્ત સ્થળોનો તો જાણે અહીં ભંડાર હોય એમ દુનિયાની સાત અજાયબીઓમાંની એક એવી ‘મચ્ચુ-પિચ્ચુ’ અજાયબી પણ અહીં આવેલી છે.

૧૯૬૦નું વરસ. એ વખતે પેરૂની જમાવટ બરાબરની ખીલી હતી. મારા પિતાજીનો ધંધો વર્ષોથી અહીં લીમામાં જ હોવાથી અમે આજથી વીસેક વરસ પહેલાં, લગભગ મારા જન્મથી જ અહીં જ સ્થાયી થયા હતા. વ્હાલું ભારત યાદ તો આવતું પણ હવે બધું સમેટીને ફરી ત્યાં વસવાટ કરવો એ હમણાં શક્ય નહોતું. અહીં જ મારા મિત્રો બન્યા, અહીંથી જ મેં અભ્યાસ લીધો અને અહીં જ હું કોલેજ પણ કરતો. ડિગ્રી મેળવવા હજુ એક વરસ બાકી હતું.

તે દિવસે અમે અમારા રહેણાક વિસ્તારની પાછળ થોડે દૂર આવેલા એક પહાડની તળેટીમાં નાનકડા મેદાનમાં ફૂટબોલ રમતાં હતા.

હું ગોલકી તરીકે હતો અને આજે મારાથી લગભગ સાત ગોલ છૂટ્યા હતા.

હું કીપિંગ કરી રહ્યો હતો. વોટ્સન પગેથી બોલ ઘુમાવતો મારી તરફ આવ્યો. હું સતેજ થઈ ગયો અને બંને હાથ અને પગ બની શકે એટલા પહોળા કર્યા.

‘ફટાક’ કરીને વોટ્સને કિક મારી અને બોલ સીધો મારા બંને પગની વચ્ચેથી ‘સરરર...’ કરતો નેટમાં ઘૂસી ગયો.

‘યાર એલેક્સ ! આ શું કરે છે તું...? એક વાર તો ગોલ બચાવ...’ મારી સામે આંખો કાઢીને થોમસે કહ્યું. મારા મિત્રોને મારું અક્ષિત નામ અંગ્રેજીમાં બોલતા ફાવતું નહી એટલે તેમણે મારું કાયમી નામ એલેક્સ રાખ્યું હતું.

‘પણ તમે મને ગોલકી રાખો તો આમ જ થવાનું...’ મેં કહ્યું.

‘ઠીક છે ચાલ...આજનો દિવસ રહી જા, કાલથી ક્રિક રહેશે...’ થોમસે ક્રિક સામે ઈશારો કરતાં કહ્યું. ક્રિક અમારા સૌમાં સૌથી નાનો હતો.

ગેમ ફરી શરૂ થઈ. વળી વોટ્સન બોલને ગગડાવતો, બધાથી બચાવતો મારી તરફ આવ્યો. મારી ટીમના બે જણ – થોમસ અને વિલિયમ્સ બોલને પેલી તરફ ધકેલવાની વ્યર્થ કોશિશ કરી રહ્યા હતા. ત્યાં જ વોટ્સને તેમના પગ વચ્ચેથી બોલ કાઢીને મારી તરફ દદડાવ્યો. હું ફરી સતેજ થઈ ગયો અને પોઝીશનમાં આવ્યો ન આવ્યો ત્યાં તો વોટ્સને જોસથી કિક મારી દીધી.

‘સરર..’ કરતો બોલ મારી ઉપરથી, નેટ ઉપરથી થઈને તળેટીમાં આવેલા એક ઘરમાં ઘૂસી ગયો. અંદરના ભાગમાં કાચ તૂટવાનો તીણો અવાજ અમે સાંભળ્યો.

બે-પાંચ પળ માટે અમારા સૌમાં સન્નાટો પથરાઈ ગયો. આવું આ અગાઉ ક્યારેય નહોતું થયું. અમારા વોટ્સન ભાઈ આજે જબરા જોશમાં આવ્યા હતા અને જોરથી બોલને પેલા જુના ઘરમાં ધકેલી દીધો હતો.

‘અલ્યા વોટ્સન...આ શું કર્યું...?’ આખરે થોમસે શાંતિનો ભંગ કરતાં ચિડાયેલા અવાજે કહ્યું, ‘હવે બોલ લેવા જવાની મારામાં હિંમત નથી.’

‘પણ યાર...ભૂલથી મરાઈ ગઈ કિક...’ વોટ્સને જવાબ વાળતાં કહ્યું, ‘વાંધો નહીં, હું

હમણાં જ જઈને બોલ લઈ આવું છું, તમે લોકો અહીં જ રહો, હું આ આવ્યો...' કહીને એ થોડે દૂર રહેલા પેલા જુના ઘર તરફ ચાલ્યો ગયો.

અમે એની રાહ જોતાં ત્યાં જ, એક મોટા પથ્થર પર આમ-તેમ બેસી ગયા.

'વોટ્સન આજે કંઈક રંગમાં લાગે છે, નહીં ?' જેમ્સે રમુજ કરી.

'હા...એ તો એણે મારેલી કિક પરથી જ જણાઈ આવે છે.' મેં કહ્યું, 'ભાઈને આજે કંઈક મોજ આવી લાગે છે. કઈ મોજ હશે એ તો હવે એને ખબર.'

'ઘરે મનગમતું જમવાનું મળ્યું લાગે છે. એને અને "ખાવા"ને તો જન્મોજનમનો સંબંધ છે.' વિલિયમ્સે વળી બીજી રમૂજ કરી. અલબત્ત એના આ વાક્યથી અમે હસી પડ્યા.

બે-પાંચ મિનિટ એમ જ પસાર થઈ ગઈ. એ પછી થોડી વાર શાંતિ પથરાઈ ગઈ.

'આ વોટ્સન કેમ હજુ આવ્યો નહીં...?' ચુપકીદીનો ભંગ કરતાં થોમસે શંકા વ્યક્ત કરી, 'બોલ શોધતાં આટલી વાર...?'

'કેમ, તને બહુ ઉતાવળ લાગે છે થોમસ...' વિલિયમ્સે જરા અધીરાઈથી કહ્યું, 'કે ક્યારે વોટ્સન બોલ લાવે ને ક્યારે હું પાંચ-સાત ગોલ ફટકારી દઉં – એવું વિચારતો હોઈશ ને તું...?'

આ સાંભળીને પથ્થરની ધાર પર બેઠેલા થોમસે સીધું જ, ક્રોધિત નજરે વિલિયમ્સ સામે જોયું. પછી એ ઊભો થઈ ગયો, 'એવું વિચારતો નથી વિલિયમ્સ, પણ હવે તો હું એટલા ગોલ કરીને જ રહીશ.' એની આંખો તેજ બની ગઈ, 'તારો કટાક્ષ હું ન સમજુ એવો મૂરખ હું નથી.'

'કટાક્ષ...? કેવો કટાક્ષ...?' હવે વિલિયમ્સ પણ ઊભો થઈ ગયો, 'ઓ ભાઈ, મેં જસ્ટ કહ્યું છે. એ કોઈ કટાક્ષ નહોતો.'

'એ તું મને બનાવીશ નહીં, હું તારી મશ્કરી બરાબર સમજુ છું.' અચાનક જ થોમસ વિલિયમ્સની એકદમ નજીક આવીને ઊંચા અવાજે બોલ્યો, 'મને ફૂટબોલની રમત રમતાં નથી આવડતી તો મારી આવી મશ્કરી કરે છે તું ? આ તારું કાયમનું છે, વિલિયમ્સ. તને તો આવડે છે ને ફૂટબોલ રમતાં...! તો એ આવડત તારી પાસે જ રાખ. મને સૂચનો આપવાની જરૂર નથી.' કહેતાં કહેતાં એનો ચહેરો લાલઘુમ થઈ ગયો.

સામે વિલિયમ્સ પણ પહેલા આશ્ચર્યાઘાત પામ્યો. પણ પછી ધીમે-ધીમે એનો ચહેરો પણ કમાનની જેમ છટકવા લાગ્યો. હવે પરિસ્થિતિ તંગ બની રહી હતી. સાવ નજીવી વાતમાં બંને જણાઓએ વાતાવરણમાં ગરમાટો લાવી દીધો હતો. હવે આ ગરમાટો ઉગ્ર બને એ પહેલાં જ કંઈક કરવું પડશે એમ વિચારીને મેં વાત અટકાવી :

'અરે અરે ! આ શું છે હેં...? તમે લોકોએ તો પળવારમાં દોસ્તીની એસીતેસી કરી નાખી. આટલા વર્ષોના સંબંધો એમ જ ભૂલી ગયાં...? આટલી વાતમાં ઝઘડો કરવા જાઓ છો ? યાર...તમે બેઉ નાના – નર્સરીમાં ભણતા બાળકો નથી કે આવી હરકત કરી નાખી. તમને શરમ આવે છે કે નહીં, હેં...?' મેં થોમસનો ખભો હચમચાવતાં કહ્યું. એ નીચું જોઈ ગયો. જ્યારે વિલિયમ્સ દૂર ક્યાંક ક્ષિતિજમાં એકીટશે તાકી રહ્યો...કેટલીયે વાર સુધી...જાણે કોઈક ભૂતકાળની વાત વાગોળી રહ્યો હોય. મને એનાં ચહેરા પર થોમસ પ્રત્યેની લાગણીની રેખાઓ ફરતી જોવા મળી.

બાજુમાં બેઠેલા ક્રિક અને જેમ્સ એકધારું અમારી તરફ જોઈ રહ્યાં હતા.

આ દરમિયાન વાતાવરણ એકદમ શાંત થઈ ગયું હતું. કોઈ કંઈ જ બોલતું નહોતું.

થોડી વારે દૂર, તળેટીમાં આવેલા ચર્ચમાં ઘંટ વાગવા લાગ્યા ત્યારે જ શાંતિને કાપતો એ ઘંટનો ધીમો અવાજ વાતાવરણમાં ફેલાઈ ગયો. આ દૈવી વાતાવરણે જ જાણે વિલિયમ્સમાં કંઈક

ચેતન પૂર્યું હોય એમ વિલિયમ્સે નીચું માથું કરીને ઉભેલા થોમસના ખભા પર ધીમેથી હાથ મૂક્યો.

થોમસમાં પણ ચેતના આવી અને એણે માથું ઉંચું કર્યું. એના ચહેરા પર પોતાની ભૂલ હતી એ જાતની ભાવના દર્શાવતું ધીમું સ્મિત હતું. બે-પાંચ પળ એણે વિલિયમ્સ સામે જોઇને પછી કહ્યું, 'ઇટ્સ ઓકે યાર ! ક્યારેય નહીં ને આજે જ આપણે કેમ આવી બાલીશતાભરી વિચિત્ર વાત પર ઉગ્ર બની બેઠા...! અરે હજી તો આપણે આપણા યુવાનીના સપનાંઓ પૂરા કરવાના છે. આવા ઝઘડામાં મજા નથી. આપણે હજુ ઘણાં (મીઠા) ઝઘડાઓ કરવાના બાકી છે યાર...'

થોમસની આ વાત સાંભળીને વિલિયમ્સ ખડખડાટ હસી પડ્યો, 'સાચું કહ્યું ભાઈ, ચાલ હવે આ વોટ્સનયાનું શું છે ? અહીયાં "મીની વોર" પૂરું થઈ ગયું, પણ હજી એ ડોકાયો નથી.'

'અમે બેઉ જોઈ આવીએ...?' જેમ્સે પૂછ્યું.

'અરે ના ના...તમે પણ સમજ્યા નહીં...?' મેં કહ્યું, 'એ પેલા ઘરવાળા પ્રોફેસર જોડે ગપ્પાં મારવા બેસી ગયો હશે.'

'અહીયાં ગેમ અટકેલી છે ને એને કાંઈ પડી નથી. આપણે પણ જઈએ જ ને...' ક્રિક આગ્રહભર્યા અવાજે બોલ્યો.

મને એની વાતમાં વજૂદ લાગ્યું. આમ પણ આટલી બધી વાર કમસેકમ એક બોલ શોધવામાં તો ન જ જવી જોઈએ. આટલી બધી વાર કેમ લાગી હશે એ જાણવું પણ અમારા માટે એક કુતૂહલ થઈ પડ્યું હતું.

હું કંઈ પણ બોલ્યા વગર એ જૂના ઘર તરફ ઝડપથી આગળ વધી ગયો. થોમસ, વિલિયમ્સ વગેરે પણ પેલા પથ્થર પરથી ઊભા થઈને મારી સાથે જોતરાયા.

***

તે એક નાનકડી ટેકરીની તળેટીમાં આવેલું સુંદર બે-મજલું ઘર હતું. વર્ષોથી સાફ-સફાઈ જ ન થઈ હોય એવું એ લાગતું હતું. જરાક બીક લાગે તેવું રહસ્યમયી પણ ભાસતું હતું. આજુબાજુમાં એના સિવાય બીજું કોઈ ઘર કે મેન્શન નહોતું. આ ઘર એકલું જ જાણે નાની-નાની ટેકરીઓની આગોશમાં સમાયેલું હતું. ફિલ્મોમાં બતાવાય છે એવું ખૂબ જ જૂનું-પુરાણું લાકડા અને પથ્થર મિશ્રિત ઘર હતું.

આ ઘરમાં વિજ્ઞાનના કોઈક ધૂની પ્રોફેસર પણ રહે છે એવું મેં સાંભળ્યું હતું. એકાદ-બે વાર એમને મેં જોયા પણ હશે. એ પ્રોફેસર પણ કોઈ 'રહસ્ય'થી ઓછા નહોતા. ક્યાં જાય છે, ક્યારે આવે છે, શું કરે છે એ કોઈનેય ખબર નહોતી. પોતાના અવાવરુ થઈ ગયેલા ઘર પ્રત્યે તેણે કોઈ જ જાતનું લક્ષ સેવ્યું નહોતું. આ એક નવાઈની વાત હતી. બહારથી કોઈને પણ એમ જ લાગે કે આ ભૂતિયા ઘરમાં કોઈ રહેતું નહીં હોય, પણ હકીકતમાં ત્યાં એક 'ભૂત' જ કહી શકાય એવા ધૂની પ્રોફેસર રહેતા હતા.

ચાલતાં ચાલતાં અમે બરાબર એ ઘરની સામે આવીને ઊભા રહ્યા. ચાલતાં-ચાલતાં પણ હું એ જ વિચારતો હતો કે બોલ લેવા ગયેલા વોટ્સનને એ ધૂની પ્રોફેસરમાં એવો તે શું રસ પડ્યો હશે કે કેટલીયે વાર સુધી એ ત્યાં જ જડાઈને બેસી ગયો હતો !

'ઓય એલેક્સ...!' ત્યાં જ પાછળથી ક્રિકે મને ધીમા અવાજે બોલાવ્યો, 'ઘરમાં જવામાં કાઈ જોખમ જેવું તો નથી ને...?'

એ હંમેશા આવી નેગેટિવ વાતો જ કર્યા કરતો. અત્યારે પણ એણે કક્કો ઘૂંટવાનો શરૂ કર્યો હતો.

'ના હવે, પેલા પ્રોફેસર તો હશે ને કદાચ ઘરમાં...? પછી શું વાંધો છે ?' મારી બદલે જેમ્સે જવાબ આપ્યો.

'અને વોટ્સન પણ છે...' વિલિયમ્સે ઉમેર્યું.

મને આવી ફાલતુ વાતોમાં રસ નહોતો. હું આગળ નાની ઝાંપલી પાસે જઈને ઊભો રહ્યો. થોડી વાર પહેલાં વોટ્સન અંદર ગયો હોવાથી એણે ઝાંપલીને સહેજ અટકાવી હતી.

ઝાંપલી ખોલીને હું અંદર ચાલવા લાગ્યો. વચ્ચે સીધો સપાટ રસ્તો સામે દેખાતા ઘરનાં મેઈન દરવાજા પાસે પૂરો થતો હતો અને એ સાંકડા રસ્તાની આજુબાજુ અલગ-અલગ વૃક્ષો-વેલાઓથી સજાવેલો મોહક બગીચો હતો. પ્રોફેસરને વનસ્પતિઓ પ્રત્યે દિલચસ્પી હશે એવું એ બગીચાને જોઈને લાગતું હતું.

પણ...ખરેખર અમારે અહીં આવવા જેવું નહોતું. હવેની થોડી જ પળોમાં અમારા જીવનમાં એક તોફાન શરૂ થવા જઈ રહ્યું હતું. એક રોમાંચક તોફાન ! પરંતુ મને કે મારા મિત્રોને એનો રજમાત્ર પણ અંદેશો નહોતો આવ્યો. કંઈક અમંગળ બનવાના એંધાણ દેખાઈ રહ્યાં હતાં. પણ એનાથી બિલકુલ બેખબર અમે બગીચો પસાર કરીને ઘરનાં મેઈન દરવાજા સામે આવી ગયા.

દરવાજો પણ સહેજ ફાંટ રહે એ રીતે અટકાવેલો હતો.

મેં દરવાજાને ધીમેથી ધક્કો માર્યો.

'ચીરરર...'ના કીચૂડાટ સાથે દરવાજો અંદરની તરફ ખૂલી ગયો. હવે થોડી જ વારમાં એ ઘટના બની જવાની હતી જે અમારા માટે ઈતિહાસના એક પાના સમાન હતી.

હું અંધારિયા ડ્રોઈંગરૂમમાં પ્રવેશ્યો. મારા મિત્રો મારી પાછળ ધીમા પગલે આવી રહ્યા હતા.

'વોટ્સન...' મેં બૂમ પાડી. કોઈ જ અવાજ આવ્યો નહીં. હું વિચારમાં પડ્યો. થોડે આગળ જઈને ફરી બૂમ પાડી જોઈ, 'એ વોટ્સન...ક્યાં છે તું ?' પરંતુ વ્યર્થ. મારો અવાજ પડઘો બનીને રહી ગયો. કોઈ જવાબ મળ્યો નહીં.

હવે મારું દિલ જોરથી ધડકવા લાગ્યું હતું.

બાજુમાં જ એક રૂમ મેં જોયો. કદાચ પ્રોફેસરનો સ્ટડીરૂમ હતો. એ રૂમનાં દરવાજે ઊભા રહીને મેં એક વાર પ્રોફેસરની બૂમ પાડી જોઈ, 'હેલ્લો પ્રોફેસર...! તમે છો...?'

કોઈ જ લાભ ન થયો. સામે છેડે સુનકાર વ્યાપેલો હતો. બધું જ શાંત હતું.

છેવટે મેં એ રૂમમાં પગ મૂક્યો.

ધીમે ધીમે અંધકારથી મારી આંખો ટેવાઈ ગઈ. મેં રૂમમાં નજર ઘુમાવી અને એક જગ્યાએ પહોંચીને મારી આંખો ફાટી પડી. મોં ખુલ્લું જ રહી ગયું.

હું ત્યાં ને ત્યાં જડવત્ બનીને ખોડાઈ ગયો.

મારું હ્રદય જોરશોરથી ધબકવા લાગ્યું.

'વોટ્સન...' મારા મોં માંથી રાડ ફાટી પડી. સામે વોટ્સન બેભાન અવસ્થામાં પડ્યો હતો !

મારી રાડ સાંભળીને મારા મિત્રો અંદરના રૂમમાં ધસી આવ્યા. એલોકો પણ વિસ્ફારિત આંખે દ્રશ્ય જોઈ રહ્યા. ત્યાં જ બીજો ધડાકો થયો.

વોટ્સનથી થોડે દૂર ખૂણામાં પેલા ધૂની પ્રોફેસરનો દેહ પડ્યો હતો !

મારી આંખો ફાટેલી જ રહી ગઈ હતી. આ બધું શું થયું હતું એ કંઈ જ ખબર નહોતી

પડતી.

અમે ત્યાં ને ત્યાં જ જડાઈ ગયા.

થોડી વારે હું સ્વસ્થ થયો અને વોટ્સન પાસે દોડી ગયો. ઘૂંટણીએ બેસીને એને હોશમાં લાવવા પ્રયત્ન કરવા લાગ્યો.

જેમ્સ, વિલિયમ્સ વગેરે પણ આવીને વોટ્સનને ભાનમાં લાવવાનાં પ્રયત્નો કરવા લાગ્યા.

મેં બે-ત્રણ વાર વોટ્સનને ઢંઢોળ્યો, 'વોટ્સન...! ઓ વોટ્સન...! ઊઠ...! વોટ્સન...!' પણ એ મચક નહોતો આપતો. આથી હું બાજુમાં ખૂણામાં પડેલા પ્રોફેસરને ભાનમાં લાવવામાં લાગી ગયો.

'ઊઠો પ્રોફેસર...! પ્રોફેસર...!' એમને પણ મેં વોટ્સનની જેમ ઢંઢોળી જોયા પરંતુ તેમનો દેહ એમનો એમ પડ્યો હતો. મને ધ્રાસકો લાગ્યો. કુતૂહલતાથી મેં એમના નાકે આંગળી રાખી. થોડીવાર સુધી એમ જ રહેવા દીધી.

બીજી જ મિનિટે મને ચક્કર આવવા લાગ્યા. હ્રદય એકદમ ધડકી ઊઠ્યું. હકીકતને હું કળી જ ન શક્યો.

એ ધૂની પ્રોફેસર મૃત્યુ પામ્યા હતા...! અચાનક જ થયેલા આવા અનુભવથી હું ચક્કર ખાઈને ત્યાં ને ત્યાં બેસી રહ્યો. મારું મગજ બહેર મારી ગયું હતું. પરંતુ અત્યારે હું બને તેટલો સ્વસ્થ રહેવાની કોશિષ કરી રહ્યો હતો.

'એલેક્સ ! શું થયું...?' મને સાવ સુન્ન બેઠેલો જોઈને પાછળથી જેમ્સે મારો ખભો દબાવ્યો. મેં એની સામે જોયું. મારી આંખોમાં ડોકિયા કરતો ભય એ તરત જ સમજી ગયો. હું ઘડીક પ્રોફેસરના દેહ સામે તો ઘડીક જેમ્સની સામે જોયા કરતો હતો.

જેમ્સે ફરી દોહરાવ્યું, 'એલેક્સ ! શું થયું એ તો કહે.'

'અ...અ...આ...પ...પ્રોફેસર...મ...મરી ગ...ગયા...છે...' મારાથી ત્રૂટક શબ્દોમાં આટલું જ બોલાયું.

'હેં....??' જેમ્સની આંખો પણ અચંબિત થઈ ગઈ. મેં ખાલી હકારમાં માથું હલાવ્યું. હવે ખરેખર અમારો કાળ અમારા પર તૂટી પડ્યો હતો. થોડી વાર પહેલાં મેદાનમાં મોજથી હસતા-રમતા અમે હવે આઘાતમાં સરી પડ્યાં હતા. શું બની ગયું હતું એ કંઈ જ કળી ન શકાયું.

એ પછી થોડી વારે વોટ્સન ભાનમાં આવ્યો. અમે બધાંએ એની નજીક જઈને એને ટેકો આપીને બેઠો કર્યો. શરૂઆતમાં તો એ બાઘાની જેમ આમથી તેમ જોતો રહ્યો. પછી ત્યાં ટેબલનાં ખાના તરફ સંકેત કર્યો. એનો ચહેરો ભયભીત હતો. મને નવાઈ લાગી. તેમ છતાં હું ઊભો થઈને એ ટેબલ તરફ ગયો. ટેબલ ઉપર તથા આજુબાજુ બધું અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. કેટલાય કાગળો, પુસ્તકો આમ તેમ ફંગોળાયેલા પડ્યાં હતા. ટેબલના બધાં ખાનાં આખે આખા ખુલેલા હતા. જાણે કોઈએ કંઈક વસ્તુ શોધવા માટે ફાંફા મારીને બધી વસ્તુઓ આમથી તેમ ફગાવી દીધી હોય એવું લાગતું હતું.

મેં ફરી વોટ્સન સામે જોયું. એ હજુ પણ ભયાવહ નજરે ટેબલના જમણા ડ્રોવર તરફ આંગળી ચીંધી રહ્યો હતો. મેં તરત જ એ ડ્રોવર ખોલ્યું. એમાં એક લાલ કવરવાળી ડાયરી પડી હતી. એને ઉઠાવીને મેં ફરી વોટ્સન સામે જોયું. એણે જોરથી માથું હકારમાં ધુણાવ્યું. હું સમજી ગયો અને ડાયરીને આમથી તેમ ફંફોસીને પછી તેના બધા પાનાં ઉથલાવવા લાગ્યો. દરેક પાનામાં કંઈક લખ્યું

તો હતું, પરંતુ અત્યારે એ મને સમજાતું નહોતું.

પણ, મને નવાઈ એ લાગી હતી કે એવું તે આ ડાયરીમાં શું હશે કે વોટ્સન આટલી ગભરાયેલી હાલતમાં તેની તરફ જ ઈશારા કરી રહ્યો હતો...?

પ્રકરણ:૨ વોટ્સનની આપવીતી...

મારા ધ્રુજતા હાથમાં પેલી 'ભેદી' સંજોગોમાં મળેલી ડાયરી હતી. મને ખરેખર કંઈ જ સૂઝતું નહોતું કે હું શું કરું...? ક્યાં જાઉં...?

જેમ-તેમ કરીને અમે વોટ્સનને અમારી મેદાનવાળી જગ્યાએ લઈ આવ્યા. એને શરીરે સખત પરસેવો વળ્યો હતો અને એ જોરજોરથી શ્વાસ લઈ રહ્યો હતો. એ સુનમુન હતો. અમે એને પેલા મોટા પથ્થર પર બેસાડ્યો અને ચર્ચા શરૂ કરી.

'આપણી જોડે બધું ફિલ્મ જેવું બની ગયું, નહીં...?' વિલિયમ્સ બોલ્યો. અલબત્ત અત્યારે બધા એક જાતની આશ્ચર્યમિશ્રિત નિરાશામાં સરી પડ્યા હતાં. એકદમ સુન્ન થઈ ગયાં હતાં.

'ખબર જ ન પડી કે ક્યારે શું થઈ ગયું...' થોમસે સાથ પુરાવ્યો. પછી એ કોઈક ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયો. હું હજુ પણ એમ ને એમ જ...પૂતળાની માફક ઊભો જ હતો. હું એ દ્રશ્ય ભૂલી નહોતો શકતો. પહેલી જ વાર મેં કોઈ મરેલા માણસને એકદમ નજીકથી જોયો હતો. એ નિસ્તેજ, નિર્જીવ દેહ મારી આંખો સમક્ષ હજુ પણ તરવરતો હતો. હમણાં જ બોલાઈ ગયેલા વાક્યો પણ મને અસ્પષ્ટ સંભળાતા હતા.

'આ એલેક્સના હાથમાં કોઈક ડાયરી છે એ જ બધી ફસાતની જડ હોય એવું લાગે છે...નહીં એલેક્સ ?' જેમ્સે અચાનક મારું નામ લીધું એટલે મારી તંદ્રા તૂટી. મેં એ લોકોની સામે જોયું.

'દોસ્તો, નસીબે આપણને આવી અણધારી આફતમાં લાવી મૂક્યા છે.' મેં કહ્યું, 'હવે આપણી પાસે બે વિકલ્પ ઉદભવે છે. એક, કે આપણે આ ડાયરીને ફરીથી પ્રોફેસરના ઘરમાં યથાસ્થાને રાખી દેવી અને આપણા કામમાં લાગી જવું. અને બીજો, કે આ ડાયરીનો ભેદ અંધારામાં જ તીર મારીને આ સોલ્વ કરવો.' કહીને મેં ડાયરી ફરી ખોલી.

આથી વોટ્સનને એમ જ મૂકીને બાકીના બધાં મારી ફરતે ઊભા રહી ગયા...એ કુતુહલતાથી કે આ ડાયરીમા એવું તે હશે શું...?

'એક કામ કરીએ...અત્યારે આ ડાયરીમાંનું લખાણ જરા જોઈ તો લઈએ. પછી એના

આધારે જવું કે એને પ્રોફેસરના ઘરમાં મૂકી આવવી એની ચિંતા કરશું.' થોમસે કહ્યું. અને મને ડાયરી આપવા ઈશારો કર્યો. મેં એને એ આપી દીધી. પછી એણે એ ખોલી.

એની અંદરનું લખાણ જોઈને બધાં દંગ જ રહી ગયાં. બધાંની આંખો ફાટી પડી. અમારી સાથે આ બધું ખરેખર કોઈ ફિલ્મ જેવું કપોળ કલ્પિત જ થઈ રહ્યું હતું.

બહારથી પુસ્તક જેવી લાગતી એ ડાયરી હતી. પ્રોફેસરે એમાં કેટલાય અગડમ-બગડમ આંકડાઓ તથા લીટાઓ કરીને માહિતીઓ લખી હતી.

'વાઉ....! અમેઝિંગ...! આ તો બહુ ઈન્ટરેસ્ટિંગ છે !' તરત જ બાજુમાં ઉભેલો જેમ્સ બોલી ઊઠ્યો.

ત્યાર બાદ અમે થોડી ઘડીઓ તો પાનાં ફેરવી-ફેરવીને કુતૂહલતાથી જોયા કર્યું.

થોડી ઘણી બાબતો જે મને સમજાઈ એ મુજબ:

- એક તો એમાં કોઈક જગ્યાના અક્ષાંશ-રેખાંશની પૂરી માહિતી આપેલી હતી. કદાચ કોઈક ટાપુના એ અક્ષાંશ અને રેખાંશ હતા.

- એ પછી બીજા બે-ત્રણ પાનામાં સાહસિક પોતાની સાથે લઈ જાય એવી કેટલીયે વસ્તુઓ અને સામાનનું લિસ્ટ હતું. એ લિસ્ટને ત્યાર બાદ પ્રાથમિક અને ગૌણ એમ બે ભાગમાં વહેંચવામાં આવ્યું હતું.

- તો વળી એક જગ્યાએ એ કથિત ટાપુ પર પ્રાપ્ત થતી વનસ્પતિઓ તથા એ જ પ્રકારની કેટલીયે કુદરતી વસ્તુઓ ક્યાં ક્યાંથી મળી રહેશે એ વિશે લખેલું હતું.

આ બધી વાતો તો સામાન્ય જેવી લાગતી હતી. પરંતુ, અચાનક જ એક પાના પર મારી નજર ફરી અને હું થીજી ગયો. એ એક ખોપરીનું 'ડેન્જર' સાઈનવાળું મોટું નિશાન ચીતરેલું હતું અને એની બાજુમાં 'ટારગેટ' તથા 'બી એલર્ટ' એવા શબ્દો લખેલા હતા.

'એલેક્સ ! આ ડાયરીને પાછી મૂકી આવ. આમાં પડવા જેવું નથી.' થોડી વાર પછી નકારાત્મક વિચારસરણી ધરાવતો ક્રિક બોલી ઊઠ્યો.

'હા એલેક્સ, ક્રિકની વાત સાચી છે. આપણે શું કરવા એ પ્રોફેસરની અંગત લાઈફમાં રસ દાખવવો જોઈએ ?' થોમસે કહ્યું.

'પણ થોમસ, આ વાત કંઈ નાની-સુની ન કહેવાય. તું જે જે ઘટનાઓ બની એને નજર સામે રાખ. બોલ લેવા ગયેલો વોટ્સન ઘણી વાર પછી પણ પાછો નથી ફરતો...એને શોધવા ગયેલા આપણે એ ઘરમાં રહસ્યમય સંજોગોમાં વોટ્સનને બેભાન અવસ્થામાં જોઈએ છીએ...ત્યાં જ એ ઘરનાં માલિક પેલા પ્રોફેસર પણ આપણને...' હું જરાક અટકીને બોલ્યો, 'આપણને મૃત હાલતમાં મળે છે.'

મને વળી પાછું એ દ્રશ્ય યાદ આવી ગયું હતું. પણ એને નજર સામે ન રાખતાં હું સ્વસ્થ જ રહ્યો.

'હા એલેક્સ, આ બધી વાતો અજુગતી તો છે.' થોમસ વિચારમાં પડ્યો. પછી સફાળો બોલી ઊઠ્યો, 'આપણે પોલીસની મદદ લઈએ તો...?'

એની વાત મને ગમી તો ખરી, પરંતુ તરત જ મારા મનમાં એક ઝબકારો થતાં મેં કહ્યું, 'નહીં થોમસ, આપણે એમ નહીં કરી શકીએ. કારણકે એમાં ઊલટું આપણે ફસાઈ જશું. પ્રોફેસરનું ઘર આપણે સાવ ખુલ્લું જ મૂકીને આવ્યા છીએ એટલે પોલીસને એનાં દરવાજા પરથી આપણા બધાંના આંગળાની છાપ પણ મળી જશે. ઉપરાંત પોલીસ આપણા બધાની ત્યાં હોવાની હાજરી

પણ નોંધશે કેમકે એ ઘરમાં ન જાણે આપણી વિરુદ્ધના એવા કેટલાય પુરાવાઓ મળી શકે તેમ છે. અને આપણને આ બાબતમાં પૂરી ખાતરી નથી એટલે આપણે હમણાં પોલીસને કંઈ જ જણાવી શકીએ તેમ નથી.'

'ઓહ ! એ વાત બરાબર હોં યાર...' મારી વાતની ગંભીરતા થોમસ સમજી ગયો હતો. થોડી વાર કોઈ કંઈ બોલ્યું નહીં.

પછી એકાએક પથ્થર પર બેઠેલો વોટ્સન ચિત્કાર કરતો સળવળ્યો. ક્રિકે એ જોયું અને અમે બધાં વોટ્સનની નજીક જઈ પહોંચ્યા.

મેં જેમ્સને થોડે દૂર રહેલી અમારી હાઉસીંગ રેસિડેન્સીમાંથી પાણી લઈ આવવાનું જણાવ્યું. એ તરત દોડી ગયો.

ત્યાં જ વોટ્સન મારા શર્ટને પકડી લેતાં ગભરાટભર્યા અવાજે બોલ્યો, 'એકેલ્સ ! પેલા...' એણે ઘર તરફ ઈશારો કર્યો, 'પ...પ્રોફેસર...એ...'

મેં જવાબમાં માત્ર 'નકાર'માં માથું હલાવી દીધું. એ જોઈને વોટ્સન આભો જ બની ગયો. એનાં ચહેરાનું નુર ઊડી ગયું.

'એમાં આપણે કંઈ કરી નહીં શકીએ, પણ તું આ બધો શો બખેડો છે એ કહે.' થોમસે વોટ્સનને કહ્યું. આથી વોટ્સન થોડો સ્વસ્થ થયો અને બોલ્યો:

'મિત્રો, મને હજુ સુધી મનમાં બેસતું જ નથી કે આવી ખોફનાક ઘટના મારી સાથે બની ગઈ છે. હું તમને બધું વિગતે કહું છું, સાંભળો, મારાથી એટલી તાકાતથી કિક મરાઈ ગઈ હતી કે ફૂટબોલ સીધો પાછળના ભાગમાં આવેલા પ્રોફેસરના ઘર તરફ ફંગોળાઈ ગયો. પણ, મને અજુગતું ત્યારે લાગ્યું કે જ્યારે કાચ ફૂટવાનો અવાજ આવ્યો. મને થયું કે આવડો મોટો ફૂટબોલ ઘરની અંદર કેમ ઘૂસી શકે ? પણ પછી મારે બોલ લેવા જવાનું થયું એટલે હું ઘર પાસે પહોંચ્યો. ત્યાં મેં આજુબાજુ નજર કરી તો બોલ ત્યાં ઉપલા માળની બારી નીચે જ, જમીન પર પડ્યો હતો. મેં એ બારી જોઈ. એનો કાચ અડધી બાજુથી તૂટી ગયો હતો. હું સમજી ગયો કે બોલ એ બારી સાથે પટકાઈને નીચે પડ્યો હશે. હું બોલ લેવા આગળ વધતો જ હતો ત્યાં જ મને અંદરના ભાગમાંથી અમુક શખ્સોના જોરથી બરાડવાના અવાજો આવ્યા. આથી કુતૂહલવશ હું મુખ્ય દરવાજો ઉઘાડીને અંદર ગયો. હવે મને અવાજો સ્પષ્ટ સંભળાતા હતા. તેઓ જોરજોરથી ધમકીઓ ઉચ્ચારતા હતા. વધુ જાણકારી માટે હું એ જમણી બાજુના રૂમનાં ખુલ્લા બારણાને અડીને ઊભો રહી ગયો અને ધીમેથી એની આડમાંથી અંદર જોયું અને જોતાં વેંત જ મારા હોશ ઊડી ગયા. અંદર ચાર બદમાશ જેવા લાગતા માણસો પેલા પ્રોફેસરનું કોલર પકડીને તેમને ધમકાવી રહ્યા હતા. એમાંના બે જણા વારેઘડીએ આજુબાજુ રહેલી વસ્તુઓ ઝાટકાથી પાડી દેતા હતા અને ચારે બાજુ કંઈક શોધી રહ્યા હતા. પ્રોફેસરનો કોલર પકડીને ધમકાવી રહેલા એ માણસે કડકાઈથી પૂછ્યું, "બોલ નાલાયક...તેં અમારો માલ ક્યાં છુપાવ્યો છે ? સાલા, તેં તો છેલ્લા પાંચ વરસથી નાકમાં દમ કરી દીધો છે. બોલ, નહીં તો જાનથી મારી નાખીશ..." ત્યાં જ પેલા બે જણમાંથી એક મને જોઈ ગયો. "એય છોકરા...શું કરે છે અહીં...ઊભો રહે..." એનું વાક્ય પૂરું થયું એ પહેલાં હું ગભરાઈને મુખ્ય દરવાજા તરફ દોડ્યો. પણ...હજુ હું દરવાજાની બહાર નીકળી શકું એ પહેલાં તો બે જણાએ આવીને પાછળથી મારું મોં દબાવી દીધું અને મને ઢસડીને અંદર રૂમમાં લઈ ગયા. પેલા બંનેમાંથી એકે કહ્યું, "સરદાર ! આ આપણને જોઈ ગયો છે..." એટલે પ્રોફેસરને ધમકાવનાર માણસે મારી સામું કુટિલ હાસ્ય વેર્યું. "જવા ન દેશો આને..." કહીને એણે એક રૂમાલમાં પોતાની પાસે રહેલી એક

શીશીમાંથી થોડું પ્રવાહી રેડ્યું અને સીધો જ એ રૂમાલ પ્રોફેસરના નાકે દબાવી દીધો. પ્રોફેસર થોડી સેકન્ડો હલબલ્યા અને બેહોશ થઈને ઢળી પડ્યા.' વોટ્સન અટક્યો.

પાણી લેવા ગયેલો જેમ્સ પાછો આવી ગયો હતો એટલે વોટ્સને થોડું પાણી પીધું.

શ્વાસ થોડો હેઠો બેઠો એટલે એણે ફરી પાછું આગળ ચલાવ્યું:

'પ્રોફેસરને બેભાન કર્યા પછી તરત જ પેલા બંને જણાએ મારા હાથ પાછળની તરફ વાળીને જકડી રાખ્યા જેથી હું કોઈ વિરોધ ન કરી શકું. અને વળતી જ પળે પેલા સરદારે રૂમાલ મારા મોં પર દબાવી દીધો. પરંતુ મને કંઈ જ અસર થઈ નહીં. કદાચ એ સરદારે પ્રવાહી – કદાચ ક્લોરોફોર્મ – વાળા રૂમાલના ભાગને બદલે ઉંધો ભાગ મારા મોં પર દબાવી દીધો હતો. બસ... એ વખતે જ મને એક કરામત સુઝી. હું બેહોશ થવાનો ડોળ કરીને જમીન પર પડી ગયો. એકદમ નિશ્ચેતન રીતે પડ્યો રહ્યો. મારો આમ કરવાનો હેતુ એ જ હતો કે મારે એ જાણવું હતું કે એ બદમાશો અહીં શું શોધવા આવ્યા હતા ? લગભગ વીસેક મિનિટ સુધી શોધખોળના અવાજો મને સંભળાતા રહ્યા. મારી આંખો બંધ હોવાથી હું જોઈ તો નહોતો શકતો, પણ સાંભળી જરૂર શકતો હતો.' એ અટક્યો.

'પણ...પણ...પ...પ્રોફેસર...તો...' હું અચાનક બોલી ઊઠ્યો, 'એ તો મૃત્યુ પામ્યા છે. મેં મારા હાથે જ એમને તપાસ્યા હતા. એ નહોતા રહ્યા...!'

'એ તો મને પણ નથી ખબર.' વોટ્સન જવાબ આપતાં બોલ્યો, 'કદાચ વધુ પડતા ક્લોરોફોર્મ ડોઝને લીધે હોય...' એણે વાક્ય એમ જ છોડી દીધું. આ બાબતની હાલતુરંત કોઈને ખબર નહોતી.

'પછી શું થયું એ કહે.' થોમસે કહ્યું.

'પછી એ બદમાશો વીસેક મિનિટ સુધી આખા રૂમમાં શોધ-ખોળ કરતા રહ્યા. ત્યાર બાદ તેઓ મારી જમણી બાજુના રીડિંગ ટેબલને ફંફોસવા લાગ્યા. આ દરમિયાન મેં સહેજ આંખો ખોલીને એ લોકો શું કરે છે એ જોવાની કોશિશ કરી હતી. આખરે પાંચેક મિનિટ બાદ બદમાશો એક લાલ કવરવાળા કોઈક પુસ્તકના પાના ઉથલાવી રહ્યા હતા. “હમ્મ...યેસ...આ રહ્યું એ...” એનો સરદાર બોલી ઊઠ્યો. હું સતત એ તરફ જોયે રાખતો હતો. થોડી વાર સુધી તેઓ ત્યાં ટેબલ પર કંઈક કરતા રહ્યા. ત્યાં જ ખબર નહીં ક્યાંથી એક બદમાશનું ધ્યાન મારા તરફ ગયું. “સરદાર...આ હજી હોશમાં છે.” હું ધ્રુજી ઊઠ્યો અને જેમતેમ આંખો બંધ કરી દીધી. મારી આ બધી હરકત પેલો સરદાર જોઈ ચૂક્યો હતો. અને...એણે મારા પગ પર લાત ફટકારી દીધી, “બ્લડી બાસ્ટર્ડ...” એના મોંમાંથી ગાળ નીકળી અને હું ચિત્કારી ઊઠ્યો. બસ...એ પછી તો મને ખરેખર પેલું ક્લોરોફોર્મ સુંઘાડીને બેહોશ કરી દેવામાં આવ્યો. મારી આંખ ખૂલી ત્યારે તમે લોકો મારી સામે હતા.'

વોટ્સનની આપવીતી સાંભળીને બે-પાંચ મિનિટ બધાં શાંત થઈ ગયા. અને એ જ વિચારતા રહી ગયા કે આખરે આ બધું થઈ શું રહ્યું છે ??

'હવે આ ડાયરીનું કરવું શું યાર...?' જેમ્સ થોડી વાર પછી બોલ્યો.

'પણ એક મિનિટ...' ક્રિક બોલી ઊઠ્યો, 'વોટસનના કહેવા પ્રમાણે બદમાશો જો આ લાલ કવરવાળા પુસ્તકને ફંફોસતા હતા તો પછી એ લોકોનો હેતુ આ પુસ્તક એટલે કે ડાયરીમાંથી કંઈક મેળવવાનો જ હશે. પણ તો પછી તેઓ આ ડાયરી એમ ને એમ જ શું કામ છોડીને જતા રહે...? એટલા તો તેઓ મૂરખ નહીં જ હોય. આ વાત થોડી વિચિત્ર છે.'

'અને...અને એવું કેવી રીતે બન્યું કે બદમાશોએ પ્રોફેસરને વધુ પડતો ક્લોરોફોર્મ ડોઝ

આપીને મારી નાખ્યા અને વોટસનને એમ જ છોડી દીધો...જીવતો...!' જેમ્સે કહ્યું.

'હા...આ વાત ખરી છે.' વોટ્સને કહ્યું, 'પણ સૌથી પહેલાં આપણે આ પ્રોફેસરનું કોઈ પરિચિત હોય તો તેને જ વાત કરવી જોઈએ. માનું છું કે આપણે બધા સાહસિકો છીએ અને સાહસભરેલી સફરો ખેડીએ છીએ, પણ એ બધાને બાદ કરતાં આપણે સૌ પ્રથમ આ આખીયે વાતનો તાગ મેળવવાની કોશિશ કરવી જોઈએ.'

'હમ્મ...વાત સાચી છે તારી, વોટ્સન.' મેં કહ્યું. હું થોડી વાર ઊંડાણમાં વિચારતો રહ્યો. વળતી જ પળે હું સફાળો બોલી ઊઠ્યો, 'અરે...હા...મારા ધ્યાનમાં એક વ્યક્તિ છે જે આ પ્રોફેસરની ખૂબ નજીકની પરિચિત છે. હું આના પહેલાં એમને ઘણી વાર મળ્યો પણ છું. એમનું નામ...હા..બેન...! પ્રોફેસર બેન સ્વાઝેંગર. તેઓ પણ એક પ્રોફેસર છે. એક વાર તેઓએ જ આ ધૂની પ્રોફેસરના અવાવરા ઘર વિશે મને વાત કરી હતી.'

'ગુડ ! તો હાલતુરત તો આપણે એમને જ મળવું જોઈએ. તેઓ શું થાય છે આ પ્રોફેસરના ?' વિલિયમ્સે પૂછ્યું.

'નજીકના મિત્ર છે.' મેં કહ્યું, 'એક વાર એમણે વાત-વાતમાં મને આ બાબતે કહ્યું હતું.'

'એલેક્સ, પણ આ સ્વાઝેંગર તારા શું થાય છે ?' જેમ્સે "તારા" શબ્દ પર ભાર મૂકતાં પૂછ્યું.

'હા, એ મારા એક મિત્ર છે.' મેં ઉતાવળ કરતાં કહ્યું, 'ચાલો...ચાલો...અત્યારે જ એમને મળવું પડશે. કોણ-કોણ આવે છે મારી સાથે ?'

'અરે અમે બધા આવીએ જ છીએ, ભાઈ. હવે કામ હાથ પર લીધું જ છે તો બધા સાથે જ એને પાર પાડીશું.' વિલિયમ્સ ગર્વથી છાતી ફુલાવતા બોલ્યો.

એ જોઈને હું મંદ હસ્યો, 'ઓકે.'

આ તબક્કે મને સહેજેય થઈ ગયું કે જો આ રહસ્યમયી ડાયરીવાળી વાત નક્કર રીતે સાચી હોય અને એવા સંજોગો ઊભા થાય તો અમારી સાહસ ટોળીને ફરીથી એક રોમાંચક સફર ખેડવાનો અવસર મળી જાય. એક રીતે કહું તો આવી સફરો ખેડવાની અમારી 'હોબી'ને એક નવી મંજિલ એક નવી ઉંચાઈ મળે.

હવે એ જ જોવાનું હતું કે આખરે ડાયરીના એ 'ભેદી' લખાણનો શો 'ભેદ' નીકળે છે. શું પ્રોફેસર બેન એ ભેદ ઉકેલી શકશે...?

પ્રકરણ:૩ પ્રોફેસર બેનની મુલાકાત

વોટ્સનને અમે હાઉસિંગ રેસિડેન્સીમાં આવેલા એના ઘરે મૂકી આવ્યા હતા જેથી એ થોડો આરામ કરી શકે. અલબત્ત એની મમ્મીને આ બાબતે અમે કશું જ નહોતું જણાવ્યું. વોટ્સનને પણ અમે આ બાબતે એની મા સાથે કોઈ જ વાત નહીં કરવાની સલાહ આપી હતી.

વોટ્સનને તો અમારી જોડે જ, પ્રોફેસર બેન સ્વાઝેંગરના ઘરે આવવું હતું, પણ અમે

એને પરાણે એના ઘરે આરામ કરવાની ફરજ પાડી હતી.

પરંતુ....આ બધી પળોજણમાં મને ખબર નહીં કોણ જાણે કેમ, વોટ્સનની વાતો પર ભરોસો નહોતો બેસતો. એની વાત મને ઉપજાવી કાઢેલ લાગતી હતી. જરૂર કંઈક ગોટાળો, કંઈક ગરબડ છે એવું મને અંદર-અંદરથી લાગતું હતું. પણ, એ શંકાને હાલતુરત મુલતવી રાખીને હું મિત્રોને લઈને પ્રોફેસર બેનને ત્યાં જવા ઉપડ્યો.

મારા બધા મિત્રોના ઘર હું જે હાઉસિંગ રેસિડેન્સીમાં રહેતો હતો ત્યાં જ, થોડે-થોડે અંતરે આવેલા હતા. હાઉસિંગ રેસિડેન્સી 'સેન જોસ' વિસ્તારમાં આવેલી હતી અને ત્યાંથી લગભગ બે-ચાર કિલોમીટરના અંતરે આવેલા 'અલ્બિનો હરેરા' નામના માર્ગના છેડે જ પ્રોફેસર બેનનું સુંદર બે-મજલું મકાન આવેલું હતું. એમના મકાનની બરાબર સામે જ એક મોટું રમત-ગમતનું મેદાન હતું. પણ, હું એનાથી બહુ પરિચિત નહોતો.

***

અમે 'અલ્બિનો હરેરા'ના છેડે આવેલા પ્રોફેસર બેન સ્વાઝેંગરના મકાન પાસે પહોંચીને ઊભા રહ્યા.

'ભાઈ એલેક્સ ! તું પાક્કું ઓળખે તો છે ને એ બેન સ્વાઝેંગરને...?' ક્રિકે પૂછ્યું.

'અરે હા, મારા ભાઈ. ઓળખું જ છું. મિત્ર જ છે મારા એ.' મેં કહ્યું.

'લે...એવું કેવું ? આમ કહે છે કે પ્રોફેસર છે ને પાછો તું એક સ્ટુડન્ટ થઈને પ્રોફેસરનો મિત્ર છો !' વિલિયમ્સે ઠાવકાઈથી કહ્યું. એટલે મેં એની સામે જોયું:

'આપણે અંદર જશુંને એટલે તને બધી ખબર પડી જશે, હોં કે...' મેં પણ ઠાવકાઈથી જવાબ વાળ્યો. મારા જવાબથી વિલિયમ્સે ખભો ઉલાળ્યો.

આગળ વધીને મેં ડોરબેલ દબાવી.

અંદરના ભાગમાં બેલનો મીઠો અવાજ રણકી ઊઠ્યો.

થોડી ક્ષણો પછી પ્રોફેસરના પત્ની મિસિસ લીના સ્વાઝેંગરે દરવાજો ઉઘાડ્યો અને પહેલાં તો મારી સામે જાણે મને ઓળખવાની કોશિશ કરી રહ્યા હોય એવા ભાવ સાથે જોયું. પછી મારી પાછળ ઉભેલા મારા મિત્રો સામે પ્રશ્નાર્થ નજરે જોયું.

'મિસિસ લીના, હું એલેક્સ...પ્રોફેસરનો મિત્ર...નાનકડો લેખક...' મેં એમને મારી ઓળખાણ યાદ અપાવતાં કહ્યું.

'ઓહ એલેક્સ ! ઘણા દિવસે...?' મેં ઓળખાણ આપી એટલે એમને યાદ આવી ગયું. એમના મોંમાંથી આનંદ અને આશ્ચર્ય સરી પડ્યાં.

'હા...એક્ઝામ્સમાં લાગ્યો હતો ને એટલે.' મેં આગળ પૂછ્યું, 'પ્રોફેસર સાહેબ છે ઘરે ?'

'હા...' મિસિસ લીનાએ સ્મિત કરીને મારી પાછળ જોયું.

'આ મારા મિત્રો છે.' મેં મારા મિત્રોનો પરિચય આપ્યો અને કહ્યું, 'અમે સાહેબને એક જરૂરી વાત અંગે મળવા આવ્યા છીએ.'

જવાબમાં મિસિસ સ્વાઝેંગર મંદ-મંદ હસ્યાં. પછી કહ્યું, 'અંદર આવો...પ્લીઝ.'

અમે એમનાં સુંદર ઘરમાં પ્રવેશ્યા. સામે જ મોટો ડ્રોઈંગરૂમ હતો.

'બેસો. સાહેબ હમણાં આવતાં જ હશે.' કહીને મિસિસ સ્વાઝેંગરે સોફાસેટ તરફ ઈશારો કર્યો. અમે સોફાસેટની આજુબાજુ ગોઠવાઈ ગયા.

આ દરમિયાન મેં વિલિયમ્સ સામે મારી જીત સૂચવતો આંખનો ઈશારો કરી લીધો હતો.

એની ઠાવકાઈનો મારે જવાબ આપવો હતો એ મેં આપી દીધો.

એણે મારી સામે મોં બગાડ્યું.

'ઓહ હો...! એલેક્સ ! કેમ છો, મજામાં ?' સહસા એક ઘાટો અવાજ હોલમાં ગુંજી ઊઠ્યો. હું ઊભો થઈ ગયો. એ પ્રોફેસર બેન હતા. સાડા પાંચેક ફૂટની ઊંચાઈ, ફુર્તીલું બદન, યુવાની વટાવીને આધેડ-અવસ્થામાં પહોંચી ગયેલા પ્રોફેસરનો આછી-પાતળી કરચલીઓ ધરાવતો ચહેરો, નીલી આંખો...

'બેસ...બેસ...' કહીને એમણે મારો ખભો પકડીને મને પાછો બેસાડ્યો. પછી મારા મિત્રો સામે નજર કરી.

'પ્રોફેસર બેન, એ મારા મિત્રો છે.' મેં કહ્યું.

'ઓહ...ગુડ...ગુડ...' પ્રોફેસર બેને બધાની સામે જોતાં આનંદથી કહ્યું. પછી મારી સામે જોઈને બોલ્યા, 'શું કહે છે તારી કલમ ? હમણા ચલાવતો નથી કે શું ?'

'એવું એવું ચાલે છે.' મેં કહ્યું, 'હજુ સુધી કોઈ પબ્લિશર નથી મળ્યો. સ્ટ્રગલ ચાલુ છે.'

પ્રોફેસર બેન લીમામાં એક સાયન્સની ઈન્સ્ટીટયુટમાં કોઈક હોદ્દો ધરાવતા હતા. એમનાં વાંચવાના શોખને કારણે લગભગ બે એક વર્ષ પહેલાં એમણે મારો નાનકડો આર્ટિકલ એક મેગેઝીનમાં વાંચેલો. એ પછી પબ્લિક ગાર્ડનમાં અમારી મુલાકાત થઈ ગયેલી. મેગેઝીનમાં મારો નાનકડો ફોટો છપાતો હોવાને કારણે તેઓ મને ઓળખી ગયા અને મને એમના ઘરે આવવાનું આમંત્રણ આપ્યું. એમને કોણ જાણે કેમ મારામાં રસ પડ્યો હતો અને મને વધારેને વધારે લખવા માટે પ્રેરણા આપવાની એમની ઈચ્છા હતી. ઉપરાંત મારું મારી ટીમ સાથે લીમાના સાહસિકોની યાદીમાં નામ પણ છપાયું હતું. બસ, ત્યારથી તેમની અને મારી વચ્ચે, તેઓ પ્રોફેસર હોવા છતાં પણ, મિત્રતા જેવો સંબંધ છે. અલબત્ત, મારા મિત્રોને તેઓ નહોતા ઓળખતા.

'તારે સ્ટ્રગલ ચાલુ જ રાખવાની છે, એલેક્સ !' પ્રોફેસર બેને કહ્યું.

'ચોક્કસ, પ્રોફેસર સાહેબ.' હું હકથી બોલતો હોઉં એમ બોલ્યો.

થોડી વાર પછી મિસિસ લીના બધા માટે કોફી અને નાસ્તો લઈ આવ્યા એટલે સૌએ એને ન્યાય આપ્યો. છેલ્લે બધું પત્યું એટલે પ્રોફેસર બેને મને પૂછ્યું,

'આજે ઘણા દિવસે અહીં આવ્યો. અને આજે તો તારા મિત્રો પણ આવ્યા છે. કોઈ ખાસ કામ પડ્યું છે મારું કે શું ?'

'હા, ખાસ જ સમજી લો.' મેં કહ્યું. મને ફરી થોડી બેચેની થવા લાગી હતી. વળી પાછો હું એ ના એ જ ગોઝારા દ્રશ્યમાં ગોથાં ખાવા લાગ્યો.

- વોટ્સનનું રહસ્યમય રીતે મોડું થવું...
- અમારું એ ધૂની પ્રોફેસરના અવાવરા ઘરમાં જવું...
- સ્ટડીરૂમમાં એક બાજુ વોટ્સનનું બેહોશ શરીર અને બીજી તરફ પ્રોફેસરની લાશ...!

'શું વિચારે છે, એલેક્સ !' અચાનક પ્રોફેસર બેનના અવાજે મને ઝબકાવી મૂક્યો. હું સફાળો તંદ્રામાંથી બહાર ખેંચાઈ આવ્યો. હજુ પણ બેચેની ચાલુ જ હતી.

મારી સાથે સાથે થોમસ, વિલિયમ્સ, ક્રિકના ચહેરા પણ ઊતરી ગયેલા મેં જોયા.

'ઓ એલેક્સ !' પ્રોફેસર બેને મારો ખભો પકડી લીધો, 'શું થયું છે ? જે વાત લઈને તું મારી પાસે આવ્યો છે એ વાત મને કહે તો કંઈક સમજીશ ને હું.'

'હ...હા...હું...કહું છું...' મેં સ્વસ્થ થતાં મારી વાત રજુ કરી, 'પ્રોફેસર સાહેબ, મારી

હાઉસિંગ રેસિડેન્સી નજીક આવેલા પેલા પહાડની તળેટીમાં એકલું અટુલું એક ધૂની પ્રોફેસરનું ઘર છે...'

'એન્ડરસન !' પ્રોફેસર બેન વચ્ચેથી જ બોલ્યા, 'માર્ટીન એન્ડરસનનું ઘર છે એ. હા તો એનું શું છે ?'

'...તો આજે તેઓ અમને...મૃત હાલતમાં એમના સ્ટડીરૂમમાં મળ્યા...' હું આગળ બોલી ન શક્યો. સતત પ્રોફેસર બેનના ચહેરાને કળતો રહ્યો.

મારી વાત સાંભળીને સોફા પર ટેકો દઈને બેઠેલા પ્રોફેસર બેન એકદમ બેઠા થઈ ગયા, 'શું વાત કરે છે તું, એલેક્સ ! મૃત હાલતમાં મળ્યા એટલે...?'

'એટલે...કદાચ...બળજબરીથી એમનું મર્ડર કરવામાં આવ્યું છે.' ગળે થુંક ઉતારતાં મેં કહ્યું.

'હા, પ્રોફેસર બેન, આ વાત સાચી છે.' બીજા સોફા પર બેઠેલા થોમસે મારી વાતમાં સાથ પુરાવ્યો. એ પછી અમે અમારી સાથે બનેલી બધી ઘટનાઓ એક પછી એક કરીને પ્રોફેસર બેનને કહી સંભળાવી. પ્રોફેસર બેન થોડી ક્ષણો વિચારતા રહ્યા. પછી શૂન્યમાં નજર તાકતા બોલ્યા, 'છોકરાઓ...આ બધું ખૂબ જ વિચિત્ર બની ગયું તમારી સાથે ! પણ...વોટ્સનની વાત પરથી એવું જ લાગે છે કે બદમાશોએ ક્લોરોફોર્મના વધુ પડતા ડોઝથી એન્ડરસનનું મર્ડર કર્યું છે. જેવા કામો એન્ડરસન કરતા હતા એના કારણે આમ થવું શક્ય જ છે.'

'કેવા કામો, પ્રોફેસર બેન ?' મેં પૂછ્યું.

'તેઓ ઘણી વાર મને મળતા અને દર વખતે પેસિફિક મહાસાગરમાં ક્યાંક આવેલા કોઈક 'સ્પેક્ટર્ન' ટાપુની ભૌગોલિક સ્થિતિઓ અંગે ચર્ચાઓ કર્યા કરતા. મારું ભૌગોલિક શાસ્ત્ર સારું છે તેથી તેઓ મારી પાસેથી ઘણી-ખરી માહિતીઓ ઉઘરાવીને પોતાની લાલ કવરવાળી ડાયરીમાં નોંધ કર્યા કરતા...'

'એક મિનિટ પ્રોફેસર સાહેબ,' હું વચ્ચેથી જ એમને અટકાવતાં બોલ્યો, 'તમે કદાચ આ જ ડાયરીની તો વાત નથી કરી રહ્યા ને ?' મેં મારા પેન્ટના ગજવામાંથી પેલી લાલ કવરવાળી ડાયરી કાઢી.

તરત પ્રોફેસર બેને એ લઈ લીધી, 'હા...આ જ તો હતી એ ડાયરી...' કહીને એના પાનાં ફેરવવા લાગ્યા, 'આ જ છે બધી ફસાતની જડ, એલેક્સ ! આ જ છે...' ડાયરીમાં જ નજર કરતાં તેમણે કહ્યું. પછી ડાયરી બંધ કરી, બાજુ પર મૂકીને આગળની વાત કહેવા માંડી, 'છોકરાઓ, એ પ્રોફેસર એન્ડરસનને એ 'સ્પેક્ટર્ન' ટાપુમાં કોણ જાણે એટલી તો દિલચસ્પી હતી કે એમણે મારી પાસે એ ટાપુનો એક નકશો પણ બનાવડાવ્યો હતો. અલબત્ત કાચો નકશો તેઓ પેલા બનાવી ચૂક્યા હતા, પણ સાચાં ભૌગોલિક સ્થાન વાળો નકશો એમણે મારી પાસે બનાવડાવ્યો હતો. એ નકશો તો તેઓ લઈ ગયા હતા, પણ સાવચેતી તરીકે મેં પણ એક કોપી બનાવી લીધી હતી.' એ ઊભા થયા અને થોડે દૂર રહેલા એક ટેબલના ખાનાઓમાંથી કંઈક શોધવા લાગ્યા. શોધતાં-શોધતાં એ એમણે આગળ ચલાવ્યું, 'એ ટાપુનો સંબંધ "લીમાના લોકોની અમાનત" સાથે છે એમ તેઓ અવારનવાર કહ્યા કરતા. પોતે બે-ત્રણ વખત એ ટાપુ પર જઈ પણ આવ્યા છે એવું પણ એમણે કહ્યું હતું. અને...' પ્રોફેસર બેન અટક્યા અને સામે પડેલા બીજા ગોળાકાર ટેબલ પાસે જતાં બોલ્યા, 'અને મને એ વખતે આવી ખબર ક્યાંથી હોય કે એમની એ ડાયરી જ એમના મોતનું કારણ બનશે. એક તો હતા ધૂની ને ઉપરથી નકશો બનાવવા મારી પાછળ પડી ગયા હતા આથી મને એવું જ લાગેલું કે હશે

એમને કંઈક કામ નક્શાનું એટલે મેં એ બનાવી દીધો હતો.' કહીને તેઓ ખાના ફંફોસવા લાગ્યા. એકાએક એમના હાથે એક કાગળ સ્પર્શ્યો. એને તેમણે બહાર કાઢ્યો. પછી બોલી ઉઠ્યા, 'યસ ! આ રહ્યો...એ સ્પેક્ટર્ન ટાપુનો નક્શો...' એ પાછા સોફા પર આવીને બેઠા. એમના હાથમાં પ્રમાણમાં સહેજ મોટો કહી શકાય એવો એક કાગળ હતો.

કાગળને જોતાં જ મારા બીજા મિત્રો સામેના સોફા પરથી ઊભા થઈને મારી નજીક આવી ગયા.

પ્રોફેસર બેને એ કાગળ ખોલ્યો.

ધીમે ધીમે ગડી કરેલો કાગળ ખુલ્યો અને અમારી સામે એક નક્શો ચમકવા લાગ્યો. નક્શાને જોઈને પ્રોફેસર બેન સિવાય બધાની આંખો ફાટી પડી. એ નક્શો આવો હતો:



આખોય નક્શો અમે કુતુહલતાથી જોઈ જ રહ્યા. નક્શામાં વચ્ચેથી બે ભાગમાં વહેંચાયેલો એક ઊંચો પહાડ નજરે પડ્યો. પહાડની આજુબાજુ લગભગ બધે ઘેરા રંગથી ચિત્રિત થયેલું જંગલ ફેલાયેલું હતું. આ તરફ પશ્ચિમના સમુદ્ર તરફથી ઉદભવતી નાનકડી નદી દેખાઈ જે જંગલ અને પહાડની વચ્ચેથી સર્પાકારે વહેતી ઉત્તર-પૂર્વના સુષ્ક મેદાની પ્રદેશમાં થઈને પૂર્વ તરફના સમુદ્રમાં મળતી હતી. ત્યાં જ પૂર્વમાં એક જૂની-પુરાણી બોટ દેખાતી હતી. એ ત્યાં શા માટે હશે એ કોઈ જ નહોતું જાણતું. આ ઉપરાંત દક્ષિણ તરફ થોડા ખડકો પાસે અમે એક કરચલા (Crab)નું નિશાન જોયું. આ પણ એક રહસ્ય હતું. અને સૌથી મોટું રહસ્ય હતું પેલા પહાડ પાસેના ગાઢ જંગલમાં અંકિત થયેલા 'ડેન્જર' તથા 'ખોપરી'ના નિશાનો...! એ ત્યાં શા માટે હશે એતો પ્રોફેસર એન્ડરસન જ કહી શકે તેમ હતું.

અમે નક્શો જોઈ રહ્યા હતા ત્યારે પ્રોફેસર બેન આગળ વધીને સોફા પર પડેલી પેલી

લાલ કવર વાળી ડાયરી ઊંચકી લાવ્યા, 'પરંતુ એલેક્સ, તમે લોકો કહો છો કે પેલા બદમાશો આ ડાયરી લીધા વિના જ ચાલ્યા ગયા...?! આવું કેવી રીતે બને ? કારણ, કે આ ડાયરી જ એકમાત્ર એવી વસ્તુ છે કે જેમાં રહેલા કોઈક ભેદી રહસ્યને પામવા માટે એ બદમાશોએ પહેલાં પ્રોફેસરને મારી નાખ્યા. અને પછી ડાયરી લીધા વગર જ ઉપડી ગયા...?'

પ્રોફેસર બેને પણ એ જ વજૂદ વાળી વાત કરી કે જે અમારા મગજમાં પણ અગાઉ ઉદ્ભવી ચૂકી હતી.

આવી વિચિત્ર બાબતોનો અત્યારે કોઈ મેળ સધાતો નહોતો.

'પણ એલેક્સ, આ ડાયરીનો આ નકશા સાથે સો એ સો ટકા સંબંધ છે. કંઈક તો છે અહીં જે ભેદી છે...ગૂઢ છે...' પ્રોફેસર બેને આગળ ધપાવ્યું અને ડાયરી ખોલી. હું એમની સામે જ જોઈ રહ્યો હતો. તેમણે થોડા-ઘણાં પાનાં ઉથલાવ્યા. પછી જ્યારે ચહેરો ઊંચો કર્યો તો મને એમનો ચહેરો ચિંતાતુર અને નિશ્ચયધારી લાગ્યો.

'શું કહે છે એલેક્સ ! મારી સાથે આવીશ...? આ બધા બખેડાનો ભેદ ઉકેલવા ?' અચાનક પ્રોફેસર બેનના અવાજમાં ગંભીરતા છવાઈ ગઈ, 'આમ પણ તું અને તારી ટીમ સાહસિકો છો...સાહસો સામે બાથ ભીડવા હંમેશા તૈયાર રહો છો. તો આજે હું તને સ્પષ્ટ પૂછું છું કે શું તું અને તારા મિત્રો મારી મદદ કરી શકશો ? મારા સ્વર્ગસ્થ મિત્રના ઋણી બની શકશો ? ગમે તેમ તોય એન્ડરસન મારો મિત્ર હતો. એનાં આમ અચાનક જ થયેલા કમોતથી મારું હૈયું હચમચી ગયું છે. મેં મિનિટના છઠા ભાગમાં જ નિશ્ચય કરી લીધો છે કે એન્ડરસનનું બાકી રહેલું કામ હું પૂરું કરીશ. બોલ એલેક્સ, આવવા માટે તૈયાર છે...?' કહીને તેઓ મારા ચહેરાને તાકી રહ્યા. હું પણ એમના ચહેરાને જોઈ રહ્યો. એમનો દ્રઢ નિશ્ચયવાળો એ ચહેરો મને એમની સાથે જોડાવા માટે જાણે ઉત્સાહ અને જોમ આપી રહ્યો હતો.

મેં મારા મિત્રો સામે જોયું.

દરેકના ચહેરા પર એવું જ દ્રઢ મનોબળ છવાયેલું હતું કે જેવું પ્રોફેસર બેનના ચહેરા પર હતું.

મેં ઈશારાથી જ બધાને જવાબ આપી દીધો અને પ્રોફેસર બેનનો હાથ પકડીને કહ્યું, 'પ્રોફેસર બેન, માત્ર હું જ નહીં, મારી ટીમ પણ આ સફરમાં તમારી સાથે જોડાવા માટે તૈયાર છે. તમારે કશી જ ચિંતા કરવાની જરૂર નથી. તમે એકલાં નથી. અમે પણ તમારી સાથે જ છીએ. હવે તો પ્રોફેસર એન્ડરસનનું અધૂરું કામ પૂરું કરીને જ રહીશું. આ મારું વચન છે.'

મારી વાત સાંભળીને પ્રોફેસરનો ચહેરો દ્રઢતાની સાથે સાથે ઝળહળવા લાગ્યો.

પ્રકરણ:૪ યોજના...!

...હવે તો પ્રોફેસર એન્ડરસનનું અધૂરું કામ પૂરું કરીને જ રહીશું. આ મારું વચન છે...

મારા અંતરમનમાં મેં બોલેલા આ શબ્દો ગુંજતા હતા. અલબત્ત, મને અંદરથી પણ થતું હતું કે મારે પ્રોફેસર બેનને મદદ કરવી જ જોઈએ. પરંતુ આ વખતની સફર જરા જોખમી હોય એવું મને લાગતું હતું. આ અગાઉ હું મારી ટીમ સાથે પેરુના 'રોક માઉન્ટેન' જેવા પહાડો પર ટ્રેકિંગ કરવા તથા પેરુના ખૂબ જ પ્રખ્યાત અને 'સેવન વન્ડર્સ ઓફ ધી વર્લ્ડ'માં સ્થાન પામેલા 'મચ્ચુ પીચ્ચુ' જેવા સ્થળોએ જઈ આવ્યા હતા. આ ઉપરાંત ઉત્તર-પશ્ચિમ પેસિફિક મહાસાગરમાં આવેલા દ્વીપસમૂહ 'ગાલાપેગોસ' જઈને સંશોધન કરવાની સફર પણ અમે એકલે હાથે ખેડી હતી. અમારી એ છેલ્લી સફરને કારણે જ અમારું નામ લીમાના સાહસિકોની યાદીમાં છપાયું હતું.

બસ. આ હતો અમારો ટૂંકો પરિચય. અમે સાહસિકો હતા એમાં કોઈ સવાલ નહોતો, પણ આ વખતની સફરને જોતાં અમારે થોડા સાવચેત રહેવાની જરૂર હતી. આથી મને મનમાં સતત એ જ ખટકો રહ્યા કરતો હતો કે – મેં પ્રોફેસર બેનની મદદ કરવાની તત્પરતા બતાવી તો છે પણ શું હું અને મારી ટીમ આ સફર ખેડી શકીશું ? પણ પછી બીજી જ પળે મેં નક્કી કરી લીધું કે ગમે તે થાય, હાથ પર લીધેલું કામ તો પૂરું કરવું જ છે. જો એક સાહસિક જ સાહસ સામે ટક્કર નહીં લે તો એ સાહસિક શાનો !

હું પથારીમાં બેઠો થયો ત્યારે સવાર એકદમ ખીલી ઊઠી હતી. મેં ઘડિયાળમાં જોયું. નવ વાગવામાં પાંચ મિનિટ બાકી હતી.

ગઈ કાલે રાત્રે હું સતત અમારી સાથે બની ગયેલી ઘટનાઓ અંગે જ વિચારતો હતો એટલે રાતે સુવામાં પણ મોડું થઈ ગયું હતું.

થોડી જ વારમાં દૈનિક ક્રિયાઓ પતાવીને મેં પ્રોફેસર બેનને ટેલિફોન જોડ્યો. સામે છેડેથી પ્રોફેસર બેનનો અવાજ સાંભળતાં જ મેં કહ્યું, 'હેલ્લો પ્રોફેસર બેન ! હું એલેક્સ. ગઈ કાલની વાત અંગે ફોન કર્યો છે.'

'હા એલેક્સ. બોલ.'

'પ્રોફેસર બેન, મેં તમારી સાથે સફરમાં જોડાવાનું હવે ફાઈનલ કરી દીધું છે તો એના માટેની જરૂરી યોજના બનાવવી પડશે અને તૈયારી પણ કરવી પડશે...'

'હા...યોજના તો બનાવવી જ પડશે, એલેક્સ. હું પણ એ જ વિચારમાં હતો ત્યાં તારો ફોન આવ્યો.'

'તો પછી કેવી રીતનું કરીએ ?' મેં પૂછ્યું.

'એલેક્સ, હું તો કહું છું કે તું તારા મિત્રોને લઈને આજે જ મારા ઘરે આવી જા. આ મામલામાં બહુ ઢીલ નથી કરવી.'

'ઠીક છે પ્રોફેસર, હું મારા મિત્રો સાથે દસ વાગે ત્યાં આવી જાઉં છું.'

'ઓ.કે. મોસ્ટ વેલકમ માય બોય.' પ્રોફેસર બેને કહ્યું એટલે મેં રિસિવર મૂકી દીધું. પછી હું એમના ઘરે જવાની તૈયારી કરવા લાગ્યો.

***

અત્યારે હું મારા મિત્રો સાથે 'અલ્બિનો હરેરા' માર્ગના છેડે આવેલા પ્રોફેસર બેનના ઘરે બેઠો હતો.

આજે તો વોટસન પણ અમારો સાથ આપવા અમારી સાથે આવ્યો હતો.

મેં થોમસ, વિલિયમ્સ, જેમ્સ...બધાના ચહેરા સામે જોયું. દરેકના ચહેરા પર એક જાતનું દ્રઢ મનોબળ છવાયેલું હતું. એ જ વખતે થોમસ પણ મારા ચહેરા સામે જોવા લાગ્યો. અને...અમારા વચ્ચે ઈશારાથી જ વાતચીત થઈ. જાણે ઈશારામાં એ કહેતો ન હોય કે – ડોન્ટ વરી એલેક્સ ! આ વખતે પણ આપણે કરી બતાવશું !

'હેલ્લો એવરીવન !' ત્યાં જ અંદરનાં રૂમમાંથી પ્રોફેસર બેન બહાર આવ્યા અને અમારો ઈશારાનો સંબંધ તૂટી ગયો.

'હેલ્લો પ્રોફેસર બેન !' મેં કહ્યું. પાછળથી મારા મિત્રોએ પણ એક પછી એક કરીને પ્રોફેસર બેન સાથે હાથ મિલાવીને હેલ્લો કર્યું.

'ઓલ રાઈટ. જવા માટે તૈયાર છો ને બધા ?' પ્રોફેસર બેને એક પછી એક કરીને અમારા ચહેરા પર નજર કરતાં પૂછ્યું.

'અરે પ્રોફેસર સાહેબ ! અમને એક વાર મોકો તો આપો...બધું હલાવી દઈશું.' આ વખતે જેમ્સે કહ્યું. એની વાતમાં સાથ પુરાવીને થોમસ બોલ્યો, 'હા પ્રોફેસર સાહેબ, તમે યોજના બનાવવાનું ચાલુ કરો. પછી એ સ્પેક્ટર્ન ટાપુ છે ને અમે છીએ. કોઈ રોકી નહીં શકે અમને.'

'ગુડ ગુડ માય બોયઝ.' કહીને પ્રોફેસર બેને ટેબલ નીચેથી એક કાગળ કાઢ્યો અને ટેબલ પર અમારી સામે મૂકી દીધો. પછી કહ્યું, 'આમાં આપણી યોજનાનો પ્રથમ તબક્કો છે, દોસ્તો. આજે સવારે જ જ્યારે એલેક્સનો ફોન આવ્યો એ પછી આ તૈયાર કર્યું છે. આને તૈયાર કરવા માટે મેં એન્ડરસનની ડાયરીનો પણ ઉપયોગ કર્યો છે. કેમકે એની ડાયરીની માહિતી વગર એ શક્ય નહોતું.'

મેં માથું હલાવ્યું.

એ પછી પ્રોફેસર બેને કાગળ મને આપ્યો, 'તમે લોકો એક પછી એક વાંચી જાઓ. આ બધી તૈયારીઓ કરવાની રહેશે.'

મેં કાગળ લીધો. એમાં આ મુજબની માહિતીઓ હતી:

સાથે લઈ જવાની જરૂરી સામગ્રી

- હોકાયંત્ર, ભૂપૃષ્ઠને લગતાં સાધનો, અક્ષાંશ-રેખાંશ માપક, એક મોટો સમેટી શકાય તેવો તંબુ, બે કેમેરા.

- દરેકનાં વધારાના બે જોડી કપડાં, આશરે એક મહિનો ચાલે તેટલો ખોરાક (સુકવેલું માસ, બિસ્કીટના ડબ્બા, ટોસ્ટ તથા બ્રેડના ડબ્બા, ખાંડ, કૉફીના પેકેટ, દૂધનો પાવડર વગેરે)

- વાસણો, પ્રાથમિક સારવારનું બોક્સ અને દવાની પેટી, બધા માટે ટોર્ચ અને બેટરીઓ

- કાંડા ઘડિયાળ, છ ચાકુ, છરા, એક રિવોલ્વર, એક રાઈફલ, દારૂગોળો, બે બોમ્બ.

બસ. લિસ્ટમાં આટલું લખ્યું હતું.

મેં લિસ્ટ વાંચીને થોમસને આપ્યું. ત્યાં અચાનક જ મારી બાજુમાંથી એક મોટો પડછંદ કૂતરો પૂંછડી પટપટાવતો પ્રોફેસર બેન પાસે જઈ પહોંચ્યો. આમ અચાનક કૂતરાને આવેલો જોઈને હું ડઘાઈ ગયો. પછી પૂછ્યું, 'હેં પ્રોફેસર બેન... તમે આને ક્યારે પાળ્યો ? મને તો ખબર જ નથી.'

મેં અચાનક જ પૂછ્યું એટલે થોમસે કાગળ વાંચતા-વાંચતા એનું મોં ઊંચું કર્યું. વોટસન, વિલિયમ્સ વગેરે પણ એ ભરાવદાર કૂતરા સામે જોઈ રહ્યા.

'અરે એલેક્સ ! આ ટોમી છે. હજુ ત્રણ મહિના જ થયા છે. છતાં એ મને એનાં જીવથી પણ વધારે પ્રેમ કરે છે.' કહીને પ્રોફેસરે ટોમીના ગળા પર હાથ ફેરવ્યો અને અંદર એનાં બિસ્કીટ લેવા ગયા. થોડી વાર પછી એ બિસ્કીટ લઈને પાછા આવ્યા ત્યારે અમે બધાએ લિસ્ટ વાંચી લીધું

હતું.

પ્રોફેસરે એક બાઉલમાં થોડા બિસ્કીટ કાઢીને આપ્યા એટલે ટોમી પુંછડી હલાવતો એ ખાવા મંડી પડ્યો.

પછી બિસ્કીટનું પેકેટ બાજુ પર મૂકીને પ્રોફેસર પાછા સોફા પર બેઠા.

મેં લિસ્ટ વાળો કાગળ પાછો ટેબલ પર મૂક્યો ત્યાં જ વોટસને કહ્યું, 'પણ પ્રોફેસર સાહેબ, બીજું બધું તો સમજ્યા, પણ રિવોલ્વર, દારૂગોળો, બોમ્બ...આ બધી હિંસક વસ્તુઓ તો કોઈ પાસે નથી તેમ તેનું લાઈસન્સ પણ નથી.'

'એ હિંસક વસ્તુઓ માટે તમે તાણ ન રાખશો. લાઈસન્સ સાથેની રિવોલ્વર અને રાઈફલ તો છે મારી પાસે. બાકીના બોમ્બ અને દારૂગોળાની વ્યવસ્થા મારો મિત્ર કરશે. એ લીમાનાં નૌકાદળમાં છે અને સાહસિક પણ ખરો. મારા ખાતર એ નૌકાદળના શસ્ત્રાગારમાંથી દારૂગોળો અને બોમ્બની વ્યવસ્થા કરવાનું કામ કરી જ શકશે. કોઈ જ ચિંતાની વાત નથી. એ બધું સંભાળી લેશે.'

પ્રોફેસર બેનની વાતથી થોડી ધરપત થઈ હતી.

'હવે સાંભળો યોજનાનો બીજો તબક્કો...' એમણે આગળ ચલાવ્યું, 'આપણે બે દિવસ પછી એટલે કે શુક્રવારે નીકળી જશું. આજે બુધવાર છે. બે દિવસમાં તમે લોકો તૈયારી કરી લો. શુક્રવારે આપણે એક પ્રાઈવેટ કેબિન ક્રુઝરમાં જવાનું છે અને એ બધું ફિક્સ...'

'પણ, નૌકાદળનાં શસ્ત્રાગારમાંથી કઈ રીતે દારૂગોળાની વ્યવસ્થા થશે ? નૌકાદળના તો બધા હિસાબો કડક અને ક્યાંય પણ લિક ન થાય એવા હોય...' જેમ્સે ત્વરિત સવાલ કર્યો. ઘણો જ અગત્યનો સવાલ.

'તમારી મૂંઝવણ હું સમજી ગયો છોકરાઓ, પણ તમે એ બાબતે બિલકુલ નચિંત રહો. મારો મેક્સ એ બધું સંભાળી લેવાનો છે...'

'મેક્સ કોણ ?' મેં પૂછ્યું.

'મેક્સ એ જ નૌકાદળનો મારો મિત્ર જેની મેં તમને હમણાં વાત કરી. એ જ આપણને ટાપુ સુધી લઈ જશે. એ એક કુશળ નાવિક છે.'

પ્રોફેસર આ બધું શું આડું-અવળું બોલતા હતા એ જ મને તો સમજ નહોતી પડતી. પણ અત્યારે તો અમારે હા એ હા જ કર્યે રાખવાની હતી.

'એટલે તમારો એ મેક્સ પણ આપણી જોડે જ ટાપુ પર રહેશે ?' વિલિયમ્સે પૂછ્યું.

'હા...એ પણ આપણને સાથ આપવાનો છે.' પ્રોફેસર બેને કહ્યું અને આગળ વધાર્યું, 'હવે આપણો રોકાવાનો પ્રોગ્રામ પણ જાણી લો મિત્રો... આ સ્પેક્ટર્ન ટાપુના અક્ષાંશ-રેખાંશ પ્રમાણે આપણને ટાપુ સુધી પહોંચતા લગભગ આઠેક દિવસ થશે. નવમે દિવસે આપણે ટાપુ પર પગ મૂકીશું. હવે લિસ્ટમાં મેં જેમ લખ્યું છે તેમ લગભગ એક મહિનો થઈ રહે તેટલો ખોરાક લઈ લેવાનો છે. અત્યારે તો આપણે એક મહિનાની ગણતરી કરીને જ ચાલીએ છીએ.'

'પણ પ્રોફેસર સાહેબ, એક મહિનાની શોધ-ખોળ પછી પણ જો ભેદ ન ઉકેલી શકાયો તો ?' શાંત બેઠેલા ક્રિકે નકારાત્મક ઢબે કહ્યું.

'એક મહિનાની અંદર જ ભેદ ઉકેલવો પડશે, ક્રિક. આપણે એ કરવું જ પડશે. અને જો મહેનત કર્યા પછી પણ આપણે સફળ ન થયા તો લીમા પાછા ફરીશું. વધુમાં વધુ એક મહિનો આપણી પાસે હશે. એથી વધારે રોકાઈ શકાય એવું સ્પેક્ટર્ન ટાપુમાં કંઈ નથી.'

હવે પ્રોફેસર બેનની વાતથી મને રોમાંચ થતો હતો. શરીરમાં એક નવો ઉત્સાહ...નવું જોમ આવી ગયું હતું, કે ક્યારે અમે એ ટાપુ પર પહોંચીએ અને ક્યારે જૂના-પુરાણા એ ભેદનો પર્દાફાશ થાય.

'અને બીજી એક અગત્યની વાત કહી દઉં છોકરાઓ...' પ્રોફેસર અત્યંત રહસ્યમય રીતે બોલ્યા.

અમે એમની સામે મીટ માંડેલી રાખી. એમણે આગળ ચલાવ્યું, 'સ્પેક્ટર્ન ટાપુની આજુ-બાજુ લગભગ કંઈ નથી. એટલે શક્ય છે કે દરિયાઈ ચાંચિયાઓ પોતાના જહાજ સાથે વિસામો ખાવા માટે કે એમ સ્પેક્ટર્ન પર ઊતરે...'

ચાંચિયાનું નામ સાંભળતાં જ અમારે સજાગ થઈ જવું પડ્યું. સાથે જ હ્રદય પણ બે ઘડી જોરથી ધડકી ઊઠ્યું. ખૂંખાર દરિયાઈ લૂંટારાઓ એટલે કે પાયરેટ્સ જ આવી સફરોનું મોટામાં મોટું જોખમ હોય છે. ચોરી અને દાણચોરીના માલની આવા ચાંચિયાઓ એક ટાપુ પરથી બીજા ટાપુ પર હેરાફેરી કરતા રહે છે. સમુદ્ર પર જ એમનું જીવન હોય છે. પણ ચાંચિયાઓ પોતાનું ભલું થવા માટે કોઈને પણ ગણકારતા નથી અને ખૂન-ખરાબા સર્જતા હોય છે.

'...તો એ લૂંટારાઓ સામે ટકવું જરા મુશ્કેલ પડશે.' પ્રોફેસરે આગળ કહ્યું, 'આ સિવાય બીજું કોઈ ખાસ જોખમ નથી. એન્ડરસનના કહ્યા પ્રમાણે સ્પેક્ટર્ન પર લગભગ ખૂંખાર જાનવરો પણ નથી. છતાં આપણે સાવધાની તો રાખવી જ પડશે.'

'ચાંચિયાઓના દર્શન ન થાય એ જ સારું રહેશે.' થોમસે રમુજ કરી. પણ વોટસન લડવાના મુડમાં હતો, 'ભલે ને આવતા...આપણા હાથનો માર ખાઈને જશે...'

અમે લોકો તો બંનેની વાત સાંભળીને હસી પડ્યા. પ્રોફેસર બેનને પણ હસવું આવી ગયું.

થોડી વાર પછી પાછી શાંતિ પ્રસરી ગઈ.

'ચાલો...' પ્રોફેસર બેને ઊભા થતાં કહ્યું, 'હવે તમે લોકો કામે લાગી જાઓ.'

અમે પણ એમનું અનુકરણ કરીને ઊભા થયા. એમણે આગળ કહ્યું, 'તો હવે આપણે શુક્રવારે સવારે અહીં મારા ઘરે જ મળીએ છીએ. ચાલો, ઓલ ધી બેસ્ટ ટુ એવરીવન.'

'થેન્ક યુ પ્રોફેસર બેન ! આપણે ચોક્કસ કરી બતાવશું.' મેં એમની સાથે હાથ મિલાવતાં એમને વિશ્વાસ આપ્યો. એમણે પણ સામે વિજય સૂચવતો ઈશારો આપ્યો.

એમનાં ઘરેથી નીકળ્યા પછી મનમાં આ જ પ્રશ્ન ઘૂંટાતા હતા – આખરે આ મેક્સ અમને નૌકાદળનો દારૂગોળો કેવી રીતે લાવી આપશે ? અને પોતે અમને ટાપુ પર લઈ જઈ શકે એટલો સક્ષમ હશે કે કેમ ?

પ્રકરણ:૫ ઉપડ્યા...

પ્રોફેસર બેને કહી તો દીધું હતું કે મેક્સ બધું સંભાળી લેશે, પરંતુ તેમ છતાં મને બહુ જ અજુગતું લાગતું હતું.

નેવી(નૌકાદળ)ની કોઈ પણ વસ્તુ ખાનગી રીતે ઉઠાવી જવી એ કોઈ રમત વાત નથી હોતી. અને ઉપરાંત એ એક પ્રકારે ગુનો પણ બને છે.

હાલતુરત તો આ વાતનો કોઈ જવાબ જડતો નહોતો. એટલે એ વાતને પડતી મૂકીને હું સફરની તૈયારીમાં લાગી ગયો. પ્રોફેસર બેને યોજનાવાળા લિસ્ટની એક-એક કૉપી અમને દરેકને આપી દીધી હતી જેથી સૌ પોતપોતાની રીતે તૈયારી કરી શકે. ઉપરાંત પ્રોફેસરે જો કોઈ વધારાની વસ્તુ લેવાની હોય તો એની પણ સૂચના અમને આપી હતી. એટલે દરેકને જે કંઈ પણ સફરને લગતું અને લઈ જવા જેવું લાગે તો એને પણ સાથે લઈ લેવાની છૂટ હતી.

મેં કબાટમાંથી મારો મનપસંદ થેલો કાઢ્યો. એના પર થોડી ધૂળ જામી ગઈ હતી. ફૂંક મારી, હાથ થપથપાવીને મેં ધૂળ ખંખેરી.

એ મરુન કલરનો ખભે ઊંચકવાનો થેલો હતો. મારી દરેક સફરનો એ સાથી હતો. અમે બે વર્ષ પહેલાં ઉત્તર પેસિફિક મહાસાગરમાં આવેલા 'ગાલાપેગોસ' ટાપુઓની છેલ્લી સફર ખેડી ત્યાર પછી એ ધૂળ ખાતો કબાટમાં જ પડ્યો રહ્યો હતો. હવે ફરી પાછી એની જરૂર પડવાની હતી.

ત્યાર બાદ મેં ત્રણ-ચાર જોડી કપડાં થેલામાં નાખ્યા અને લિસ્ટ પ્રમાણેની બીજી વસ્તુઓ એક પછી એક થેલામાં નાખવા માંડી.

***

આજે હતો શુક્રવાર...!

સફરનો દિવસ આવી પહોંચ્યો હતો.

આજે હું રોજ કરતાં વહેલો ઊઠી ગયો હતો અને દૈનિક ક્રિયાઓ પતાવીને પેક કરેલા મારા સામાનને ચકાસતો હતો. ત્યાં જ બારણામાં મમ્મી ઊભેલી દેખાઈ.

'તૈયારી થઈ ગઈ, એલેક્સ ?' એણે નજીક આવતાં પૂછ્યું. એની આંખોમાં આજે મને એક અલગ જ ચમક દેખાતી હતી.

'યસ મોમ ! બધું થઈ ગયું.' મેં કહ્યું. સામે મેં પણ મારી આંખોમાં એના જેવી જ ચમક પાથરી દીધી.

એણે મારા ખભા પર હાથ મૂક્યો, 'એલેક્સ, આ વખતે જરા સંભાળજે. બે વર્ષ પહેલાં તું ગાલાપેગોસ ગયો ત્યારે તારી સાથે તારા કાકા હતા અને ગાલાપેગોસ દ્વીપસમૂહ પર તો થોડો-ઘણો માનવ વસવાટ પણ હતો. પરંતુ આ વખતે તારે એક ઉજ્જડ ટાપુ પર જવું છે... નિર્જન ટાપુ પર જવાનો ખતરો તું બરાબર જાણે છે.'

'મારા પર તને ગર્વ છે ને ?' મેં પૂછ્યું.

'હોય જ ને, એલેક્સ !' એણે ગર્વભેર કહ્યું.

'તો પછી તારે કોઈ જ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી. અને આ વખતે પણ પ્રોફેસર સાહેબ તો છે ને અમારી સાથે.'

મમ્મીએ સીધો જ કંઈ જવાબ ન આપ્યો. જાણે કોઈક ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગઈ હોય એમ એકીટશે મારા ખભા પાછળ તાકી રહી... શૂન્યમાં. પછી એણે મારી સામે જોયું, 'ઠીક છે, એલેક્સ. મને તારા પર પૂરેપૂરો ભરોસો છે. જા... તારું આગલું સાહસ સર કર.'

મેં એની સામે માત્ર સ્મિત જ ફરકાવી દીધું. એ સ્મિતમાં જ એને જવાબ મળી ગયો. પછી મેં ઉમેર્યું, 'અને આમ પણ અમે બધા વચ્ચે એક કોર્ડલેસ ફોન રાખવાના છીએ. જ્યારે સિગ્નલ મળશે ત્યારે ઘરે...તારી સાથે વાત કરી લઈશ.'

મમ્મી મંદ-મંદ હસી અને મારા ખભા પરથી હાથ લઈ લીધો. પછી મેં કહ્યું, 'પપ્પા તો હમણાં બે-ત્રણ દિવસ આઉટ ઓફ ટાઉન હશે...તો એમને મારા પ્રણામ કહેજે અને જરાય પણ ચિંતા કરવાની જરૂર નથી એમ એમને ખાતરી પણ આપજે.'

'હા ચોક્કસ !' મમ્મી આટલું જ બોલી અને હું મારો થેલો ખભે ભરાવીને મુખ્ય દરવાજા પાસે પહોંચ્યો. પછી એકદમ કંઈક યાદ આવ્યું હોય એમ અંદરના રૂમમાં દોડીને ગયો. કબાટ ખોલ્યો અને થોડા ગરમ કપડાં સાથે લઈ લીધા. મને અચાનક જ યાદ આવ્યું હતું કે પ્રોફેસર બેને અમને ગરમ કપડાં પણ સાથે લઈ લેવાનું કહ્યું હતું. કારણ,કે 'સ્પેક્ટર્ન'ની આજુ-બાજુના પેસિફિક મહાસાગરના વાતાવરણમાં ક્યારે કયો પલટો આવી જાય એ કહી શકાય એમ નથી હોતું.

ગરમ કપડાં બેગમાં નાખીને હું દરવાજે પહોંચ્યો. મમ્મી ત્યાં જ ઊભી હતી. મેં એની આંખોમાં જોયું. એની આંખોમાં મારા માટે ગર્વ તો હતું પણ સાથે-સાથે થોડી ચિંતા પણ ડોકીયું કરતી હતી.

મેં એને આંખોથી જ જવાબ વાળી 'બાય' કહ્યું અને આગળ ચાલતો થયો. થોડા દુઃખ સાથે અને ઘણીબધી હિંમત સાથે મેં મારું ઘર છોડ્યું હતું.

થોડે દૂર પહોંચીને મેં પાછળ ફરીને જોયું.

મમ્મી હજુ પણ દરવાજે ઊભી હતી પૂરી મક્કમતા સાથે કે – એલેક્સ જરૂર વિજયી બનશે.

મેં પણ એક સ્મિત વડે – જલદી જ પાછો આવીશ – એવો છેલ્લો જવાબ આપીને મોં ફેરવી લીધું અને પ્રોફેસર બેનના ઘર તરફ ઝડપથી ચાલવા લાગ્યો.

***

'અલ્બિનો હરેરા'ના છેડે આવેલા પ્રોફેસર બેનનાં એ સુંદર ઘરે હું પહોંચ્યો ત્યારે ત્યાં મુખ્ય દરવાજા પાસે ક્રિક, થોમસ અને વોટસન પોતપોતાના થેલાઓ ખભે ભરાવીને ઊભા હતા. પ્રોફેસર બેન કદાચ અંદર કંઈક કામસર ગયા હશે એવું અનુમાન મેં કર્યું.

'ઓ હો...એલેક્સ ! આવી ગયો !' જેમ્સ બોલ્યો.

'યાહ...ફાઈનલી આજે સફરનો દિવસ આવી ગયો...' મેં કહ્યું, 'અને હું પણ...' દ્વિઅર્થી વાક્ય બોલીને મેં ખભે લટકાડેલો મારો થેલો જમીન પર મૂક્યો. એ ખાસ્સો ભારે થઈ ગયો હતો.

વાતાવરણમાં અત્યારે તો શુષ્કતા સાથે થોડી ગરમી હતી.

'એલેક્સ ! તને ખબર છે ? આજે શુક્રવાર છે અને શુક્રવારને સારો દિવસ માનવામાં નથી આવતો.' વળી પાછું ક્રિકે પોતાની નકારાત્મક શૈલીમાં કહ્યું.

'યાર ક્રિક, તું કેમ સાવ આવો છે ? નકારાત્મકતાની પણ કંઈક હદ હોય. આ બધી માન્યતાઓ છે. કશું જ સાચું નથી હોતું.' મેં ગરમ અવાજે કહ્યું. ક્રિકે કંઈક ભૂલ થઈ ગઈ હોય એમ થોડી જીભ બહાર કાઢતાં કાન પકડ્યા, 'ઓકે. સોરી.'

હું કંઈ બોલ્યો નહીં. ઈશારા વડે જવાબ આપી દીધો.

થોડી મિનિટો થઈ હશે ત્યાં જૂની મોડેલની કોઈક કાર બરાબર ઘર સામે આવીને ઊભી રહી. પછી અંદરથી કોઈક ઉતર્યું. ગોરો અને ત્રિકોણાકાર ચહેરો, ઘટ્ટ વાળ અને દાઢી-મૂછ, આંખોમાં તેજ, શરીરે એકદમ ખડતલ.

મેં આટલું નિરીક્ષણ કર્યું ત્યાં તો પાછળથી પ્રોફેસર બેનનો અવાજ આવ્યો, 'આવ મેક્સ !'

તો આખરે એ અટપટો માનવી મેક્સ આવી પહોંચ્યો હતો. એણે થેલાની જગ્યાએ સૂટકેસ લીધી હતી. એ સૂટકેસ હલાવતો પ્રોફેસર બેન પાસે ઊભો રહ્યો. એનું મોં ક્યારનું ચાલતું હતું. એ ચ્યુઇંગમ ચગળતો હતો અને ધીમું-ધીમું હસતો હતો.

'છોકરાઓ...આ છે મેક્સ. મેં તમને કહ્યું હતું એ.' પ્રોફેસરે અમારી સામે જોઈને મેક્સનો પરિચય કરાવ્યો. મેક્સ ચ્યુઇંગમ ચગળતો એકધારું સ્મિત ફરકાવ્યે જતો હતો. પહેલી નજરે જરા ગાંડા જેવો લાગતો હતો. અમે એની સાથે હાથ મિલાવ્યા. પછી પ્રોફેસરે મેક્સ સામે જોઈને અમારા બધાંનો પણ પરિચય આપી દીધો.

પરિચયપ્રક્રિયા ચાલતી હતી ત્યારે બાકીના બે જણ જેમ્સ અને વિલિયમ્સ આવી પહોંચ્યા.

'જો મારું અનુમાન સાચું હોય તો તમે મેક્સ છો, ખરું ને ?' વિલિયમ્સે મેક્સ સામે જોતાં કહ્યું.

'જી તમારું અનુમાન બિલકુલ સાચું છે. આઈ એમ મેક્સ.' મેક્સે કહ્યું. અત્યારે બહુ ઠંડી નહોતી, છતાં પણ એણે જીન્સ પેન્ટ પર કાળું જાકીટ ચડાવ્યું હતું.

'હવે વાતો કરવામાં સમય નથી બગાડવો. બધા કારમાં બેસો.' પ્રોફેસર બેને મોટેથી કહ્યું. પછી એ તેમના પત્ની મિસિસ લીનાને મળવા અંદર ચાલ્યા ગયા.

કાર મોટી હતી એટલે છ-સાત જણા આરામથી સમાઈ જઈ શકે એવું હતું. સૌથી પહેલાં જેમ્સ અંદર ઘુસ્યો. પછી થોમસ, પછી હું...એમ એક પછી એક અમે કારમાં ગોઠવાઈ ગયા. મેક્સ કારનાં દરવાજા પાસે પ્રોફેસર બેનની રાહ જોતો ઊભો હતો.

અમારા માટે સસ્પેન્સ વધતું જતું હતું. આ કારમાં પ્રોફેસરે ક્યાં લઈ જવાનો પ્લાન બનાવ્યો હશે એ કોઈ નહોતું જાણતું. પણ એ સસ્પેન્સમાં એક જાતની મજા છુપાયેલી હતી !

થોડી વારે પ્રોફેસર બેન આવ્યા અને પાછળનો દરવાજો ખોલી અમારી સાથે કારમાં ગોઠવાઈ ગયા.

મેક્સ પણ ડ્રાઈવિંગ સીટ પર બેઠો અને કાર સ્ટાર્ટ કરીને આગળ ધપાવી.

લીમાના એક પછી એક વિસ્તારો નજર સામેથી પસાર થતાં ગયાં. અમારી હાઉસિંગ રેસિડેન્સી વાળો વિસ્તાર પણ આવ્યો એવો જ અદ્રશ્ય થઈ ગયો. આશરે અડધો કલાક પછી કાર એક રેતાળ વિસ્તારમાં ઘૂસી અને થોડે આગળ જઈને ઊભી રહી.

લીમાનો રહેવાસી હોવા છતાંય મને આ જગ્યાની જાણ નહોતી. પાછળની તરફ ઢોળાવોવાળા પહાડો હતા અને આગળ થોડે દૂર લીમાનો શાંત શીતલ દરિયો હિલોળા લેતો હતો.

જેવો હું કાર માંથી ઊતર્યો કે સામે જ પીળા રંગની પ્રાઈવેટ કેબિન ક્રુઝર કિનારે દેખાઈ. લગભગ પચાસેક ફૂટની હતી અને સમુદ્રનાં શાંત પાણીમાં જરાસરખી હાલકડોલક થતી હતી.

'વાહ...' કારમાંથી ઉતરતાં વેંત જ વોટસનના મોંમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યો. બધા એને જોઈ રહ્યા. મેક્સ આરામથી ચ્યુઇંગમ ચગળતો અમને જોતો હતો.

'કમ ઓન બોયઝ...હવે ક્રુઝરમાં બેસો.' પ્રોફેસર બેને હાથ વડે ઈશારો કર્યો. અમે આશ્ચર્ય પામતાં એ કેબિન ક્રુઝર તરફ ચાલ્યા. ક્રુઝરને આગળની તરફ નાનું તૂતક હતું. એ પછી સુકાનીની કેબિન અને એને જોડીને જ બીજી લાંબી મુસાફરોની કેબિન હતી.

થોડી જ વારમાં અમે ક્રુઝરની અંદરની લાંબી કેબિનમાં બેઠક લઈ લીધી. બંને બાજુ અમુક અંતરે લંબચોરસ પારદર્શક કાચની બારીઓ હતી. એક બારી પાસે હું બેઠો. લગભગ દરેક જેટલા પ્રવાસીઓને લઈ જઈ શકે એવી એ ક્રુઝર બોટ હતી. અંદર રહેવા-કરવાની જરૂરી બધી જ સગવડો હતી. બધાને ક્રુઝર ખૂબ પસંદ પડી.

મેક્સનો વિચાર કરતાં જ મને દારૂગોળાની વાત યાદ આવી ગઈ. મારાથી રહેવાયું નહીં એટલે મેં પ્રોફેસર બેનને પૂછ્યું, 'પ્રોફેસર સાહેબ, હવે કહો તો ખરા કે પેલા બોમ્બ અને દારૂગોળાનું શું થયું ?'

મારા પ્રશ્નનો જાણે બધાને જવાબ જાણવો હોય એમ થોમસ, વોટસન વગેરે પણ એ તરફ ફર્યા.

'પ્લીઝ એલેક્સ, અત્યારે કંઈ જ ન પૂછ. થોડી વાર રહીને તને બધું કહીશ.' પ્રોફેસર બેન તૂતક પર ચઢતાં ઉતાવળમાં બોલ્યા અને પછી આગલી કેબિનમાં ગોઠવાયેલા મેક્સ સામે જોયું, 'ચાલ મેક્સ ! શરૂ કરી દે. તૈયાર છે ને ?'

'યસ પ્રોફેસર, ઓલવેઝ રેડી.' મેક્સે કહ્યું અને કંટ્રોલ પેનલમાં એક બટન દબાવ્યું. ક્રુઝરમાં કંઈક મશીન ચાલુ થયું.

પ્રોફેસર બેન કેબિનમાં ઘુસ્યા, મેક્સની બાજુમાં બેઠા અને કેબિનનો દરવાજો બંધ કર્યો.

ક્રુઝરનાં મશીનો ચાલુ થવાની ધણધણાટી થઈ અને પાવરફુલ મોટર-એન્જિન ગર્જી ઊઠ્યું. મેક્સે એનાં હાથમાં રહેલું ગીયર સહેજ આગળ તરફ કર્યું. ગીયરની બાજુમાં જ સુકાન હતું.

એક આછા ઝાટકા સાથે ક્રુઝર તટવિસ્તાર છોડીને આગળ વધી.

'યે..હે..હેય..' મેક્સ આનંદથી બરાડી ઊઠ્યો. અમે પણ ચીયર્સ કર્યું. મેં પાછળ તરફ પડતી બારીમાંથી નજર કરી. ક્રુઝર જેમ-જેમ સ્પીડ પકડતી ગઈ તેમ-તેમ પેલા પહાડોની ચટ્ટાનો દૂર-દૂર ઠેલાતી ગઈ. મેં જોયું તો આ તટવર્તી વિસ્તાર સાવ નિર્જન હતો.

ક્રુઝરે વધારે સ્પીડ પકડી. હવે દૂર છૂટી રહેલા લીમા શહેરની સુંદરતા અમે જોઈ રહ્યા હતા. દૂરના એક ખૂણે ઉભેલા મધ્યમ કદનાં બિલ્ડિંગો, એકસરખાં રહેણાંક મકાનોની હાર, તો વળી બીજા ખૂણે ક્યાંક ટેકરીઓ પર આજુબાજુ વસેલાં વિસ્તારોની ધીમે-ધીમે ઝાંખી થતી ઝલક હું નિહાળી રહ્યો - કેટલું સુંદર છે અમારું લીમા ! આલીશાન સડકો પર ઊભેલી હોટેલો, કેસિનો, ગોલ્ફ કોર્સ... – હું એ વખતે લીમાની સુંદરતાના વિચારોમાં ખોવાઈ ગયો હતો.

પેરૂ સાઉથ અમેરિકામાં છેક પશ્ચિમ તરફ આવેલો હતો એટલે પેસિફિક મહાસાગર તરફ જવા માટે સીધી દિશામાં જ – પશ્ચિમ તરફ હંકારવાનું હતું. એટલે મેક્સે સીધે સીધી ક્રુઝરને મારી મૂકી. થોડા સમય પછી લીમા દેખાતું બંધ થઈ ગયું.

પ્રકરણ:૬ મેક્સનું પરાક્રમ...

સાતેક કલાકમાં લગભગ બસોએક માઈલ જેવું અંતર કપાઈ ગયું હતું. ક્રુઝર વિશાળ પેસિફિક મહાસાગરના ભૂરા પાણી પર સ્થિર ગતિએ ચાલી જતી હતી. મેં સામેના ખૂણા તરફની એ લાંબી સીટ પર મૂકેલા અમારા સામાન તરફ નજર કરી.

'ઓહ હો હો. સામાન તો આપણો ઘણો છે !' મેં કહ્યું. ત્યારે બધાએ એ તરફ નજર કરી. અલબત્ત, આગળ કેબિનમાં બેઠેલા પ્રોફેસર બેન મેક્સ સાથે કંઈક વાત કરવામાં પરોવાયેલા હતા એથી તેઓ મારું વાક્ય સાંભળી શક્યા નહોતા.

મારા મિત્રોની સાથે હું સામાન પર નજર કરતો હતો.

અમારા છ જણનાં છ મોટા થેલાઓ, પ્રોફેસર બેનના બે નાના થેલાઓ તથા મેક્સની એક સૂટકેસ હતી. આ ઉપરાંત બીજો વધારાનો સામાન, રિવોલ્વરો, રાઈફલો, તંબુ અને એના સ્પેરપાર્ટ્સ વગેરે બધું ઉપરની છાજલી જેવી જગ્યામાં રાખ્યું હતું.

પછી નીચે રાખેલા બે મોટા બંધ થેલાઓ પર નજર પડતાં જ મને મેક્સે લાવેલા દારૂગોળા અને બોમ્બનો વિચાર આવ્યો. મેં સફાળા ઊભા થઈને, આગળની કેબિનમાં પડતી બારીનો કાચ ખસેડીને પ્રોફેસર બેનને ફાઈનલી પૂછ્યું, 'પ્રોફેસર બેન...હવે તો કહો કે મેક્સે આ દારૂગોળા અને બોમ્બની વ્યવસ્થા કેવી રીતે કરી ? હવે મારા પેટમાં આ વાત છૂપી નથી રહી શકતી.'

'હા, પ્રોફેસર સાહેબ... પ્લીઝ હવે તો કહો.' મારા મિત્રોએ પણ સૂર પુરાવ્યો.

અમારા બધાના અધીરાઈભર્યા ચહેરાઓ જોઈને પ્રોફેસર બેનને હસવું આવી ગયું. એ હસ્યા. પછી પાછળ ફરીને કેબિનની બારીમાંથી જ કહ્યું, 'કહું છું...બેસ એલેક્સ !' એમણે હાથનો ઈશારો કરીને મને બેસવા કહ્યું. હું બેસી ગયો. એટલે પ્રોફેસર એમની સીટ પરથી ઊભા થઈને પાછળ અમારા કંપાર્ટમેન્ટમાં આવ્યા અને એક સીટ પર બેઠા. આગળ પેલો મેક્સ ઊંધું ઘાલીને ક્રુઝર ચલાવવામાં વ્યસ્ત હતો.

'સાંભળો...' પ્રોફેસર ક્રુઝરના ધીમા અવાજમાં બોલ્યા, 'આ મેક્સ નેવીમાં છે એ તો હું તમને કહી જ ચૂક્યો છું. બરાબર ?'

'હા...' મેં અધીરાઈથી કહ્યું, 'આગળ કહો.'

'તો મેક્સને હવે નેવીમાંથી રિટાયર થવા માટે થોડો જ સમય બાકી રહ્યો છે. લગભગ દોઢેક મહિના જેવું. હવે વાત એમ બની કે મેં જ્યારે એને આપણી સફર વિશે અમસ્તી જ વાત કરી તો એ પણ આપણી સાથે આવવાની તૈયારી બતાવવા લાગ્યો. મેં એને ઘણું કહ્યું કે – તારે ખોટી તકલીફ લેવાની જરૂર નથી, અમે સંભાળી લઈશું – પણ એ ન જ માન્યો. એટલે છેવટે મેં એને આપણી સાથે આવવાની પરવાનગી આપી. એને પરવાનગી આપીને અંદરખાનેથી તો હું પણ ખુશ હતો, કેમ કે આપણને એક જણ વધારે મળવાનો હતો. પછી એ જ રાત્રે મેક્સે ફટાફટ પોતાની રીતે યોજના બનાવવા માંડી. એ વખતે તો મેં એની યોજના માત્ર સાંભળવા ખાતર જ સાંભળી અને પછી મોડી રાત્રે હું ઘરે પાછો ફર્યો.'

'હં...પછી ?' મેં પહેલા જેવા જ અવાજે પૂછ્યું.

'પછી બીજે દિવસે સવારે નવ વાગ્યે તારો ટેલિફોન આવ્યો. ત્યારે તેં યોજના અંગે મને પૂછપરછ કરી. ત્યારે મેં તને એવું કહ્યું હતું કે – આપણે એ વિચારવું પડશે. બસ, તો આ નવ વાગ્યાથી દસ વાગ્યા સુધીના કલાકમાં જ આપણી આ યોજના આકાર પામી હતી. એમાં મેક્સનો

અને મારો એમ બંનેનો સહિયારો સાથ હતો. આગલી રાત્રે મેક્સે મને જે યોજના કહી સંભળાવી હતી એ મને યાદ આવી અને મેં એને ફોન ફરીને એ જ યોજના મારા કહેલા થોડા સુધારા સાથે ફાઈનલ કરવાનું કહ્યું. હવે મને જરા પાણી આપો.' કહીને પ્રોફેસર અટક્યા.

'પ્રોફેસર સાહેબને પાણી આપો...ફટાફટ...' વિલિયમ્સ ખૂબ જ ઉતાવળા અવાજે ચપટી વગાડતાં બોલ્યો. એટલે સામાનથી નજીક બેઠેલો જેમ્સ એનો થેલો ઊંચકવા લાગ્યો. માત્ર આ થોડી પળો પણ અમારા માટે સસ્પેન્સ વધારતી જતી હતી. આ દરમિયાન વિલિયમ્સનો ચહેરો જોવા જેવો હતો. એ ઊંચો-નીચો થતો હતો.

'ઓ ગોકળગાય...જલદી કરને...' એણે લગભગ થેલામાં હાથ નાખી ચૂકેલા જેમ્સને હાંક પાડી. જેમ્સે ફટાફટ અંદરથી બોટલ કાઢી કે તરત વિલિયમ્સે ઝૂંટવી લીધી. એ ગજબનો ઉતાવળો થયો હતો. એણે પ્રોફેસરને પાણી આપ્યું. પાણી પીને પ્રોફેસરે આગળ ચલાવ્યું,

'હવે સાંભળો. મેક્સે એના એક વિશ્વાસુ મિત્ર સાથે મળીને નેવીના કેમ્પમાં રહેલા દારૂગોળા અને બોમ્બના સ્ટોકનાં એકાઉન્ટમાં કંઈક ગોટાળો કરીને સ્ટોક થોડો ઓછો દર્શાવી નાખ્યો. એટલે મેક્સે ત્યાંથી પૂરતો દારૂગોળો અને બે-ત્રણ બોમ્બ ઉઠાવી લીધા. આમ તો આ ગેરકાયદેસર કહેવાય, પણ...' એમણે ખભા ઉલાળ્યા. પછી આગળ કહ્યું, 'ખેર, હવે આ કેબિન ક્રુઝરનું કહું છું. ક્રુઝર મેક્સ પાસે ગીરો મૂકવામાં આવેલી. લીમાના એક વેપારીને પૈસાની તાતી જરૂર હતી, એટલે એણે મેક્સ પાસે ઉધાર પૈસા આપવા માટે માગણી કરી હતી. એ વેપારી મેક્સનો એક મિત્ર જ છે ને આ કેબિન ક્રુઝરોનો ધંધો કરે છે. પર્યટકોને ક્રુઝર દ્વારા દરિયાની સહેલ કરાવતી એની કંપની છે. એણે લગભગ દસેક મહિના પહેલાં એની એક ક્રુઝર મેક્સને ગીરો આપી, મેક્સ પાસેથી મોટી રકમ ઉધાર લીધી હતી. એટલે એ જ્યાં સુધી એની ઉધારી નહીં ચૂકવે ત્યાં સુધી આ ક્રુઝર મેક્સની. અને અત્યારે આપણે એમાં સફર કરીએ છીએ !' કહીને પ્રોફેસર હસ્યા.

'ઓહ...એમ વાત છે...!!' લગભગ અમારા સૌના મોં આશ્ચર્યથી ખુલ્લાં જ રહી ગયાં. પાછલા ત્રણ દિવસોથી અમારા મનમાં ધરબાયેલું એ રહસ્ય હવે સામે આવ્યું હતું. ખરેખર એ ગાંડા મેક્સે કામ કરી બતાવ્યું હતું.

'એટલે મેક્સે એના મિત્રને ચૂકવવા પેટેના આગલા હપ્તાની રકમની મુદત એક મહિના જેટલી લંબાવીને આગલા મહિને ચૂકવવાનું કહ્યું અને નેવીમાંથી પણ એણે એક મહિનાની લીવ લઈ લીધી છે. મેક્સના પરાક્રમને લીધે જુઓ...' કહીને પ્રોફેસરે સ્મિતસહ તેમનાં હાથ ફેલાવ્યા, 'આપણે અત્યારે પેસિફિકની સપાટી કાપી રહ્યાં છીએ.'

પ્રોફેસર બેનની વાત સાંભળીને મને હસવું પણ આવ્યું અને આશ્ચર્ય પણ થયું. મેક્સને રીટાયરમેન્ટમાં દોઢ જ મહિનાની વાર હતી એટલે જો એની પોલ ખૂલી જાય તો પણ એને બહુ નુકસાન ન જાય. અને આમ પણ જો અમે પ્રોફેસર એન્ડરસનનું કાર્ય પાર પાડીને સહીસલામત લીમા આવશું તો અમારા જયજયકારનો પાર નહીં રહે અને સાથે મેક્સને પણ બહુ તકલીફ નહીં પડે.

***

પહેલા દિવસની રાત પડી.

ક્રુઝર ધીમા અવાજે સમુદ્ર પર ચાલી જતી હતી.

અમે બધા પત્તાંની રમત રમતા હતા. પછી થોડી વારે બધાએ પોતપોતાના થેલાઓમાંથી જે ખોરાક લાવ્યા હતા એને એક ચાદર પર પાથરી દીધો.

પ્રોફેસર બેને લિસ્ટમાં જે ખોરાક લખ્યો હતો એ ઉપરાંત પણ અમે બીજો ઘણો નાસ્તો લીધો હતો. એ બધું પાથર્યું હતું એટલે એવું લાગતું હતું કે જાણે છપ્પનભોગ હોય !

સુકવેલા માસનાં ડબ્બા, તળેલા ટોસ્ટ, બ્રેડ-બટર, દૂધનો પાવડર, ફીશકરી, વગેરે ઘણું હતું.

નિરાંતે જમી લઈને સૌથી પહેલો હું આડો પડ્યો. અમે ટેન્ટ (તંબુ)ની સાથે સુવા માટેનાં બિસ્તર પણ ભેગા લીધાં હતા.

***

રાત્રે એક-દોઢ વાગ્યે મારી આંખ ઊઘડી ત્યારે મેં બારીમાંથી નજર કરી તો મને દૂર એક દીવા જેવું કંઈક ચાલ્યું જતું હતું. એ કોઈક જહાંજ અથવા તો બોટ હતી જે આગળ માઈલો દૂર આવેલા ઓસ્ટ્રેલિયા કે ન્યુઝીલેન્ડ તરફ જઈ રહી હતી.

થોમસ, વોટ્સન, જેમ્સ વગેરે સુઈ ગયા હતા. એમને આરામથી સૂતેલા જોઈને મને મેક્સનો વિચાર આવ્યો. – એ બિચારો સતત સુકાન સંભાળીને થાકી નહીં જાય ? – હું ઊભો થઈને આગળ મેક્સ પાસે ગયો, 'હેય મેક્સ !'

'યા ડ્યુડ ! બોલ કંઈ કામ હતું ?' એણે એવા જ નિખાલસભર્યા અવાજે કહ્યું. એની બાજુમાં પ્રોફેસર બેન પણ એકદમ સુઈ ગયા હતા. એટલે અમે ધીમા અવાજે વાતો કરી.

'તમે આમ તો થાકી જશો. આને ચલાવવાની અન્ય કોઈ વ્યવસ્થા હશે ?' મેં કંટ્રોલ પેનલ પર નજર કરતાં પૂછ્યું.

'થેંક્સ એલેક્સ ! મારી ચિંતા કરવા બદલ.' એ ગળગળા અવાજે બોલ્યો, 'પણ આ બાજુમાં છે ને...' એણે પ્રોફેસર તરફ આંગળી ચીંધતા કહ્યું, 'એ પણ ક્રુઝર ચલાવવામાં ઉમદા છે. અમે વારા કરી લઈશું. ઓ.કે. ? તું સુઈ જા આરામથી.'

આજ નો દિવસ મારા માટે એક પછી એક આશ્ચર્ય પમાડનારો ગયો હતો. પ્રોફેસર બેન પણ ક્રુઝર હંકારી જાણતા હશે એ જાણીને નવાઈ લાગતી હતી !

ઊંઘતા પ્રોફેસરનાં શાંત ચહેરા પર એક નજર કરીને હું મારી જગ્યાએ આવીને સૂતો. ચારે બાજુ સાવ શાંતિ હતી. માત્ર ક્રુઝરની આછી ઘરઘરાટી સંભળાતી હતી.

હું સૂવાની કોશિશ કરતો હતો પણ રહી રહીને એક જ વિચાર ઘુમરાયા કરતો હતો – અમે જે કામ લઈને નીકળ્યા છીએ એ બરાબર પૂરું તો થઈ જશે ને ? પ્રોફેસર એન્ડરસન સાથે એવું તે શું થયું હશે કે આજે આ પરિસ્થિતિ આવીને ઊભી રહી છે ? હવે પછી આવનારી બધી જ પરિસ્થિતિઓનો સામનો કરવાની ઈશ્વર શક્તિ અને હિંમત આપે એવી પ્રાર્થના કરીને હું સફરનાં વિચારોમાં ખોવાઈ ગયો.

મારી આંખ ક્યારે બંધ થઈ ગઈ એ ખબર ન પડી.

પ્રકરણ:૭ લેમ્સ ટાપુ

ઉપડ્યા પછીનો આ ત્રીજો દિવસ હતો.

રોજ એક નો એક અવાજ સાંભળીને હું હવે કંટાળ્યો હતો. આખો દિવસ કંઈ ખાસ કામ રહેતું નહીં અને ગપ્પાં મારવામાં તે કંઈ બધો ટાઈમ જાય નહીં એટલે એને કારણે પણ શરીરમાં સુસ્તી જેવું થઈ ગયું હતું.

ક્રુઝર પણ હવે ત્રણ દિવસથી સતત ચાલતી હતી એટલે એનાં એન્જિનને પણ આરામની તાતી જરૂર પડશે એવો એક વિચાર આવતાં જ હું આગળની કેબિનમાં પ્રોફેસર બેન પાસે પહોંચ્યો, 'પ્રોફેસર બેન ! ક્રુઝર સતત ત્રણ દિવસથી આમની આમ ચાલે છે તો એને આરામની જરૂર નહીં પડે ? તમને શું લાગે છે ?'

'એલેક્સ, મેં એ પહેલેથી નક્કી કરી જ રાખ્યું છે.' એમણે કહ્યું અને એક ખાનામાંથી "પેસિફિક ઓશિયન"નો નક્શો કાઢીને ખોલ્યો. દરમિયાનમાં થોમસ અને જેમ્સ પણ કુતુહલતાવશ મારી બાજુમાં આવીને ઊભા રહ્યા.

'જુઓ...' પ્રોફેસરે નક્શામાં ભૂરા રંગના પાણી દર્શાવતા ભાગ વચ્ચે એક નાનકડા ટપકાં ઉપર આંગળી મૂકતા કહ્યું, 'આ છે લેમ્સ ટાપુ. ખૂબ જ નાનો છે. આપણે ત્યાં વિસામો કરવાનો છે.'

પ્રોફેસરે એમની આંગળી હટાવી એટલે અમે ત્યાં જોયું. સાવ ટપકાં જેવી જમીન નક્શામાં ચિત્રિત કરેલી હતી.

'મને લાગે છે કે હવે "લેમ્સ" બહુ દૂર નહીં હોય...' પ્રોફેસરે તર્ક કરતાં કહ્યું અને પછી બાજુમાં ક્રુઝર ચલાવી રહેલા મેક્સને પૂછ્યું, 'મેક્સ, શું લાગે છે ? લેમ્સને કેટલી વાર છે ?' સાંભળીને મેક્સે કંટ્રોલ પેનલમાં રહેલા એક સ્ક્રીન તરફ જોયું. એ સ્ક્રીન લગભગ અક્ષાંશ-રેખાંશ જ બતાવતો હોવો જોઈએ એવું મને લાગ્યું. અલબત્ત પછી મારું અનુમાન સાચું પડ્યું હતું.

'હજુ એકાદ કલાકની વાર છે, પ્રોફેસર સાહેબ.' મેક્સે કહ્યું.

'ઠીક છે. કેરી ઓન.' પ્રોફેસર બેને કહ્યું. પછી મારી સામે આછું સ્મિત ફરકાવ્યું. હું પણ એ જ ભાષામાં જવાબ આપીને અંદરના ભાગમાં આવ્યો.

અહીં તો ક્રિક, વિલિયમ્સ અને વોટ્સને મિજબાની જમાવી હતી. મેં કાંડા ઘડિયાળમાં જોયું. લગભગ બપોરના જમવાનો સમય થઈ ગયો હતો. એટલે હું, જેમ્સ અને થોમસ પણ એમની સાથે જોડાયા.

જમી-કરીને પરવાર્યા ત્યારે એક કલાક થઈ ગયો હતો અને હવે "લેમ્સ" ટાપુ આવવાની તૈયારી જ હતી.

વાતાવરણમાં પણ થોડી-ઘણી ઠંડી ભળી ગઈ હતી. જોકે અમે લોકોએ જાકીટ અને મફલર ચડાવી રાખ્યાં હતા એટલે વાંધો નહોતો.

મેક્સે કંટ્રોલ પેનલમાં કંઈક દબાવ્યું અને પછી તેનાં હાથમાં રહેલું ગીયર થોડું પાછળ તરફ ખેંચ્યું. એક હળવા ઝાટકા સાથે ક્રુઝરની ઝડપ થોડી ઘટી. મેં બારીમાંથી નજર કરી. દૂર ધુમ્મસ વચ્ચે એ લેમ્સ ટાપુ એકદમ ધૂંધળો દેખાતો હતો. ટાપુ હજી થોડો નજીક આવે પછી એનો સાચો ખ્યાલ મળી શકે તેમ હતું.

થોડી મિનિટો પછી ક્રુઝર સ્થિર ઝડપે ટાપુની ઘણી નજીક પહોંચી ગઈ. બધા જ બહાર તૂતક પર આવી પહોંચ્યા. સામે જ ટાપુની ખડકાળ જમીન નજરે પડતી હતી. હવામાન ઠંડું હતું.

હવે લેમ્સ ટાપુ ઘણો જ સ્પષ્ટ દેખાતો હતો. એનો ફેલાવો ઓછો હતો. ઉપર નાના-નાના પર્વતો હતા અને જમીન એકદમ ખડકાળ હતી. ઝાડ-પાન અને લીલોતરીનું તો ક્યાંય નામોનિશાન નહોતું. સાવ વેરાન ટાપુ હતો એ.

એક આંચકા સાથે ક્રુઝર સ્થિર થઈને કિનારાની રેતીમાં જરાસરખી ખૂંપી ત્યારે અમને સહેજ ધક્કો લાગ્યો હતો. લેમ્સની જમીન પર પગ મૂક્યો ત્યારે ચારેય બાજુ એકદમ શાંતિ હતી.

લેમ્સ ટાપુનો નજારો કંઈ ખાસ નહોતો. મંગળ ગ્રહ જેવો રેતાળ હતો. કોઈક કોઈક જગ્યાએ ઊંચા-નીચા ખાડા ટેકરાઓમાં પાણીનાં નાનાં-મોટાં ખાબોચિયાં ભરાઈ ગયાં હતાં. મને થયું કે એમાંથી અમને થોડી-ઘણી માછલીઓ મળી રહેશે. થોડે દૂર બે જુદા-જુદા અંતરે માપસરના ઊંચા કહી શકાય એવા પર્વતો હતા. બસ, એ સિવાય રણમાં ઉગે એવી ટૂંકી-ટૂંકી વનસ્પતિઓ અને સૂકું ઘાસ અમુક જગ્યાએ ફેલાયેલાં હતાં.

'ઓહ...! આ તો રણ જ છે.' પ્રોફેસર બેન ઉતરતાં વેંત બોલ્યા. એમની પાછળ મેક્સ સૌથી છેલ્લો ઊતર્યો. એણે દરવાજો બંધ કર્યો અને લંગર નાખ્યું.

અમે તો ઉતર્યા તે ભેગા અલગ અલગ દિશાઓમાં છૂટા-છવાયા થઈ ગયા. હું અને થોમસ પેલા પર્વત તરફ દોડી ગયા તો જેમ્સ, ક્રિક વગેરે પોતપોતાની રીતે અલગ અલગ જગ્યાએ દોડી ગયા.

'છોકરાઓ ! ધ્યાનથી ! ભૂલા ન પડી જવાય એ ધ્યાન રાખજો.' પ્રોફેસર બેને દુરથી મોટા અવાજે કહ્યું.

'હા, પ્રોફેસર સાહેબ ! ડોન્ટ વરી !' મેં બધા વતી જવાબ આપી દીધો. આમ પણ ટાપુ નાનો હતો એટલે એમ કોઈના ગુમ થવાની કે ભૂલા પડવાની શક્યતા ઓછી હતી.

થોડી વારે અમે એક ખાબોચિયા પાસે પહોંચ્યા તો ત્યાં વિલિયમ્સ માછલી પકડવાના સળિયાને પાણીમાં નાખીને બેઠો હતો. એણે મારી સામે જોયું. પછી સળિયામાં સહેજ સળવળાટ થતાં એનું ધ્યાન માછલી પકડવામાં પરોવાયું. બીજી જ ક્ષણે એણે સળિયો બહાર કાઢ્યો તો એક સરસ ભરાવદાર માછલી સળિયાના હૂકમાં ફસાઈ ગયેલી અને તરફડિયાં મારતી હું જોઈ રહ્યો. એને જોઈને મને અજીબ લાગ્યું. મને થયું કે અમે સાથે પૂરતો ખોરાક લાવ્યા છીએ એટલે એ ખૂટવાની સંભાવના નથી જ, તો પછી આમ બિચારી માછલીઓને હમણાં શા માટે હેરાન કરવી જોઈએ ? એને તડફડતી જોઈને મને દુઃખ થયું એટલે મેં તરત જ વિલિયમ્સને એને છોડી દેવા કહ્યું. વિલિયમ્સને ગમ્યું નહીં. એણે બગડેલાં મોંએ પેલી માછલીને છોડી દીધી એટલે એ કૂદકો મારીને સડસડાટ કરતી પાણીમાં અદ્રશ્ય થઈ ગઈ.

રસ્તામાં ચાલતાં ચાલતાં મેં વિલિયમ્સને સમજાવ્યું ત્યારે એ માન્યો. જેમ્સ અને ક્રિક પણ માછલી પકડવાનાં મૂડમાં હતા. તેમની સામે પણ મેં મારો આ પ્રસ્તાવ મૂક્યો હતો અને સમજાવ્યા હતા.

***

ત્રીજા દિવસની રાત પડી ગઈ હતી. આકાશ સ્વચ્છ હતું અને તારાઓ ટમટમતા હતા. પરંતુ વાતાવરણમાં ઠંડીનું મોજું પથરાઈ ગયું હતું.

સાંજે અમે સાથે લાવેલા ટેન્ટ(તંબુ)ને ચાર બાજુ ચાર ખીલા ખોડીને ઊભો કર્યો હતો અને અત્યારે એમાં અમે આઠેય જણા ભરાઈ બેઠા હતા. ટેન્ટનો આગળનો થોડો ભાગ ખૂલ્લો

રાખ્યો હતો ત્યાંથી તારા મઢેલું આકાશ મંત્રમુગ્ધ કરતુ હતું.

ટેન્ટમાં નાનું તાપણું પણ સળગાવ્યું હતું અને એના ફરતે અમે બેઠા હતા.

'યાર એલેક્સ ! હું શું કહું છું...કે આપણે એકાદ વાર ઈજિપ્તની કે આફ્રિકાના કોંગો પ્રદેશની સફર પણ ખેડવી જોઈએ, નહીં ?' જેમ્સે વાતનો દોર શરૂ કર્યો.

'હા જેમ્સ, તારી વાતમાં દમ તો છે !' હું જવાબ આપું એ પહેલાં તો પ્રોફેસર બેન બોલી ઉઠ્યા, 'મેં પણ એવું ઘણું-ઘણું વાંચ્યું છે કે ઈજિપ્તના ફારાઓ (રાજાઓ)ની કબરોમાં અને ત્યાંના પિરામીડોમાં મસમોટા ખજાનાઓ હાલમાં પણ ધરબાયેલા છે, અને એમાં પણ અમુક રહસ્યમય જગ્યાઓ એવી છે કે જ્યાં આજ સુધી ન જાણે કેટકેટલા સાહસિકો અને પુરાતત્વ વિભાગના લોકો કોઈક અજાણ્યા અને ભેદી કારણોથી મૃત્યુ પામે છે અને ખજાના સુધી પહોંચી શકતા નથી ! સંશોધકો એના પર રિસર્ચ કરી રહ્યા છે પણ કોઈ ચોક્કસ તાગ નથી મેળવી શકતા. ઉપરાંત આફ્રિકામાં આવેલો "કોંગો" પ્રદેશ પણ કંઈ ઓછો નથી. એ પણ એનાં વિશાળ જંગલોમાં ઠેકઠેકાણે રહેલી હીરાની ખાણો તથા એનાં કારણે થતાં ખૂનખરાબાઓ માટે કુખ્યાત છે. ત્યાંના "ઝુલુ" જાતિના આદિવાસી લોકો તો માણસને કાચેકાચો ખાઈ જાય એવા જંગલી છે.' કહીને પ્રોફેસર ચૂપ થઈ ગયા. થોડી વાર ડર-મિશ્રિત શાંતિ છવાઈ ગઈ. જેમ્સને પણ થયું કે એણે બોલેલું વાક્ય કેટલે અંશે યોગ્ય હતું. એ બધી જગ્યાઓને આજે પણ ભેદી અને રહસ્યમય માનવામાં આવે છે એ વાત ચોક્કસ છે.

***

પ્રોફેસર બેને અહીં લેમ્સ પર ક્રુઝરને એક આખો અને બીજો અડધો દિવસ – એમ દોઢ દિવસનો આરામ આપવાનું નક્કી કર્યું હતું. મેક્સે ક્રુઝરમાં પાછળની બાજુ ડીઝલનાં બેરલ્સ ખડક્યા હતા એમાંથી અમુક રસ્તામાં વપરાઈ ગયા હતાં.

ટાપુ પર ઉતર્યાના આજે બીજા દિવસની સવાર હતી. આજે બપોરે અહીંથી નીકળી જવાનું હતું.

સવારના પહોરમાં જ મેક્સ અને પ્રોફેસર બેન ક્રુઝરનો પાછળનો ભાગ ખોલીને એનાં એન્જિનની સફાઈ કરવામાં મશગુલ હતા. બસ, હવે અહીંથી ઉપડ્યા પછી ત્રણેક દિવસમાં 'સ્પેક્ટર્ન'ની જમીન દેખાવાની હતી. મને એ વિચારી વિચારીને રોમાંચ થઈ આવતો હતો.

હું મારા મિત્રો સાથે આજુ-બાજુ ચાલવા નીકળી પડ્યો હતો. પ્રોફેસરે કહ્યું હતું કે ફરતાં ફરતાં એવું કંઈક દેખાય કે જે આપણી સફર માટે કામનું હોય તો એને સાથે લઈ લેવું. જેમ કે ઔષધિઓ, અમુક ફળો કે વનસ્પતિઓ વગેરે.

ચાલતાં ચાલતાં એક જગ્યાએ ઢોળાવ પાસે મેં ભારતમાં ખૂબ જ વપરાતા દાતણનાં બાવળ ઉગેલા જોયા. હું ખૂબ જ હરખાઈ ગયો. બે-ચાર ડાળખાં તોડી લઈને મારા મિત્રોને બતાવતાં મેં કહ્યું, 'જુઓ દોસ્તો ! આ બાવળનાં ડાળખાંનો ઉપયોગ ઈન્ડિયામાં દાંત ઘસવા માટે ખૂબ જ થાય છે. આ ડાળખું એક ઔષધ સમાન જ છે. એને બ્રશની જેમ દાંતે ઘસવાથી આરોગ્યને બહુ ફાયદો થાય. સ્પેક્ટર્નમાં કદાચ આપણી ટૂથપેસ્ટ ખલાસ થઈ જાય તો પેસ્ટ વગરનું પણ ખૂબ જ ફાયદાકારક આ દાતણ કરી શકાય.'

મારા હાથમાંથી એક-એક જણાએ ચારેય ડાળખાં પકડી લીધાં. તેઓ કૂતુહલતાથી એને જોઈ રહ્યા. અને બીજી જ ક્ષણે એક આખી ડાળી કાપી લઈને વોટ્સને ખભે નાખી, 'હવે તો આરોગ્ય સારું કરવું જ રહ્યું...!'

અમે બધા એનું વાક્ય સાંભળીને હસી પડ્યા.

બપોરે ત્રણેક વાગ્યે અમે પ્રસ્થાન માટેની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. બધો આડો-અવળો સામાન એક પછી એક પેક થવા લાગ્યો અને છેલ્લે મોટો ટેન્ટ સમેટી લેવાયો અને એનાં ખીલ્લા તથા બીજી વસ્તુઓ એનાં યોગ્ય સ્થાને મૂકીને વારાફરતી બધો સામાન ફરી પાછો ક્રુઝરમાં ચડાવ્યો. આ બધું કર્યું ત્યાં ચાર વાગી ગયા હતા.

મેક્સ અને પ્રોફેસર અમારી પહેલા ક્રુઝર પર ચડી ગયા હતા. એ પછી વોટ્સન, વિલિયમ્સ, ક્રિક વગેરે ચડ્યા. સૌથી છેલ્લે અમુક સામાન ઉપાડીને હું ક્રુઝર નજીક પહોંચ્યો ત્યારે મેક્સે એન્જિન ચાલુ કરી દીધું હતું, મેં ઉપર ચડીને તૂતક પર પગ મૂક્યો કે તરત રેતીમાં ખૂંપેલો ક્રુઝરનો આગલો ભાગ સહેજ ઝાટકા સાથે કિનારાથી દૂર થયો. મેક્સે એને ‘રીવર્સ’માં લીધી હતી.

તૂતક પર ઊભા રહીને અવાજમાં મેં ‘લેમ્સ’ ટાપુને છેલ્લી વખત જોઈ લીધો અને પછી અંદરની કેબિનનો દરવાજો બંધ કરીને વિન્ડો સીટ પર બેસી ગયો.

અને...વળી એક હલકા ઝાટકા સાથે ક્રુઝરે ‘લેમ્સ’ની જમીનથી દૂર થવાની વાટ પકડી લીધી ને થોડી જ ક્ષણોમાં ઝડપ પકડવા લાગી.

મેં બારીમાંથી જોયું. ‘લેમ્સ’ ટાપુ ધીમે-ધીમે સાવ ધૂંધળો દેખાતો જતો હતો. આમ તો ‘લેમ્સે’ ઝાઝું કંઈ આપ્યું નહોતું, પરંતુ ક્રુઝરને તથા અમને પૂરા દોઢ દિવસનો આરામ જરૂર આપ્યો હતો.

ક્રુઝરે લેમ્સની ફરતે થઈને પછી પશ્ચિમ તરફ સીધું હંકાર્યું.

જે કંઈ થયું એ બધું સારું થયું અને હવે જે કંઈ થશે એ પણ સારું જ થશે – એવું વિચારીને મારા હોઠ પર મુસ્કાન છવાઈ ગઈ અને મેં બારી પાસેથી નજર ફેરવી લીધી.

‘સ્પેક્ટર્ન’ તરફ પ્રયાણ કરતી ક્રુઝર એ જ ગતિએ ફરી પાછી અગાધ પેસિફિક મહાસાગર પર તરતી આગળ વધી ગઈ.

પ્રકરણ:૮ ક્રુઝર સંકટમાં !

આજે છઠ્ઠા દિવસની સવાર વાતાવરણમાં અચાનક જ પલટો લાવી હતી. ઉઠ્યાભેગું મેં બારીમાં નજર કરી તો આકાશ આખું વાદળોની આગોશમાં સમાઈ ગયું હતું. સાથે ધુમ્મસ પણ હતું. ક્રુઝર એ ધુમ્મસમાંથી માર્ગ કાપતી આગળ વધી રહી હતી.

બપોરના ભોજન પછી તો સમુદ્રની લહેરોમાં પણ બદલાવ જણાતો હતો. આકાશ કાળા ડીબાંગ વાદળોથી ઢંકાઈ ગયું હતું. એ વાદળોમાંથી પ્રસરી રહેલી ઠંડક ક્રુઝરના બંધ બારીઓમાંથી પણ અંદર ગરકાવ થઈને અમને ધ્રુજાવી રહી હતી. તેમ છતાં પણ સૂર્યનો થોડો ઉજાસ ફેલાયેલો હતો.

મેં પ્રોફેસર બેન સાથે વાતાવરણ અંગે ચિંતા વ્યક્ત કરી તો તેમણે કહ્યું, 'જો એલેક્સ, ઉત્તર બાજુ આવું વાતાવરણ તો અવારનવાર રહેતું હોય છે, ખૂબ જ ભયંકર વાવાઝોડાં ઉદ્ભવતા હોય છે અને જતા-આવતા વહાણો અને વિમાનો માટે ચિંતાનો વિષય બનતા હોય છે. પણ આ બાજુ એવું સામાન્ય રીતે ઓછું બને છે.' તેમણે કંટ્રોલ પેનલમાં રહેલા બેરોમીટર તરફ એક દ્રષ્ટિપાત કર્યો અને પછી મારી સામે જોઈને કહ્યું, 'મને લાગે છે કે ઉત્તર તરફનું કોઈક તોફાન દિશા બદલીને આ તરફ આવતું હોવું જોઈએ.'

પ્રોફેસરનું આ વાક્ય સાંભળીને અંદરની બેઠકોમાં બેઠેલા વોટ્સન, જેમ્સ, ક્રિક વગેરે સફાળા ઊભા થઈ ગયા.

સાંભળીને મને પણ ધ્રાસકો પડ્યો. વિલિયમ્સે ગભરાટભર્યા અવાજે પૂછ્યું, 'તો પ્રોફેસર બેન, 'સ્પેક્ટર્ન'ને હવે કેટલી વાર છે ?'

'મારી ગણતરી પ્રમાણે તો હજુ એક-દોઢ દિવસ થશે.' પ્રોફેસર બેન પોતાની આછી દાઢી પર હાથ ફેરવતા બોલ્યા.

'અરે બાપ રે !' જેમ્સના મોંમાંથી ઉદગાર સરી પડ્યો.

'આ તોફાનની હવે ચિંતા છે...' ક્રિકે ચિંતા વ્યક્ત કરી.

અત્યારે લગભગ બધા જ મનોમન ઈશ્વરને પ્રાર્થી રહ્યા હતા કે પહોંચવાની છેલ્લી ઘડીએ કોઈ વિઘ્ન ન નડે તો સારું.

***

મેં ઘડિયાળમાં જોયું તો સાંજના પાંચ વાગી રહ્યા હતા. પરંતુ બહાર એવું ગાઢ વાતાવરણ જામ્યું હતું કે દિવસ છે કે રાત એનો પણ ખ્યાલ નહોતો આવતો.

છેલ્લા દસેક કલાકથી સતત વાતાવરણ બગડી રહ્યું હતું. મોજાંનો ઉછાળ પણ સામાન્ય નહોતો જણાતો. હવે તો ક્યારેક-ક્યારેક વિજળીનાં કડાકા વાદળોનાં ગાભમાંથી છૂટીને ભીષણ અવાજ કરતા અદ્રશ્ય થઈ જતા હતા. એના મોટા મોટા ચમકારા ક્રુઝરના બંધ કાચમાંથી અંદર ભોંકાતા હતા.

અમે અમારી સીટ સાથે એકદમ જકડાઈને બેસી રહ્યા હતા, એ આશામાં કે હવામાન સારું થશે અને અમે વિના વિઘ્ને 'સ્પેક્ટર્ન' પહોંચી શકશું. પણ કુદરતને હંમેશા આપણું કહ્યું મંજૂર નથી હોતું તેમ એકાદ કલાક બાદ હવામાન ઓર બગડ્યું. મેક્સ બિચારો એકીટશે ક્રુઝરનું સુકાન સંભાળવા મથી રહ્યો હતો. પ્રોફેસર બેન એને લગાતાર સૂચનાઓ આપ્યા કરતા હતા.

'દિશા જાળવી રાખજે, મેક્સ...કંઈ પણ થાય...તું દિશા છોડીશ નહીં...પોઈન્ટ થ્રી ફાઈવ ફાઈવ પર જ રાખજે...' પ્રોફેસરે છેલ્લી સૂચના પૂરી કરી કે એ જ ક્ષણે એક જોરદાર ઝાટકા સાથે

ક્રુઝર ડગી ગઈ. અમે સીટ પરથી નીચે ગબડી પડ્યા. અચાનક જ લાગેલા ધક્કાથી પેલી છાજલી ઉપર પડેલો બધો સામાન પણ ટપોટપ અમારા માથે પટકાયો. અમે આડા હાથ દઈને બચવાની કોશિશ કરી તો થેલાઓ અમારી માથે પડીને આજુબાજુ ફેલાઈ ગયા. એક થેલાની અંદર વાસણો હતા એ બધા કર્કશ અવાજ સાથે ફંગોળાયા અને ત્યાં દેકારો મચી ગયો.

મેં બેઠા થઈને જોયું તો વાસણવાળા થેલાની ચેઈન ખૂલી ગઈ હતી અને વાસણો આમતેમ પડ્યા હતા.

'મેક્સ...જરા જોઈને...' પ્રોફેસર બેન જોરથી બોલ્યા અને પછી અંદરની કેબિન તરફ નજર કરી, 'શું થયું એલેક્સ ? બધા બરાબર છો ને ?'

'અ...અમે...ઠીક છીએ...પ્રોફેસર સાહેબ...' વોટ્સને આસ્તે આસ્તે ઊભા થતાં કહ્યું, 'ઉપર મૂકેલો આ સામાન...' એ એનું વાક્ય પૂરું કરી શકે એ પહેલાં તો વળી એક હવાના ઝોંકા સાથે ક્રુઝર ડાબી તરફ ઝૂકી અને વોટ્સન અમારા પર ગબડી પડ્યો. હજુ તો અમે ઊભા થવાની કોશિશ કરી ત્યાં તો વોટ્સનનું ભારે શરીર અમારા પર ખડકાયું.

'અરે છોકરાઓ...સંભાળજો...' પ્રોફેસર એની સીટ પરથી ઊભા થઈ ગયા, 'મેક્સ...ભૂલતો નહીં...પોઈન્ટ થ્રી ફાઈવ ફાઈવ...' એ સતત મેક્સને એક જ લાઈનમાં રહેવાનું કહ્યા કરતા હતા. મને એ ભાષા તો સમજાતી નહોતી, પરંતુ એટલું ચોક્કસ હતું કે પ્રોફેસર બેન ક્રુઝરને બને એટલી 'સ્પેક્ટર્ન'ની દિશામાં રાખવા માગતા હતા.

મેક્સ પણ એનામાં હતું એટલું બુદ્ધિબળ વાપરતો સુકાન દક્ષતાથી સંભાળી રહ્યો હતો. એ જોઈને મને એના પર માન થઈ આવ્યું.

બહાર વિજળીનાં ગડગડાટ સાથે ઠંડો પવન એટલી તીવ્રતાથી ફૂંકાતો હતો કે એની થપાટોને લીધે ક્રુઝર એક દિશામાં નહોતી રહી શકતી. ઉપરાંત સમુદ્રી મોજાં હવે વિરાટ રૂપ ધારણ કરી ચૂક્યા હતા. કાગળની હોડીની જેમ અમારી લોખંડ-લાકડાંની 'હોડી' મધદરિયે ઝઝૂમી રહી હતી.

ક્રિકે કહ્યું હતું એવું જ થયું. હવે મને ક્રિકની નકારાત્મક વાતોમાં તથ્ય લાગતું હતું. જો આ ક્રુઝર તોફાન સામે ઝીંક નહીં ઝીલી શકે તો અમારું તો આવી જ બનશે...હું વિચારોમાં ખોવાઈ ગયો...- હવે શું થશે – ની ઉત્કંઠાથી પ્રોફેસર બેન સહિત બધાના હ્યદય જોરશોરથી ધબકતાં હતાં. મેં આંખો બંધ કરી – લીમા નજર તળેથી પસાર થઈ ગયું... અમારી હાઉસિંગ રેસિડેન્સી... મારું વ્હાલું ઘર... મમ્મી...! – બધું જ પસાર થઈ ગયું. એક ઊંડા શ્વાસ સાથે મેં આંખો ખોલી. સામે પ્રોફેસર બેનનો દ્રઢ ચહેરો જોતાં જ બધા વિચારો ગાયબ થઈ ગયા અને હતું એના કરતાં ડબલ જોમ મારા શરીરમાં પ્રસરી ગયું.

'કમ ઓન બોયઝ, આપણે આ તોફાનનો મુકાબલો કરવાનો છે. ડરશો તો જિંદગીને ભૂલી જવી પડશે. ઓલ રાઈટ ?' પ્રોફેસર ઉત્સાહથી ભરપુર અવાજે બોલી ઉઠ્યા.

'યસ ! વી આર રેડી !' લગભગ અમે એક સાથે કહ્યું.

અચાનક એક મોટો વીજળીનો કડાકો ક્રુઝરની આગળની કેબિનના કાચને તોડતો સીધો જ કંટ્રોલ પેનલ પર ખાબક્યો. ભીષણ અવાજ થયો અને મેક્સ એની સીટ પરથી બાજુ પર ફંગોળાઈ ગયો. આખું કંટ્રોલ પેનલ શોર્ટસર્કીટ થઈને બળવા લાગ્યું. વીજળીનો તણખો છેક તળિયાને ચીરી ગયો હતો એટલે ક્રુઝરમાં વેગપૂર્વક પાણી ભરાવા લાગ્યું.

'ઓહ શીટ ! મેક્સ ! ઠીક છે ને તું ?' પ્રોફેસર બેને મેક્સને ઊભો કરતાં પૂછ્યું.

'હા...પણ હવે સુકાન મારા કંટ્રોલની બહાર છે, સર, હું કશું નહીં કરી શકું.' એણે ઉદાસ અવાજે કહ્યું. એનાં જમણા બાવડા પર વીજળીને લીધે ઘસારો પડી ગયો હતો અને એમાંથી લોહી નીકળતું હતું.

હવે ક્રુઝર વધુ પડતી ફંગોળાઈ રહી હતી. મને એકદમ ચક્કર આવવા જેવું લાગતું હતું. કાળ અમારા પર ખરેખર તૂટી પડ્યો હતો. જરૂર નજીકમાં જ ક્યાંક મોટું વાવાઝોડું ઉદ્ભવ્યું હતું.

એન્જિનનો અવાજ પણ હવે બદલાઈ ગયો હતો.

'એલેક્સ ! થોમસ ! વૉટ્સન ! તમારી બરાબર પાછળ ત્રણ નાની હોડીઓ લટકે છે, એને કાઢો.' પ્રોફેસર બેને હુકમ છોડ્યો. અમે પાછળ જોયું તો તાડપત્રીના કવરવાળી ત્રણ બચાવ નૌકા લટકતી હતી. દોડીને અમે એ કાઢી લીધી. ત્રણ જણા માંડ સમાય એવી એ હતી, પણ અમારા માટે તો પૂરતી હતી.

ઝખ્મી ક્રુઝર હવે પેસિફિકનાં પાણીમાં ગરકાવ થવા જઈ રહી હતી. અમે બને એટલો સામાન ભેગો કરવાની કોશિશ કરી અને તૂતક પરથી એક પછી એક થેલાઓ નીચે પાણીમાં ફેંકવા માંડ્યા.

'એલેક્સ ! થેલાઓ ફેંકશો નહીં.' પ્રોફેસર બરાડ્યા, 'અત્યારે માત્ર પોતાનો થેલો લઈને કૂદી પડો. કોઈ રસ્તો નથી બીજો. તમે કૂદો એટલે હું આ નૌકાઓ નીચે ફેંકું છું.'

હવે ક્રુઝર થોડી જ પળોમાં મસમોટા મોજાંની આગોશમાં ગરકાવ થઈ જવાની હતી.

'જાઓ જલ્દી...' પ્રોફેસરે એલાન કર્યું અને એક પછી એક બધા નીચે કૂદવા લાગ્યા. નીચે ઠંડા પાણીમાં થપાક...થપાક...અવાજો સંભળાયા. પાછળનાં ભાગમાંથી ડીઝલનાં બેરલ્સ પણ એક પછી એક કરતાં પાણીમાં લસરવા માંડ્યા. બે જણ કૂદી ગયા પછી હું દરવાજા પાસે મારું શરીર સંભાળતો ઊભો રહ્યો. પછી મેં પ્રોફેસર બેન તરફ નજર કરી.

'એલેક્સ ! ટાઈમ નથી. જલ્દી કૂદ...હું અને મેક્સ સંભાળી લઈશું...' ધડાધડ થતાં એન્જિનના દેકારામાં એ જોરથી બોલ્યા. મેં નીચે ભૂરા પાણીમાં નજર કરી અને... કુદ્યો. સપાટાભેર હું ઠંડી હવાને કાપતો પાણીમાં ખાબક્યો અને પાણીમાં બે-ત્રણ ફૂટ અંદર ગરકાવ થઈને ફરી બહાર નીકળ્યો. આંખો ચોળીને મેં જોયું તો ગર્જના કરતી કેબિન ક્રુઝર થોડે દૂર પાણીમાં ઊંધી વળી ગઈ હતી. એટલા વિસ્તારનાં પાણીએ મોટાં કુંડાળા રચી દીધાં હતાં. જોતજોતામાં ક્રુઝર પાણીમાં ગરકાવ થઈ ચૂકી હતી.

બધું જ શાંત થઈ ગયું. કાનમાં પાણી ભરાઈ જવાને કારણે પ્રસરી ગયેલા સન્નાટા અને ઊંચા-ઊંચા હિલોળા લેતા સમુદ્રનાં પાણી સિવાય કોઈ જ અવાજ નહોતો.

થોડી વાર તો મારી જાતને અસલિયતનું ભાન થતાં થઈ. છેલ્લી ઘડીઓમાં કેટલી ભયંકર ઘટના બની ગઈ હતી ! ઉપર આકાશમાં કાળા ડીબાંગ વાદળોનાં સમૂહ અને નીચે આ અગાધ સમુદ્ર... ચારે બાજુ ઊછળતું પાણી પાણી ને પાણી...

મેં આજુ-બાજુ નજર કરી તો અમારો છૂટો-છવાયો સામાન ડીઝલનાં બેરલ્સ સાથે આમ તેમ તરતો હતો. ત્યાં જ એક પછી એક પાંચ માથાં દેખાયાં અને મને ધરપત થઈ. વૉટ્સન, થોમસ, વિલિયમ્સ, જેમ્સ અને ક્રિક – બધા જ સહીસલામત હતા. થોડે દૂર બે નાની બચાવ નૌકા તરતી હતી. એમાંની એકને મજબૂત રીતે પકડીને પ્રોફેસર બેન તરી રહ્યા હતા. એ જોર જોરથી શ્વાસ લઈ રહ્યા હતા.

'પ્રોફેસર બેન ! ઠીક છો ને તમે ?' હું તરતો-તરતો એ તરફ ગયો.

'ઓલ...લ...રા...રાઈટ..., એલેક્સ.' એ હાંફતા અવાજે બોલ્યા. દરમિયાનમાં મારા મિત્રો પણ એ તરફ આવી પહોંચ્યા. અમે ઝડપથી સામાન બંને હોડીઓમાં ગોઠવી દીધો અને પછી અમે હોડીમાં ચડી ગયા. હું, પ્રોફેસર બેન અને થોમસ એક હોડીમાં બેઠા અને ક્રિક, વિલિયમ્સ, જેમ્સ બીજીમાં.

આ બધી ઝંઝટમાં અમે મેક્સને તો ભૂલી જ ગયા હતા. મેં તરત જ પ્રોફેસર બેનને ગભરાટભર્યા અવાજે પૂછ્યું, 'પ્રોફેસર ! મેક્સ ક્યાં છે ? એ દેખાતો નથી.' હું ક્રુઝર જ્યાં ક્રેશ થઈ હતી એ વિસ્તારના પાણીમાં આમતેમ રઘવાયો બનીને જોતો હતો.

'ઓહ શીટ ! મેક્સ નથી દેખાતો.' પ્રોફેસર બેન પણ આજુ-બાજુ નજર ઘુમાવતા બોલ્યા, 'ચાલ એલેક્સ, હોડીને સામે જ્યાં ક્રુઝર ડૂબી ત્યાં લઈ જઈએ...કમ ઓન...' કહીને એમણે હોડીની સાઈડમાં લાગેલા બે હલેસાં માંથી એક લઈ લીધું. એમનું અનુકરણ કરીને મેં પણ બીજું લઈ લીધું.

જેટલી તાકાત હતી એટલી તાકાતથી હલેસાં મારતાં અમે એ જગ્યાએ પહોંચ્યા. પાછળ-પાછળ વિલિયમ્સ, ક્રિક પણ હલેસાં મારતાં એમની હોડીને એ તરફ લઈ આવ્યા. અલબત્ત, ઊંચા-ઊંચા મોજાંની થપાટોને કારણે આ નાનકડી હોડીઓ બહુ ટકી નહોતી શકતી. જો કે આવી હોડીઓ ગમે તેટલાં તોફાનમાં પણ ટકી શકતી હોય છે.

અમારી હોડીમાંથી પ્રોફેસર બેન અને બીજી હોડીમાંથી વિલિયમ્સ - એમ બે જણાએ તોફાની પાણીમાં ડૂબકી લગાવી ને છેક અંદર ઊંડે સુધી ગયા. તીવ્રપણે હાલકડોલક થતી હોડીમાં બેઠેલો હું પાણી ઉપર તરી આવેલા ક્રુઝરનાં બે-ચાર અવશેષોને જોઈ રહ્યો. મને મેક્સની ખૂબ જ ચિંતા થતી હતી.

થોડી વારે બંને સપાટી પર આવ્યા. મેં અને પાછળની હોડી પરના જેમ્સ અને ક્રિકે એ લોકો સામે પ્રશ્નાર્થ નજરે જોયા કર્યું.

'મેક્સ ગયો, એલેક્સ !' હોડી પર આવીને પાણીથી લથબથ થઈ ગયેલા પ્રોફેસર બેને નિસાસો નાખ્યો. એમની આંખોમાં છલકાતું દુઃખ હું સ્પષ્ટ જોઈ શક્યો. તેઓ માંડ-માંડ બોલી શકતા હતા, 'એની બચવાની શક્યતાઓ નહિવત છે. છેલ્લે હું કુદ્યો એના પછી મેં ક્રુઝરને પાણીમાં ગરકાવ થતાં જોઈ હતી. કદાચ મેક્સ નજીકમાં ક્યાંક ઘવાયેલી હાલતમાં હોય તો એ જાણવા હું અને વિલિયમ્સ બન્યું એટલું ઊંડે જઈ આવ્યા. નીચે એક ખડક છે અને એની સાથે ક્રુઝર ટકરાઈ હોવાને કારણે એનો વચ્ચેથી ખુડદો બોલી ગયો છે અને એનો થોડો ઘણો કાટમાળ અહીં પાણી ઉપર તરે છે. ભયંકર અકસ્માત હતો આ...!' પ્રોફેસરે પૂરું કર્યું. પછી અચાનક જ કંઈક યાદ આવ્યું હોય એમ ઉત્તેજનાથી બોલી ઉઠ્યા, 'પણ, એલેક્સ ! ત્રીજી હોડી હજી ગાયબ છે...આ નવાઈની વાત છે.'

'હા, પ્રોફેસર...' હું ઊંડો નિસાસો નાખતાં બોલ્યો અને ઉપર જોયું. આકાશમાં વાદળોનો ગડગડાટ જામ્યો હતો. એ પછી થોડી જ વારમાં વરસાદ શરૂ થઈ ગયો. પ્રોફેસર બેનની સૂચનાથી અમે બંને હોડીઓ એક બીજા સાથે દોરડાથી બાંધી દીધી જેથી બંને હોડી એકસાથે રહી શકે.

વરસતા વરસાદમાં અમારી બંને હોડીઓ પવનનાં વેગે ઊંચા-ઊંચા મોજાં પર તરતી આગળ ધપ્યે જતી હતી. બસ, હવે અમારે અમારી જાતને નસીબ પર છોડી દેવાની હતી. એક મહિનો ચાલે તેટલો ખોરાક સાથે હતો એટલે અમે ભૂખે તો નહીં જ મરીએ એવું મેં વિચાર્યું. આવો

ખતરનાક અને કમકમાટીભર્યો વખત આજ પહેલાં મેં ક્યારેય નહોતો જોયો.

વિચારતાં વિચારતાં જ મને લીમા યાદ આવ્યું... રેસિડેન્સી યાદ આવી... વહાલું ઘર... મમ્મી... બધાને મેં યાદ કરી લીધાં. કદાચ હવે મળવાનો વખત નહીં આવે એવું મેં મનોમન વિચારી લીધું હતું. ધસી આવતા આંસુ રોકવા મેં આંખો બંધ કરી અને ક્યારે ઊંઘ આવી ગઈ એ ખબર ન પડી.

પ્રકરણ:૯ સ્પેકટર્નની ખોજ...!

કેટલા વાગ્યા હશે એની તો ખબર નહોતી, પણ જ્યારે મારી આંખો ખૂલી ત્યારે આકાશ એકદમ સ્વચ્છ હતું. મારા કાને પાણીનાં ધીમા ધીમા હિલોળા સંભળાતા હતા. અમુક પક્ષીઓના 'કાંવ...કાંવ...' જેવા અગાઉ ક્યારેય ન સાંભળેલા વિચિત્ર અવાજો સંભળાતા હતા. હોડી પણ સાવ હળવે હળવે હાલકડોલક થતી હતી.

ક્રુઝરવાળા બનાવને લીધે મારું શરીર ખૂબ જ દુખતું હતું. મેં મારી બાજુમાં નજર કરી તો મારા આશ્ચર્ય વચ્ચે પ્રોફેસર બેન અને થોમસ હોડીમાં નહોતા !

પરિસ્થિતિનો તાગ મેળવવા મારે દુખતે શરીરે બેઠું થવું પડે એમ જ હતું. થોડું જોર લગાવીને હું હોડીમાં બેઠો થયો. પણ... આ શું ? એ જ ક્ષણે મારો બધો જ દુખાવો જાણે ગાયબ જ થઈ ગયો.

મેં લગભગ બે-ત્રણ વાર મારી આંખો ચોળી ચોળીને જોયું. મને ખરેખર વિશ્વાસ નહોતો બેસતો.

કિનારાની રેતીમાં બંને હોડીઓ ખૂંપી ગઈ હતી અને એ કિનારો આજુ-બાજુ છેક દૂર સુધી ફેલાયેલો હતો. બરાબર સામે થોડે સુધી આવી જ, કિનારાની સૂકી મુલાયમ રેતીવાળો મેદાની પ્રદેશ હતો અને ત્યાર પછી ઊંચી ઊંચી વનરાજીઓ અને ગાઢ વૃક્ષો ધરાવતું જંગલ શરૂ થઈ હતું હતું.

હકીકત મને ચમત્કાર જેવી લાગી ! અમે જમીન સુધી પહોંચી ગયા હતા ! ગઈ કાલના તોફાનને જોતાં જમીનની આશા મને નહીંવત લાગતી હતી. છેલ્લે ક્રુઝર પાણીમાં ગરકાવ થઈ ગઈ ત્યાર પછી હું થોડો ગભરાઈ ગયો હતો. બિચારા મેક્સનો ક્યાંય પત્તો નહોતો. એવામાં આ બે નાનકડી હોડીના સહારે અમે અમારી જાતને નસીબ અને ઈશ્વર પર છોડી દીધી હતી. પરંતુ નસીબ

આખરે અમારી વહારે આવ્યું હોય એમ અમને આ જમીન સુધી પહોંચાડી દીધા હતા.

મેં જોયું તો પ્રોફેસર બેન વધ્યો-ઘટ્યો સામાન તપાસી રહ્યા હતા. એમની બાજુમાં થોમસ ઊભો હતો. તો થોડે દૂર નીચે સુંવાળી રેતીમાં બે જણ થાક્યા-પાક્યા લથબથ થઈને પડ્યા હતા. તેઓ ક્રિક અને વિલિયમ્સ હતા. જ્યારે વોટ્સન અને જેમ્સ અર્ધજાગ્રત અવસ્થામાં બાજુની હોડીમાં પડ્યા હતા.

બસ... અમારા સાત જણા સિવાય આખો વિસ્તાર સાવ સુમસામ હોય એવું લાગતું હતું. જાણે કોઈક બીજી જ દુનિયામાં આવી ગયા હોઈએ એમ અમારા સિવાય એક પણ માનવતત્વની હાજરી નહોતી. સાવ વેરાન વાતાવરણ હતું ને એમાંય અમુક પક્ષીઓના વિચિત્ર-વિચિત્ર અવાજો અને ઝાડ-પાનનાં ખડખડ અવાજો ડરામણા લાગતા હતા.

'અરે વાહ ! જમીન...' બાજુની હોડીમાં વોટ્સન બેઠો થતાં બોલ્યો. એનાં હાથમાં હોકાયંત્ર હતું. એ ઝડપથી ઊભો થઈને કિનારા પર કુદ્યો. ઊંડી રેતીમાં એનાં પગ થોડા ખૂંપી ગયા. પછી એ માંડ-માંડ રેતી પર ચાલતો આગળ પ્રોફેસર બેન તરફ ગયો.

હું હજી હોડીમાં જ બેઠો બેઠો આ બધું જોતો હતો.

'પ્રોફેસર સાહેબ ! મારું અનુમાન સાચું હોય તો આ "સ્પેક્ટર્ન" જ છે !' અચાનક શાંત વાતાવરણમાં વોટ્સને ધડાકો કર્યો. એનું આ એક જ વાક્ય સાંભળીને બીજી હોડીમાં સૂતેલો જેમ્સ જાણે સાપ કરડ્યો હોય એમ ઉછળીને બેઠો થઈ ગયો, 'હેં... સ્પેક્ટર્ન ?' પછી એણે મારી સામે જોયું. મેં પણ એની સામે જોયું.

બીજી જ ક્ષણે હું અને જેમ્સ પણ હોડીમાંથી ઊતરીને રેતી ખુંદતા ખુંદતા એ લોકો પાસે પહોંચ્યા.

થોડે દૂર રેતીમાં એમ જ પડેલા ક્રિક અને વિલિયમ્સ પણ 'સ્પેક્ટર્ન'નું નામ કાને પડતાં જ સફાળા ઊભા થઈને આ તરફ આવ્યા.

મને એ જોઈને હસવું આવી ગયું. 'સ્પેક્ટર્ન'ની પાછળ આ લોકો કેવા ઘેલા થયા હતા !

'વોટ્સન, તું એમ કેવી રીતે કહે છે કે આ સ્પેક્ટર્ન જ છે ? કદાચ કોઈ બીજો ટાપુ પણ હોઈ શકે. અથવા કોઈ ઉપખંડ પણ હોય.' ક્રિકે વાતનો દોર ચાલુ કર્યો.

'ક્રિક, એક વાત તું ભૂલી ગયો લાગે છે.' વોટ્સને કહ્યું.

'કઈ વાત ?' પ્રશ્ન ક્રિકે કર્યો હતો, પણ જવાબ અમને બધાને જાણવા હતા.

'એ જ કે પ્રોફેસર સાહેબે આપણને જે કહ્યું હતું એ યાદ કર.' વોટ્સને જવાબ આપતાં કહ્યું. ક્રિક સહિત અમે બધા વિચારવા લાગ્યા. વોટ્સને આગળ ચલાવ્યું, 'એમણે કહ્યું હતું ને કે આ 'સ્પેક્ટર્ન'ની આજુબાજુ ઘણે દૂર સુધી કોઈ જ ટાપુ નથી કે બીજી એવી કોઈ જ જમીન નથી.'

'અં... હા... કહ્યું તો હતું એવું મેં... અલબત્ત એ જ સાચું છે, નકશા પ્રમાણે અને મારા રિસર્ચ મુજબ "સ્પેક્ટર્ન"ની આજુ-બાજુ લગભગ બસો-ત્રણસો માઈલ સુધી કોઈ જ મોટા ટાપુઓ નથી. બાકી આ અંતરથી આગળ બીજા ટાપુઓ હોઈ શકે છે.' પ્રોફેસર બેને કહ્યું, 'પણ વોટ્સન, તું સાબિત શું કરવા માગે છે એ નથી સમજાતું.'

'આ જુઓ...' વોટ્સને એની પાસે રહેલું હોકાયંત્ર બતાવ્યું. એમાં નોર્થ(ઉત્તર)નો કાંટો અમે ઊભા હતા એની જમણી તરફ સ્થિર થયેલો હતો.

'જુઓ...આ કાંટો ઉત્તર તરફ એટલે કે આપણા જમણા હાથ તરફ સ્થિર થયેલો છે, બરાબર ? તો જમણી તરફ ઉત્તર હોય તો આપણે ઊભા છીએ એ જ દિશામાં સામેની તરફ

પશ્ચિમ દિશા હશે. ખરુંને ?' કહીને વોટ્સને એકદમ સામે પશ્ચિમ દિશામાં જોયું.

એનો ગુઢાર્થ હું કળી ગયો હતો. એ શું કહેવા માગતો હતો એ મને સમજાઈ ગયું હતું.

'અને પ્રોફેસર સાહેબે કહ્યું હતું એમ નકશામાં દર્શાવ્યા પ્રમાણે 'સ્પેક્ટર્ન' સાઉથ અમેરિકાથી પશ્ચિમ દિશામાં એકદમ સીધો આવેલો છે. આજુબાજુ કોઈ મોટી જમીન કે ટાપુ નથી, તો આનો અર્થ સમજ્યા દોસ્તો ?' વોટ્સન ઉત્સાહમાં આવી જઈને થોડે દૂર દેખાતા જંગલ તરફ જોતાં બોલ્યો.

એની વાત સાંભળીને બે ઘડી તો બધા ઉત્તેજિત થઈ ઉઠ્યા. જો આ સ્પેક્ટર્ન હશે તો એ કેટલી આનંદની વાત હશે – એવું જ અત્યારે બધા વિચારતા હતા.

'એક મિનિટ વોટ્સન...' પ્રોફેસર બેને અચાનક કહ્યું. એ અમારા જેટલા ઉત્સાહમાં નહોતા લાગતા. વોટ્સને તેમની સામે જોયું.

'એવું ન પણ બને, વોટ્સન. કદાચ આપણે જે ભૂ-ખંડ પર ઊભા છીએ એ ખરેખર કોઈ મોટો ટાપુ ન હોય અને નાનો એવો જમીનનો ટુકડો હોય એવું પણ બને ને...' પ્રોફેસરે શંકા વ્યક્ત કરતાં કહ્યું. પણ પછી જાણે વીજળીનો કરંટ લાગ્યો હોય એમ તેમણે ઝડપથી પોતાનો ભીનો થઈ ગયેલો થેલો ખોલ્યો અને એમાંથી નક્શો અને એન્ડરસનની ડાયરી બહાર કાઢ્યાં.

સાવ ભીના થઈ ગયેલા નક્શો અને ડાયરીને હાથમાં પકડતાં પ્રોફેસર બેને મોં બગાડ્યું. પછી એ નક્શો તથા ડાયરીને નજીકમાં ઉપસી આવેલા ચપટા ખડક પર પાથર્યા જેથી સૂરજના તાપને કારણે એ સુકાઈ જાય. તેમણે ડાયરીના બધાં જ લખાણવાળા પાનાં ડાયરીમાંથી છૂટા કર્યા અને પછી પાથર્યા જેથી બધા પાનાં એક સાથે સુકાવા માંડે.

'છોકરાઓ, આપણે આ નક્શા અને ડાયરીના લખાણો ઉપરથી નક્કી કરીશું કે આ સ્પેક્ટર્ન ટાપુ છે કે નહીં, ઓ.કે. ?' પ્રોફેસરના મુખ પર આછું સ્મિત ફરકી ગયું, 'વોટ્સન સાવ ખોટો હોય એવું પણ નથી. એનો તર્ક સાચો પણ હોય. કારણકે ક્રુઝર-દુર્ઘટના વખતે હું સતત મેક્સને સ્પેક્ટર્ન તરફના અક્ષાંશ-રેખાંશ પર જ સુકાનને સંભાળી રાખવાની સૂચનાઓ આપતો હતો અને એણે એ કરી પણ બતાવ્યું. એણે છેક સુધી સુકાનને એ જ દિશામાં રાખ્યું. હવે ધારો કે પાછળથી તોફાનના અટક્યા પછી પવને પશ્ચિમ તરફનું જોર પકડ્યું હોય અને એમ આપણી બંને હોડીઓ પવનવેગે પશ્ચિમમાં આગળ વધી હોય અને અહીં સુધી આવી પહોંચી હોય એવું પણ શક્ય છે ને !'

પ્રોફેસર બેનની વાત સાંભળીને મારા શરીરમાં કંઈક વિચિત્ર ઉત્તેજના છવાઈ ગઈ. પણ સાથે જ મેક્સની યાદ પણ આવી ગઈ. એ બિચારો અત્યારે ક્યાં હશે ? કઈ હાલતમાં હશે ? જીવિત હશે કે મૃત ? આવા બધા પ્રશ્નોની ઝડી મારું મગજ વરસાવવા લાગ્યું હતું.

આશરે એકાદ કલાક પછી પ્રોફેસરે સપાટ ખડક પર સૂકવેલા નક્શો અને ડાયરીના પાનાંઓને અડી જોયું. એ લગભગ સુકાઈ ગયાં હતાં. એ જોઈને પ્રોફેસરના ચહેરા પર ચમક પથરાઈ ગઈ. એમણે ત્યાં જ ઊભા ઊભા નક્શો ખોલ્યો.

'અં... જુઓ... અહીં દક્ષિણની તરફ નીચે બે ખાસ્સા મોટા ખડકોની બનેલી કોતરો છે બંને થોડા થોડા અંતરે આવેલી છે.' તેમણે નક્શા પર એ જગ્યાએ આંગળી મૂકતાં કહ્યું, 'એટલે જો આ ટાપુ સ્પેક્ટર્ન છે કે નહીં એ નક્કી કરવું હોય તો સૌથી પહેલાં આ બંને ખડકોવાળી જગ્યા શોધવી પડે.'

'હા તો હું અને વિલિયમ્સ તપાસ કરી આવીએ.' જેમ્સે આતુરતાથી કહ્યું. પ્રોફેસર બેને થોડું વિચાર્યું, પછી કહ્યું, 'ઠીક છે. તમે બંને આ તરફના કિનારેથી શરૂ કરો. અને શોધ પૂરી થાય પછી

બરાબર આ જ જગ્યાએ આવી જજો. આ જંગલનાં પ્રવેશ પાસે. ઓ.કે. ? નાઉ ગો. હવે આપણે મોડું નથી કરવું.'

પ્રોફેસર બેનની સંમતિ લઈને જેમ્સ-વિલિયમ્સ ખડકો શોધવા નીકળી પડ્યા. વળી એક વિચાર મને એવો પણ આવ્યો કે જો આ ટાપુ સ્પેક્ટર્ન નહીં હોય તો અમે પાછા લીમા કઈ રીતે જશું ? પરંતુ હાલતુરત આ સવાલને મેં મનમાં જ દબાવી દીધો.

આ દરમિયાન મેં અમારો સામાન ચેક કર્યો. જોઈને હું થોડો નિરાશ થઈ ગયો. અમારો થોડો મહત્વનો સામાન ક્રુઝની દુર્ઘટના વખતે પેસિફિકના પાણીમાં વિખેરાઈ થઈ ગયો હતો. એમાં અક્ષાંશ-રેખાંશ માપક, દારૂગોળો, બોમ્બ, થોડાં હથિયારો, વાસણો વગેરે જેવો સામાન અમે ખોઈ નાખ્યો હતો. બાકી બચેલા કપડાં, બિસ્તર, ટેન્ટ એ બધું સંપૂર્ણ રીતે ભીંજાઈ ગયું હતું. અલબત્ત, ખોરાકને એરટાઈટ ડબ્બામાં રાખ્યો હોવાને કારણે એ કોરો જ રહ્યો હતો.

પ્રોફેસર બેન પેલા એન્ડરસન સાહેબની ડાયરીના જુદા કરેલા એક-એક પાનાં ધ્યાનથી તપાસતા હતા. બરાબર એ જ વખતે મને પાણીની તરસ લાગી. મેં નીચે પડેલી પાણીની બોટલ ઉઠાવી અને પાણી પીવા માટે મોં ઊંચું કર્યું. સામેનું દ્રશ્ય જોતાં અચાનક મારી બધી જ તરસ જાણે એ ક્ષણ પૂરતી છીપાઈ ગઈ ! દૂર-દૂર ગાઢ, લીલાછમ જંગલની વચ્ચેથી પર્વતની ટોચ જેવું એકદમ ધૂંધળું દેખાયું.

'પ્રોફેસર બેન ! જલ્દી જુઓ !' મેં બૂમ પાડી એટલે પ્રોફેસર એનું કામ પડતું મૂકીને મારી તરફ આવ્યા. મેં આંગળી ચીંધીને સામેની તરફ ઊંચે જોવાનું કહ્યું. એમણે જરીક વાર આંખો ઝીણી કરીને જોયું. પછી બાજુમાં પડેલા એક થેલામાંથી દૂરબીન કાઢ્યું અને આંખે ચડાવ્યું.

'પહેલો પુરાવો, એલેક્સ !' એ આનંદથી ચિલ્લાઈ ઉઠ્યા, 'નકશામાં બતાવ્યું છે એમ જ આ પર્વત જંગલની વચ્ચેથી ડોકિયું કરી રહ્યો છે... સ્પેક્ટર્નની શંકા હવે સાચી પડતી દેખાય છે, એલેક્સ !'

સ્પેક્ટર્ન – શબ્દ સંભળાતાં જ વોટ્સન, ક્રિક અને થોમસ આ તરફ આવ્યા. તેઓએ પ્રોફેસર બેનનું વાક્ય સાંભળી લીધું હશે એવું મને લાગ્યું. બધાનાં ચહેરાઓ પર હું ખુશીની લહેર જોઈ શક્યો હતો.

'ઉપરાંત આ એન્ડરસનની ડાયરીના પાનાઓમાં પણ સ્પેક્ટર્નની આબોહવા તથા વાતાવરણ વિશે જે કંઈ પણ માહિતીઓ આપી છે એવું જ થોડું ઘણું વાતાવરણ અહીં પણ વર્તાય છે.' પ્રોફેસરે એક ડાયરીનું એક પાનું લઈને વાંચવા માંડ્યું, 'જુઓ...વિષમ આબોહવા, સૂર્યનો ભરપુર તાપ, છતાં વાતાવરણમાં ભેજમિશ્રિત ઠંડક, કિનારાની રેતી એકદમ સૂકી ને સુંવાળી...'

'લગભગ આમાંનું બધું જ અહીં છે, પ્રોફેસર !' થોમસ બોલી ઊઠ્યો. પ્રોફેસર બેન કંઈ બોલ્યા નહીં. એમને તો બસ પેલી ખડકોવાળી બે કોતરો શોધવા ગયેલા જેમ્સ-વિલિયમ્સની રાહ જોવી હતી. એમણે થોમસને માત્ર એક હળવું સ્મિત આપ્યું.

લગભગ એકાદ કલાક પછી મેં પશ્ચિમ-દક્ષિણ બાજુ જોયું તો જેમ્સ-વિલિયમ્સ પાછા ફરતા દેખાયા. એમનો જવાબ જાણવા અત્યારે અમારા સૌનું હ્રદય ઝડપથી ધબકી રહ્યું હતું. વચ્ચેથી જ તેઓ દોડ્યા અને દોડતાં-દોડતાં જ વિલિયમ્સે જોરથી બૂમ પાડી, 'ચિંતા છોડો ભાઈઓ ! બંને ખડકો મળી આવ્યા છે !'

અને વિલિયમ્સના વાક્યએ તો જાણે અમારા સૌમાં એકસામટી ખુશીઓ ભરી દીધી હોય એમ અમે આનંદથી ઝૂમી ઉઠ્યા. પ્રોફેસર બેનના ચહેરા પર પણ હવે સંતોષ છવાયો હતો.

***

મારી માન્યતા ખોટી પડી હતી. એ મધ્યમ કદનાં ખડકની બનેલી બે ગુફાઓ હતી. બંને ખડકોમાં અંદરની બાજુ બખોલ જેવું પોલાણ હતું. નકશામાં જેવા ખડકો ચીતર્યા હતા એનાં કરતાં આ ખડક ક્યાંય મોટો હતો.

હાલપૂરતો અમે બધો સામાન આ એક ગુફામાં ગોઠવી દીધો. આવો જ બીજો ખડક થોડે દૂર ધૂંધળો ધૂંધળો દેખાતો હતો. પણ ત્યાં સુધી જવાની જરૂર નહોતી, કારણકે આ ગુફા જ ખાસ્સી મોટી હતી. સામાન ઉપરાંત અમે સાતેય જણ આરામથી એમાં સમાઈ શકીએ એવી.

અત્યારે સાંજ પડી ચૂકી હતી. આજની રાત અમે અહીં આ ગુફામાં જ વિતાવાનું નક્કી કર્યું હતું. હવે આ 'સ્પેક્ટર્ન' હોવાની આશા ધીમે ધીમે જોર પકડવા લાગી હતી.

અમે ગુફામાં ઠંડીથી ઠુંઠવાતા બેઠાં હતા. વચ્ચે એક સરસ તાપણું કરવામાં આવ્યું હતું. સૌ કોઈ અત્યારે મેક્સને યાદ કરતા હતા. પ્રોફેસર બેને કહ્યું હતું કે ઈશ્વરની ઈચ્છા હશે તો મેક્સ ગમે ત્યાંથી આવી પહોંચશે, બસ અત્યારે મુદ્દો એટલો જ હતો કે આ ટાપુ 'સ્પેક્ટર્ન' છે કે નહીં એ સંપૂર્ણ રીતે સાબિત નહોતું થયું. જે એક-બે પુરાવાઓ મળ્યા હતા એનાથી કામ ન ચાલે, એટલે આવતી કાલે સવારથી આ મુદ્દા પર કામે લાગી જવાનું હતું.

પ્રકરણ:૧૦ એડગરની કેદમાં...

આખી રાત ઠંડી પડી હોવી જોઈએ એવું મને લાગ્યું. કારણકે અમે ખડકના પોલાણમાં ગુફામાં હતા એટલે બહુ ખબર નહોતી પડી.

સવારે ઊઠીને મેં જોયું તો આજુ-બાજુ ઝાકળ પડી હતી. ગુફાની દીવાલ પણ સહેજ ભેજવાળી હતી એટલે હું સમજી ગયો કે રાત્રે ઠંડીનું પ્રમાણ સરખું હતું.

સવારના પહોરમાં જ અમે તૈયાર થઈ ગયા હતા. 'લેમ્સ' ટાપુ પરથી ભેગા લીધેલાં દાતણનાં ડાળખાંમાંથી સળીઓ તોડી લઈને આજે પહેલી જ વખત મારા મિત્રોએ દાતણ કર્યાં.

એમને શરૂઆતમાં તો એનો સ્વાદ ન ફાવ્યો, પણ મારી ઔષધવાળી વાતને એ લોકોએ ગંભીરતાપૂર્વક લીધી હતી અને દાતણ ઘસ્યાં હતા. નજીકના કિનારા પાસે એક જગ્યાએ પાણી છાતીસરસું હતું ત્યાં એકદમ ઠંડા પાણીમાં થરથરીને પણ અમે ન્હાયા હતા.

'છોકરાઓ, હવે આપણે જંગલ તરફ પ્રયાણ કરવાનું છે.' પ્રોફેસર બેને એન્ડરસનની ડાયરીનાં એક પાનામાં જોતાં કહ્યું, 'એટલે કે, ઉત્તર તરફ જે જંગલ છે એ રસ્તે. અને આ એન્ડરસને લખ્યું છે કે સ્પેક્ટર્ન ટાપુના જંગલમાં અમુક અમુક અંતરે રબરનાં ઝાડ જોવા મળશે. જંગલની માટી થોડી ભેજવાળી હશે અને સમગ્ર ટાપુ પર જંગલી જાનવરોનું પ્રમાણ લગભગ નહીંવત્ હશે. માત્ર નાનાં જીવ-જંતુઓ, પક્ષીઓ એવું એવું જ જોવા મળશે.'

'ઓહ હો ! આ તો જબરું કહેવાય. જંગલી પ્રાણીઓ વગરનો ટાપુ !' જેમ્સના મોંમાંથી આશ્ચર્ય સરી પડ્યું. અમે લોકોએ પણ આશ્ચર્ય અનુભવ્યું.

'તો ચાલો, તૈયાર ?' પ્રોફેસરે કહ્યું, 'સૌ પોતપોતાના થેલાઓ જ લઈ લેજો. અને જે હથિયારો બચેલાં છે એ ખાસ લેજો. ટેન્ટને હું ખભે નાખી લઈશ.'

પ્રોફેસર બેને હુકમ કર્યો એટલે અમે થેલાઓ ઊંચકીને આગળ વધ્યા. દસેક મિનિટ જેટલું ચાલ્યા બાદ અમે ગાઢ જંગલમાં પ્રવેશી ગયા. નકશામાં પર્વતની તળેટી પાસે દર્શાવેલી 'ક્રોસ'(X)ની નિશાની સુધી પહોંચતા હજુ બે-ત્રણ દિવસ લાગી જશે એવું મેં વિચાર્યું.

જંગલમાં પગ મૂકતાંવેંત જ અમે ચારે બાજુ છવાયેલા ઊંચા ઊંચા ઘટાટોપ વૃક્ષોથી ઘેરાઈ ગયા. જુદા-જુદા કેટલાય જાતનાં પક્ષીઓનો કલબલાટ એકદમ વધી ગયો. જાણે અમે લોકો આવ્યા એ એમને ન ગમ્યું હોય એમ તેઓ કલબલાટથી પોતાનો વિરોધ નોંધાવતા હતા. થોડી થોડી વારે કોઈક પક્ષીનો 'કાંવ...કાંવ...' જેવો પેલો વિચિત્ર અવાજ આવતો અને પછી બંધ થઈ જતો હતો. લાખ પ્રયત્નો છતાં હું એ પક્ષી વિશે જરાસરખી પણ માહિતી મેળવી નહોતો શક્યો.

અમે એકદમ મૌન રહીને ચાલ્યા જતા હતા. હજુ જંગલ શરૂ જ થયું હતું કે અચાનક વિલિયમ્સે રાડ પાડી, 'ભાઈઓ ! જલદી અહીં જુઓ.' એ સૌથી પાછળ ચાલ્યો આવતો હતો.

તરત અમે પાછળ ફરીને જોયું. વિલિયમ્સે નીચે આંગળી કરીને કંઈક બતાવ્યું. એ એક ઝેરી કરચલો હતો. એની પીઠ લાલ રંગની હતી અને પગ કાળા હતા. એ એકદમ ધીમી ચાલે આમ-તેમ ફરતો હતો.

'ઓહ ! શું હું કોઈ સપનું તો નથી જોઈ રહ્યો ને ?' પ્રોફેસર બેન આશ્ચર્યથી ઊછળી પડ્યા. એમણે ટેન્ટ અને થેલો નીચે ફગાવ્યો અને ઝડપથી પેલી ડાયરી ખોલીને એનાં છૂટા-છવાયા પાનાં ફંફોસવા લાગ્યા. આખરે એક પાનું ખેંચી કાઢીને તેઓ મોટેથી બોલ્યા, 'કિનારાથી જંગલ તરફ જતાં શરૂઆતની અમુક જગ્યાએ લાલ કવચવાળા અને કાળા પગવાળા ઝેરી કરચલાઓ...યસ ! વોહ હો...! હવે પાક્કું થઈ ગયું દોસ્તો, આ સ્પેક્ટર્ન જ છે...' તેઓ ખુશીથી ઝૂમી ઉઠ્યા. અમે પણ સાથ પુરાવ્યો. એકબીજાને ભેટી પડ્યા. વાતાવરણ ઉલ્લાસમય બની ગયું.

ડાયરી મૂકીને પ્રોફેસરે નકશો ખોલ્યો, 'જુઓ અહીં, આ ખડકોના વિસ્તારમાં એન્ડરસને એક કરચલાનું ચિહ્ન પણ કરેલું છે.' એમણે આંગળી વડે દર્શાવ્યું. પછી વળી મોટેથી શૂન્યમાં તાકતાં બોલ્યા, 'આખરે પહોંચ્યા સ્પેક્ટર્ન, એન્ડરસન... હવે અમારો વારો છે તારું અધૂરું મૂકેલું કામ પૂરું કરવાનો...' એમણે કલ્પનામાં જ પ્રોફેસર એન્ડરસન સાથે વાત કરી.

***

બપોર પડી ચૂકી હતી. વચમાં અમે એક મોટા ઝાડની છાયામાં બેસીને ભોજન કરી લીધું

હતું અને હવે ફરી પાછું ઉત્તર તરફ પ્રયાણ શરૂ કરી દીધું.

અમે નિરંતર ચાલ્યા જતા હતા. સૌથી આગળ પ્રોફેસર બેન હતા. એમનાં હાથમાં નકશો, ડાયરી અને એક હોકાયંત્ર હતું. હોકાયંત્રને સહારે જ અમારે 'ક્રોસ'વાળી જગ્યાએ ઉત્તર તરફ ચાલ્યે રાખવાનું હતું.

સાતેય જણાનાં એક પછી એક પડતા પગલાં જમીન પર પડેલા સૂકાં પાંદડાને કચડતા હતા. અમુક અમુક જગ્યાએ તો વનરાજીઓ એવી ગાઢ હતી કે રસ્તો જ જડે નહીં. એટલે આગળ ચાલતા બે-ત્રણ જણાએ ચાકુથી નડતરરૂપ થતાં ઝાડી-ઝાંખરા કાપીને રસ્તો કરવો પડતો હતો. ઘટાદાર વૃક્ષોની ડાળીઓ એકબીજીની સાથે કરોળિયાના જાળાની જેમ ગૂંચવાયેલી હતી. તડકાનું પ્રમાણ ઘણું હતું પણ, જેમ જેમ અમે જંગલમાં ઊંડે જતા ગયા તેમ તેમ સૂર્યના દર્શન ઘટતા ગયા. એકબીજાની સાથે જકડાઈને ઉભેલી વનરાજીઓની વચ્ચેથી ઝીણો ઝીણો સૂર્યપ્રકાશ આવતો હતો. આથી ઠંડીએ થોડું જોર પકડી લીધું હતું. આખાયે જંગલમાં અમારા સાત જણા સિવાય કોઈ જ બીજું માનવતત્વ ન હોય એવું લાગતું હતું. માત્ર ને માત્ર જીવ-જંતુઓ અને પક્ષીઓનાં અલગ-અલગ જાતનાં અવાજો સતત આવ્યા કરતા હતા.

'હેં પ્રોફેસર સાહેબ ! તમે ધાર્યું હતું કે આઠેક દિવસમાં સ્પેક્ટર્ન આવી જશે, પણ સ્પેક્ટર્ન તો ગણતરી કરતાં થોડો વહેલો આવી ગયો... એનું શું કારણ ?' શાંતિનો ભંગ કરતાં જેમ્સે પૂછ્યું. એનો સવાલ મહત્વનો હતો. મેં પણ મારા કાન પ્રોફેસરના જવાબ સાંભળવા સરવા કર્યા.

'અરે હા છોકરાઓ, એ હું કહેવાનું જ ભૂલી ગયો...' પ્રોફેસર ચાલતાં ચાલતાં પાછળ જોતાં બોલ્યા, 'મારી દિવસ-ગણતરીમાં થોડી ભૂલ પડી છે. કદી આવું થતું નથી. પણ ઘણી વાર ભૌગોલિક પરિસ્થિતિઓને આધારે આપણે જે અનુમાન કરીએ એ ખોટું પણ નીવડતું હોય છે. મારી સાથે પણ એ જ બન્યું.' કહીને તેઓ હસ્યા.

'હમ્મ... એ ખરું.' થોમસે કહ્યું.

'અરે અહીં આગળ જુઓ...' ત્યાં જ ક્રિક સફાળો બોલી ઊઠ્યો અને એ દિશામાં આંગળી ચીંધી. અમે એ તરફ જોયું તો જાણે સ્પેક્ટર્ન આખરી સાબિતી આપતો હોય એમ ત્યાં એક ઝાડ હતું અને એનાં થડમાંથી કોઈક ચીકણું પ્રવાહી નીકળતું હતું. એ રબરનું ઝાડ હતું ! બસ, હવે તો શંકા સાવ નિર્મૂળ થઈ ગઈ હતી. આ ટાપુ બીજો કોઈ નહીં, પણ સ્પેક્ટર્ન જ હતો.

અમે ખુશીથી ઝાડને જોઈને પછી આગળ વધ્યા. હવે અમે એકદમ જોશમાં આવી ગયા હતા. 'સ્પેક્ટર્ન'ને સાબિત કરવાનું કામ પૂરું થયું હતું એટલે હવે અમારે મુખ્ય મિશન તરફ આગળ વધવાનું હતું.

ક્યારેક ક્યારેક તો ગીચ ઝાડીઓ વચ્ચેથી પસાર થતો રસ્તો ઉબડ-ખાબડ બની જતો હતો, એટલે અમારે સંભાળીને ચાલવું પડતું. ઘણી જગ્યાએ જમીન પરની માટી એકદમ ભીની થઈ જતી. એનું તારણ મેં એવું તારવ્યુ હતું કે 'સ્પેક્ટર્ન'ની વચ્ચેથી પસાર થતી નદીનું પાણી ઢોળાવોને કારણે આ તરફ રેલાઈ આવ્યું હશે એટલે આ તરફની જમીન વધુ ભીની હશે.

ચાલતાં-ચાલતાં સાંજ પડી ગઈ. સૂર્યનો પ્રતાપ હવે તો સાવ ઓછો થઈ ગયો હતો, એટલે જંગલમાં સૂર્યપ્રકાશ આવતો જ બંધ થઈ ગયો હતો. સૂર્યપ્રકાશ વગરના બંધિયાર જંગલમાં અમે આગળ વધતા હતા.

લગભગ સાંજના સાતેક વાગ્યે અમે વિરામ લીધો. એક મોટું ઝાડ શોધ્યું અને ત્યાં પડેલા નાના-નાના પથરાઓ પાસે ગોઠવાયા.

'અરે રે રે... ઓહ... બહુ થાક લાગ્યો હોં યાર.' ક્રિક ચિત્કાર કરતો ફસડાઈ પડ્યો. જોકે અમારા બધાની હાલત અત્યારે એવી જ થઈ ગઈ હતી. વિસામો ખાવા બેઠાને હજુ પંદરેક મિનિટ થઈ હશે ત્યાં એક બનાવ બની ગયો. આ બનાવ સ્પેક્ટર્ન પહોંચ્યા પછીનો ખૂબ જ મહત્વનો બનાવ હતો. આગળ જતાં એ બનાવ અમારી સફર પલટી નાખવાનો હતો.

અમે વાતો કરતા બેઠા હતા ત્યાં જ પાસેની ઝાડીમાં સહેજ હલનચલન થયું. હું તરત ચોંક્યો. ટાપુ પર તો એકપણ જંગલી જાનવરો નથી, તો પછી આ સળવળાટ શેનો હશે ? એ જ ક્ષણે મને ચાંચિયાનો ભય બેઠો. કદાચ કોઈ ચાંચિયો અમારા અવાજો સાંભળીને આવી પહોંચ્યો હોય એવું બને. ટાપુ પર ચાંચિયા-ટોળી નહીં હોય એની શી ખાતરી ?

વળી પાછો ઝાડીમાં સળવળાટ થયો. મેં ઝડપથી મારી રિવોલ્વર કાઢી અને ઊભો થઈને એ તરફ રિવોલ્વર તાકતાં આગળ વધ્યો.

'શું થયું, એલેક્સ ? શું છે ત્યાં ?' પાછળથી થોમસનો અવાજ આવ્યો. એ લોકો ઊભા થઈ ગયા. મેં પાછળ ફરીને મોંએ હાથ મૂકીને એમને ચૂપ રહેવા જણાવ્યું અને આગળ વધ્યો.

એક જ ઝાટકે મેં ઝાડી ખસેડી. ધીમી ચીસ સાથે એક છોકરી અચાનક મને આવેલો જોઈને સંતુલન ગુમાવી બેઠી અને પાછળની તરફ પડી. મારી રિવોલ્વર એની સામે તકાયેલી જોઈને એની સુંદર આંખોમાં ડર છવાયો. એની એ આંખોમાં એવું કંઈક હતું કે મને દયા આવી ને મેં રિવોલ્વર પાછી ખેંચી લીધી. એ લગભગ મારી ઉંમર જેટલી જ હતી. મેં ધ્યાનથી જોયું તો એણે એક સુંદર મજાનો સફેદ પણ થોડો મેલો થઈ ગયેલો ચુસ્ત ગાઉન પહેર્યો હતો ને એ ગાઉન પગ પાસેથી કાંટાળી ઝાડીમાં ફસાયો હતો. એને કાઢવાની જ એ મથામણ કરતી હતી એટલે એને કારણે ઝાડી હલતી હતી.

'ઈઝી...ઈઝી... ડરવાની જરૂર નથી. અમે કશું નહીં કરીએ.' મેં રિવોલ્વર નીચી કરીને છોકરી સામે જોતાં કહ્યું. મારા શબ્દો સાંભળીને એને થોડી ધરપત થઈ. એ ખૂબ જ ડરેલી હતી એમ એનો માસૂમ ગોરો ચહેરો કહેતો હતો.

એને ઊભી કરવા મેં હાથ લંબાવ્યો. એણે સહેજ ગભરાતાં એનો નાજુક હાથ મારા હાથમાં મૂક્યો એટલે મેં એને ખેંચી લીધી. એનાં ખભે બે-ત્રણ પાણીની મશક લટકાયેલી હતી.

મારી રિવોલ્વર મેં ખિસામાં મૂકી દીધી હતી. મારા મિત્રોએ પણ આ સમગ્ર દ્રશ્ય જોયું હતું. એ લોકો અમારી નજીક આવતા હતા એ જોઈને પેલી છોકરી હાથ ફેલાવીને ડરતાં ડરતાં બોલી, 'હ...હું તમારા ભલાં માટે આવી છું, મ...મને કંઈ કરશો નહીં. અહીં પાસે જ અમારી કબીલા વસતિ છે, હું ત્યાંથી આવી છું... હું કોઈ ગિરોહની સભ્ય પણ નથી.'

પ્રોફેસર બેને બે ઘડી એની સામે જોયું. પછી કંઈક વિચાર કરીને બોલ્યા, 'ઠીક છે, અમે તારી વાત માની લઈએ છીએ. અહીં બેસીને વાત કર.' એમણે એક પથ્થર તરફ ઈશારો કર્યો. પણ છોકરી બેઠી નહીં. એણે એની વાત શરૂ કરી:

'હું ઉત્તર તરફની નદીમાંથી આ મશકોમાં પાણી ભરીને મારી વસ્તીના સભ્યોને આપવા જઈ રહી હતી અને રસ્તામાં તમારા લોકોનો અવાજ સાંભળ્યો એટલે કુતૂહલવશ આ તરફ આવી હતી...'

'અમારું વહાણ તૂટી પડ્યું હતું એટલે અમે અહીં આવી પહોંચ્યા છીએ.' પ્રોફેસર બેને સાચી વાત છૂપાવતાં કહ્યું, 'એટલે અમે પણ કોઈ ચાંચિયા નથી. એક વાત કહું ? અમારે તારા કબિલાના સભ્યોને મળવું છે. અમે તારી સાથે આવીએ, ચાલ.'

અમે પ્રોફેસર સામે જોઈ રહ્યા. તેમણે આમ અચાનક જ આવો નિર્ણય કેમ લઈ લીધો એ અમને સમજાયું નહીં. પ્રોફેસર આગળ વધતા હતા ત્યાં જ પેલી છોકરીએ કહ્યું, ‘એક મિનિટ સાંભળો જરા. તમે લોકો આટલું બધું ચાલીને થાકી ગયા હશો. પીવાનું પાણી પણ ખૂટી ગયું હશે. તો મારી પાસેની એક મશકમાંથી તમને પાણી પીવડાવવા માગું છું, પાણી પીશો ?’ એણે એટલા કોમળ અવાજે પૂછ્યું હતું કે આગ્રહવશ અમારે પાણી પીવું જ પડ્યું. આમ પણ એ એકદમ મોકાના સમયે આવી પહોંચી હતી. અમારી પાણીની બોટલો સાવ ખાલીખમ થઈ ગઈ હતી ને હવે પાણી ક્યારે મળશે એની ચિંતા હતી. વાતો-વાતોમાં અમને એનો ખ્યાલ જ નહોતો રહ્યો.

એક મશકમાંથી બધાએ પાણી પીધું. નિરાંત થઈ. પછી છોકરીનો આભાર માન્યો. એ ધીમું-ધીમું હસતી ચાલી ગઈ. પ્રોફેસર બેને એની પાસેથી એની વસ્તીવાળી જગ્યાની દિશા જાણી લીધી હતી. અત્યારે સાંજ પડી ચૂકી હતી એટલે એમણે સવારે ત્યાં જવાનું નક્કી કર્યું હતું.

પાણી પીધા પછી તરસ તો ઓછી થઈ ગઈ, પણ શરીરમાં કંઈક વધારે થાક વર્તાતો હતો. આંખો ભારે થતી જતી હતી. કદાચ વધુ પડતો થાક લાગવાને કારણે આમ બન્યું હશે, એવું વિચારીને અમે ત્યાં જ નિદ્રા માણવા લાગ્યા.

***

કેટલા વાગ્યા હશે એની ખબર નહોતી, પણ સવાર પડી ચૂકી હતી. મેં આંખો ખોલીને જોયું તો મારી આજુ-બાજુ કેટલાય લાકડાના પીપ પડ્યાં હતાં. હું જે જગ્યાએ સૂતેલો પડ્યો હતો એ જગ્યા એકદમ ધીમે-ધીમે હાલકડોલક થતી હતી. મને નવાઈ લાગી. સૂતેલી અવસ્થામાં જ મેં બાજુમાં જોયું ને એકદમ ચમકી ગયો. બાજુમાં થોમસ, જેમ્સ અને વિલિયમ્સ સૂતેલા પડ્યા હતા. એમનાં હાથ દોરીથી મજબૂત રીતે બાંધેલા હતા. મારા હાથની પણ એ જ દશા હતી ! આમ કેમ ? મેં બે પીપની ત્રાંસમાંથી જોવાનો પ્રયત્ન કર્યો તો મને વહાણના તૂતક જેવું દેખાયું. એક તરફ લંગરની સાંકળ અડધી પડી હતી, એટલે હું સમજી ગયો કે આ કોઈક નાનું વહાણ છે ને એનું લંગર નીચે પાણીમાં છે.

મેં થોડો સળવળાટ કર્યો કે તરત જ કોઈકના નજીક આવવાના પગલાં ગુંજી ઉઠ્યા. મારું હૃદય જોરથી ધડકી ઊઠ્યું. આગંતુકે બે-ત્રણ પીપ હટાવ્યાં અને મારી સામે ભયંકર રીતે જોતો હતો. મેં એની તરફ નજર કરી. એને જોતાં જ હું સજ્જડ થઈ ગયો. મારા ગાત્રો થીજી ગયાં. એ એક ચાંચિયો હતો !

પ્રકરણ:૧૧ સફરનો નવો સાથી...

એ બે-ત્રણ ક્ષણો તો મારી હાલત એટલી ખરાબ હતી કે મારું મગજ બહેર મારી ગયું હતું. એકદમ બઘવાઈને હું એ ચાંચિયા સામે જોતો જ રહ્યો. હ્યદયના ધબકારા એકદમ વધી ગયા. જે નહોતું થવાનું એ થઈને જ રહ્યું.

દરિયાઈ ચાંચિયા – પાયરેટ્સ – એટલે કે સમુદ્રી લૂંટારાઓ સાથે અમારે પનારો પડી ચૂક્યો હતો ! આમ તો સાઠના દશકમાં એ વખતે ચાંચિયાઓના જોખમ ઘણાં જ ઓછા થઈ ગયાં હતાં. ધીમે ધીમે સમાજ વધુ શિક્ષિત બની રહ્યો હતો, સમાજમાં એક જાતની અભ્યાસની ક્રાંતિ આવી હતી જેને કારણે આવા ચાંચિયાઓ ધીમે-ધીમે લૂંટના ધંધાઓ છોડીને શિષ્ટ સમાજ તરફ વળ્યા હતા. એટલે એ વખતે ચાંચિયાઓનું પ્રમાણ ધાર્યા કરતાં ઓછું રહેતું હતું. પરંતુ પ્રોફેસર બેનને કોણ જાણે કેવી રીતે ખબર પડી ગઈ હશે કે આ વિસ્તારોની આજુબાજુ ચાંચિયા-પ્રવૃત્તિઓ થઈ રહી છે ? કદાચ એમના મિત્ર એન્ડરસને જ એમને જણાવ્યું હોવું જોઈએ.

હું આ બધા વિચારે ચઢી ગયો એટલી વારમાં તો પેલો ચાંચિયો ગાયબ થઈ ગયો હતો ! મેં મારાથી જોઈ શકાયું એટલું આજુ-બાજુ જોયું, પણ ક્યાંય કોઈ દેખાયું નહીં. એ ચાંચિયો ભૂતનાં ઓળાની માફક આવ્યો હતો ને એટલો જ જડપથી ગાયબ થઈ ગયો હતો.

'હેઈઈ... થોમસ... ઊઠ...' મેં બેભાન અવસ્થામાં પડેલા થોમસને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો. પણ એ સહેજ હલબલીને રહી ગયો. મને એક જાતની નશાની અસર લાગતી હતી. આવી રીતે અમે નશામાં સપડાઈને બેભાન થઈ ગયા ને અમને ખબર પણ ન પડી ? આવું કેવી રીતે બન્યું ? વિચારતાં-વિચારતાં મેં પાછલા બનાવો યાદ કરવાની કોશિશ કરી.

'ઓહ માય ગોડ ! પેલી રૂપાળી છોકરી...!' તરત જ મને એ બનાવ યાદ આવતાં હું એકદમ બોલી ઊઠ્યો. એ છોકરીના પ્રેમાળ વર્તનને કારણે અમે ભેરવાઈ ગયા હતા. એણે પાણીમાં જરૂર કંઈક મેળવ્યું હશે, ને અમને બેહોશ કરી દઈને એનાં સાથીઓ દ્વારા અમને અહીં પહોંચાડી દીધા હશે. – અચાનક જ મને એ ભોળી-ભટાક છોકરી પર ગુસ્સો ચઢ્યો. એને ખોળી કાઢવા ઊભા થવા માટે મેં હાથપગ પછાડ્યા પણ હું બંધનમાંથી મુક્ત ન થઈ શક્યો. મનમાં ને મનમાં મેં ગુસ્સાને દબાવી રાખ્યો. અલબત્ત આ શંકા મેં મારા મિત્રોને નહોતી જણાવી.

***

'તો કોણ છો તમે લોકો ? ક્યાંથી આવો છો ? અહીં શું કરો છો ?' એક ઘુરકાટભર્યો અવાજ સંભળાયો. કદાચ એ ચાંચિયા-ટોળીનો સરદાર હતો. એની પીઠ અમારા તરફ રહે એ રીતે એ ઉંધો ઊભો હતો. એનાં મોંમાંથી હોકલીના ધુમાડા નીકળી રહ્યા હતા.

તે એક હુંફાળો લાકડાનો રૂમ હતો. આ જગ્યા પણ સહેજ હાલકડોલક થયા કરતી હતી એટલે હવે મને પાક્કી ખાતરી થઈ ગઈ હતી કે આ કોઈક નાનકડું લાકડાનું વહાણ છે ને એનો આ કોઈક રૂમ છે.

રૂમમાં લગભગ બધી સગવડો હતી. એક તરફ ડબલ બેડ હતો જેના પર સુંદર બેડશીટ પાથરેલી હતી. સામેની લાકડાની દીવાલ પર જુદા-જુદા ખાનાઓવાળો કબાટ બનાવેલો હતો. દીવાલ પર ચાર-પાંચ ફોટોફ્રેમ પણ ખોડેલી હતી. રૂમમાં ચાર-પાંચ લાકડાની ખુરશીઓ પડી હતી. જમણી તરફની દીવાલમાં રોજિંદી ક્રિયાઓ માટેનું વોશબેસિન ખોડેલું હતું ને એની ઉપર એક અરીસો હતો. એની બાજુમાં બાથરૂમનો દરવાજો હતો. અમારી બરાબર સામે સ્ત્રીઓને તૈયાર થવા માટેના ટેબલ-અરીસો (વોર્ડરોબ) હતું ને પેલો સરદાર બરાબર એ તરફ ઊભો હતો.

અચાનક એણે ટેબલ પર પડેલી રિવોલ્વર ઉઠાવી અને એકદમ પીઠ ફેરવીને અમારી તરફ ફર્યો.

એકવડીયા બાંધાનો એ સરદાર ખૂબ જ ખૂંખાર લાગતો હતો. ચહેરા પર એક તરફ કોઈક ઘાવનું જૂનું નિશાન હતું. એનાં કપડાં મહદઅંશે ચાંચિયાને મળતા આવતાં હતાં. એણે મોઢામાંથી હોકલી કાઢીને બચેલો ધુમાડો છોડ્યો.

'એક વાર પૂછ્યું એ સમજાતું નથી તમને ?' એ ઘુરકતા અવાજે બોલ્યો. અમને બધાને એક તરફની દીવાલે અડીને નીચે બેસાડવામાં આવ્યા હતા. અલબત્ત હાથપગ મુક્ત કરી દેવાયા હતા.

'જવાબ આપ, નહીંતર રિવોલ્વરથી ઉડાવી મૂકીશ બધાને...' સરદાર જોરથી બૂમ પાડતો પ્રોફેસર બેન તરફ ધસી આવ્યો. એની રિવોલ્વર પ્રોફેસરના ચહેરા સામે જ સ્થિર થયેલી હતી. આ દ્રશ્ય જોઈને અમે ધ્રુજી ઉઠ્યા હતા. હવે બધાનો નશો ઊતરી ગયો હતો.

'પ્લીઝ, ગોળી છોડશો નહીં, જરા શાંત રહો... હું... હું કહું છું.' પ્રોફેસરે એને ધરપત આપતાં કહ્યું. એ પણ અંદરથી થોડા ડરેલા લાગતા હતા.

પ્રોફેસર બેનની ધરપતથી સરદારે રિવોલ્વર પાછી ખેંચી અને બાજુમાં પડેલી એક ખુરશી ઉઠાવીને અમારી સામે એના પર બેસી ગયો. ખતરનાક ચહેરે એ એમને તાકી રહ્યો હતો.

'અમે લોકો ફિલિપાઈન્સના પ્રવાસે નીકળ્યા હતા, રસ્તામાં અમારું વહાણ આ ટાપુ પાસે તૂટી પડ્યું અને અમે અહીં ભૂલા પડ્યા છીએ.' અમારા બધાના આશ્ચર્ય વચ્ચે પ્રોફેસર બેન તદ્દન ખોટું બોલ્યા. પણ મને થયું કે ખજાનાવાળી વાત ખાનગી રાખવી પડે. એટલે કદાચ પ્રોફેસર ખોટું બોલ્યા હશે.

'એમ ?' સરદાર પ્રોફેસરની હાંસી ઉડાવતો હોય એમ બોલ્યો, 'તો તમે ફિલિપાઈન્સના પ્રવાસે જવા નીકળ્યા છો એમ ને ? સ્ટીફન...!' એણે બાજુમાં ઉભેલા એના સાથીદારને ઉદ્દેશ્યો, 'જરા આ લોકોનો સામાન લઈ આવ તો.'

ઓહ નો ! એણે અમારો સામાન પણ કબજે કરી લીધો હતો. હવે ખોટું બોલવાથી કોઈ જ ફાયદો નહોતો.

પેલાએ ખૂણામાં પડેલા અમારા થેલાઓ ઊંચકીને સરદાર પાસે મૂકી દીધા. સરદારે એક થેલામાંથી 'સ્પેક્ટર્ન'નો અમારો નક્શો કાઢ્યો.

- ઓહ ધત્ત તારી... હવે અમારું આવી બન્યું – હું મનમાં બોલ્યો. મેં સરદાર સામે જોયું તો એના ખતરનાક ચહેરા પર એવું જ ખતરનાક હાસ્ય છવાઈ ગયું હતું. એના અટ્ટહાસ્યથી રૂમ ગુંજી ઊઠ્યો, 'હા... હા... હા... હા... પ્રોફેસર સાહેબ... આ છે તમારું ફિલિપાઈન્સ ? હેં...?' પછી એણે હસવાનું બંધ કરીને પૂછ્યું, 'તમે આટલું જુઠ્ઠું બોલશો એવું મેં ધાર્યું નહોતું.'

સાંભળીને પ્રોફેસર બેન સહિત અમે બધા જોરદાર આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. આ ચાંચિયા-સરદારને બધી જ ખબર હતી ! અને હવે જો એ અમારો દુશ્મન નીકળ્યો તો તો અમે પાછા લીમા નહીં પહોંચી શકીએ... અહીં જ ખતમ થઈ જશું. મને થોડી વાર ગભરામણ થવા લાગી. હવે શું થશે ? થોમસ, વિલિયમ્સ વગેરે તો સુન્ન થઈને સાંભળતા હતા. અલબત્ત, વોટસનના ચહેરા પર મેં કોઈ જ જાતનો ડર જોયો નહીં. એ એકદમ શાંત ચિત્તે બેઠો હતો. મને એ વાતની નવાઈ લાગી.

'ખોટું બોલવું ભારે પડી ગયું ને, પ્રોફેસર ?' ખુરશી પર બેઠેલા સરદારે પ્રોફેસર બેન સામે

ઝૂકીને એની આંખમાં જોતાં કહ્યું, 'ઘણી વાર સીધે-સીધું જ કહી દેવામાં ભલાઈ હોય છે, પ્રોફેસર...' એ ફરી પાછો પાછળ ખસી ગયો, 'ખેર. કોઈ વાંધો નહીં, મોડો મોડો પણ ભેટો થયો ખરો.'

આ ચાંચિયા-સરદારને તો જાણે એ કોઈ મોટો જાસૂસ હોય એમ બધી જ ખબર હતી. હજુ તો અમે કંઈ પણ વિચારવા જઈએ એના પહેલાં તો એણે ધડાકા કરવાના શરૂ કર્યા, 'મારું અનુમાન સાચું હોય તો તું એલેક્સ છો ને ? અને તું જેમ્સ...' એ દરેકને વારાફરતી નીરખવા લાગ્યો અને દરેકની સામે આંગળી ચીંધીને કહેવા લાગ્યો, 'થોમસ... ક્રિક... વોટ્સન... વિલિયમ્સ... અને તમે પ્રોફેસર બેન...' કહીને એ હસ્યો.

હું સજ્જડ થઈ ગયો. ભલો આ માણસ છે કે ઈન્ફર્મેશન મશીન ! એને અમારા વિશે આટઆટલી ખબર પડી કેવી રીતે એ સવાલે અમારા દરેકનું ભેજું બરાબરનું કસ્યું હતું.

'બસ હવે. આટલું બધું વિચારવાની જરૂર નથી. તમે સૌ રાહતનો શ્વાસ લો. મને તમારો મિત્ર સમજો... હું છું એડગર !' આખરે સરદારે પોતાનો પરિચય આપતાં કહ્યું. અમને એની સામે તાકી રહેલા જોઈને એણે પૂછ્યું, 'કેમ ? મારું નામ પહેલી વાર સાંભળો છો ?'

'પહેલી વાર જ તો...' પ્રોફેસર બેન આટલું બોલી શક્યા.

'એન્ડરસન સાહેબની ડાયરી નથી વાંચી કે શું ? એ ડાયરીમાં મારા વિશેની માહિતીઓ છૂપી રીતે લખેલી છે.' હવે આશ્ચર્ય એડગરને થતું હતું.

'જો એડગર...' પ્રોફેસર બેને એને નામથી બોલાવતાં કહ્યું, 'એ ડાયરી મારા હસ્તગત હતી. મેં એને વાંચી પણ છે, પરંતુ ન જાણે કેમ તમારા નામની માહિતીવાળું ગુપ્ત લખાણ મને નથી મળ્યું. અથવા તો હું એ ઉકેલી નહીં શક્યો હોઉં.'

'ઠીક છે. એ જે હોય તે. પરંતુ એક વાર તમે લોકો મારી વાત સાંભળી લો. હવે એ વાત કહેવાનો વખત આવી ગયો છે.' એડગર ભૂતકાળમાં સરી પડ્યો, 'આજથી લગભગ સાત-આઠ મહિના પહેલાની વાત છે આ. હું, મારો પરિવાર અને મારા સાથીઓ અહીં આ ટાપુ પર સ્થાયી થયા હતા. અમે લોકો ચાંચિયાઓ હતા એ વાત અલગ હતી, પરંતુ અમે ચાંચિયાગીરી કરીને થાક્યા હતા અને શાંતિ ઈચ્છતા હતા એટલે કોઈ શાંત ટાપુની શોધમાં નીકળ્યા હતા. ત્યાં વળી આ સ્પેક્ટર્ન ટાપુનો ભેટો થઈ ગયો એટલે અમે અહીં પૂર્વ તરફ લંગર નાખ્યું હતું. અમારે હવે કોઈ જ જાતની બીજી કામગીરી કરવી નહોતી એટલે અમે અહીં વસવાટ કરવા લાગ્યા હતા. અમે સ્થાયી થયા એના થોડાક જ દિવસોમાં પેરૂ દેશથી પ્રોફેસર એન્ડરસન આ ટાપુ પર આવ્યા હતા. અમારા બંનેની મુલાકાત થઈ અને એમણે મારી સાથે એક સોદો કર્યો. એમણે કહ્યું હતું કે – છ સાહસિક છોકરાઓની ટોળકી એકલી અથવા એક પ્રોફેસર સાથે અહીં આવશે. આ ટાપુ પર લીમાની અમાનત ખજાનામાં પડી છે. તારે એમને ખજાનો શોધવામાં મદદ કરવાની છે, બદલામાં આ એક ડઝન સોનાના સિક્કા તારા – આમ કહીને એમણે મને તમારા લોકો વિશેની રજેરજ માહિતી આપી હતી. સાથે જ એમ પણ કહ્યું હતું કે ટાપુ પર એમના દુશ્મનો ખજાનાનો પહેરો ભરવા ટાપુ પર જ વસી ગયા હશે, એટલે એ જોખમ માટે તૈયાર રહેજે. પરંતુ એમણે ન તો મને ખજાનાની જગ્યા બતાવી હતી કે ન તો નકશો આપ્યો હતો. એમની એ જ શરત હતી. મને તો સોદાથી કામ હતું એટલે મેં સોદો મંજૂર રાખ્યો. સોદાની બાબતમાં હું કદી પણ ગદ્દારી ન કરું. ને આખરે આજે તમે લોકો આવી પહોંચ્યા એટલે હું મારી ફરજ અદા કરી રહ્યો છું.'

આ એડગર નામના ચાંચિયાએ તો અમને આખાને આખા હલાવી દીધા. એ જે કહી

રહ્યો હતો એ અમને કંઈ જ નહોતું સમજાતું. પ્રોફેસર એન્ડરસનને કોણ જાણે શું ખીચડી પકાવી હતી એ ખબર નહોતી પડતી. બધા જ સવાલોના જવાબોને અત્યારે બાજુ પર રાખીને અમે એડગર પર જ ધ્યાન આપ્યું.

'જુઓ આ...' કહીને એડગરે એન્ડરસનની ડાયરીનાં છૂટા-છવાયા પાનાંમાંથી એક પાનું કાઢીને બતાવ્યું. એમાં એક જગ્યાએ એણે આંગળી રાખી. પછી બોલ્યો, 'અહીં લખ્યું છે, એ..ડ..ગ..ર.. અને પછી મારા આ વહાણની થોડી માહિતી આપી છે.'

'ઓહ... આમ કેમ બન્યું ? મારી નજરમાં આ કેમ ન આવ્યું ?' પ્રોફેસર બેન પાનાં પર જોતાં પોતાની જાતને પૂછતા હોય એમ બોલ્યા. પ્રોફેસર અત્યારે ખરેખરના મૂરખ ઠર્યા હોય એવું લાગતું હતું. એ ભોંઠા પડી ગયા.

'પ્રોફેસર સાહેબ, આ વાત તમારી બેકાળજી છતી કરે છે...' એડગરે નારાજ અવાજે કહ્યું. પણ પછી તરત જ એ ખુરશી પરથી ઊભો થઈ ગયો, 'ચાલો... ભૂલચૂક માફ કરજો.' એણે પ્રોફેસર બેન તરફ હાથ લંબાવતાં કહ્યું. પ્રોફેસર એનો અર્થ પારખીને એનો હાથ પકડીને ઊભા થયા. અમે પણ અમારી જગ્યાએ ઊભા થઈ ગયા. અમે હવે થોડી સલામતી અનુભવતા હતા.

'એડગર ભાઈ ! હજી એક વાત સમજમાં નથી આવી.' ક્રિકે હિંમત કરીને પ્રશ્ન કર્યો, 'અમે તો દક્ષિણ તરફનાં જંગલમાં હતા, તો પછી અમને અહીં કેવી રીતે ને શા માટે લાવવામાં આવ્યા ? છેલ્લે અમે...' એણે કંઈક યાદ કરવાની કોશિશ કરી, 'હા... છેલ્લે એક છોકરીએ અમને પાણી પીવડાવ્યું હતું તો ક્યાંક એ...'

'...એ પાણીમાં ઘેનની ગોળીઓ નાખી હતી મેં...' એડગર ક્રિકને વચ્ચેથી અટકાવતાં બોલ્યો, 'અને તમારી એ છોકરી હતી લારા... મારી દીકરી...' એ એકદમ ધીમું હસ્યો અને પછી વાત શરૂ કરી, 'જ્યારે તમે દક્ષિણ તરફના જંગલમાં આરામ કરવા બેઠા હતા ત્યારે મારા સાથીઓ લારા સાથે એ જ વિસ્તારમાં હતા. તેઓ ઉત્તર તરફની નદીનાં કાંઠેથી મશકોમાં પાણી ભરીને પાછા ફરતા હતા. એમનું ધ્યાન તમારા લોકો તરફ ગયું. હવે તમને માત્ર હું જ ઓળખી શકવાનો હતો અને એ વખતે હું તો ત્યાં હતો નહીં, એટલે મારા સાથીઓએ મોટો હંગામો ન થાય અને શાંતિથી કામ પતે એ માટે લારાને તમારી પાસે મોકલીને નાટક ચલાવ્યું. અને તમે લોકો જાળમાં ફસાઈ ગયા. પછી તમારા હાથ-પગ બાંધીને મારા સાથીઓ તમને અહીં લઈ આવ્યા. અહીં તમારા બધાનાં ચહેરાઓનું ચીવટપૂર્વક નિરીક્ષણ કર્યું ત્યારે મને એન્ડરસન સાહેબ યાદ આવ્યા... એમણે તમારા લોકોનું કરેલું વર્ણન યાદ આવ્યું. બસ...'

'ઓહ... એમ વાત હતી !' વિલિયમ્સે ઉદ્ગાર કાઢ્યો, 'તો પછી તમે શરૂઆતમાં અમારી સાથે રિવોલ્વર લઈને ધાક-ધમકીથી વાત કેમ કરતા હતા ?'

'અમસ્તું જ... તમને ચકાસતો હતો... તમારી ખાતરી કરતો હતો.' એડગરે જરાય હસ્યા વગર કહ્યું, 'પણ પ્રોફેસરે તો જુઠ્ઠું જ સંભળાવી દીધું. મને એમ કે તમે મારા વિશેની જાણકારી ડાયરીમાં વાંચી જ હશે...' એણે પ્રોફેસરને ઉદ્દેશીને કહ્યું. પ્રોફેસર કંઈ બોલ્યા નહીં. ભૂલ એમની હતી.

'ખેર ! રાત ગઈ, વાત ગઈ. ભૂલી જાઓ અને સફરની તૈયારી કરો.' એડગર જોશભેર બોલ્યો, 'એન્ડરસન સાહેબે સાથે થયેલો સોદો મારે ફરજ બજાવીને પૂરો કરવો જ રહ્યો. આવતી કાલે સવારે જ આપણે નીકળી જઈશું. તમારા બધાની સૂવાની વ્યવસ્થા અહીં જ છે. ગુડ નાઈટ !' કહીને એ એના બે સાથીઓને અમારી સાથે રૂમમાં રાખીને બહાર નીકળી ગયો.

પ્રકરણ:૧૨ હુમલો...

વહેલી સવારે સાતેક વાગ્યે અમે તૈયાર થઈ ગયા. ગઈ કાલનો બનાવ ભલે થોડો વિચિત્ર હતો પણ એક રીતે અમારા માટે સુખદ હતો. આગળની સફર માટે અમને એક નવો સાથી એડગર મળી ગયો હતો. મેં ક્યારેય વિચાર્યું નહોતું કે એક ચાંચિયો અમને મદદ કરશે ! ધાર્યા કરતાં બધું જ ઊલટું થઈ રહ્યું હતું.

અમે વહાણના તૂતક પર ઊભા હતા ત્યાં જ એડગર એના ચાર-પાંચ સાથીઓને લઈને આવી પહોંચ્યો. એનો પહેરવેશ એને વધુ વિશાળ બનાવતો હતો. એણે બ્લ્યુ પેન્ટની ઉપર સફેદ શર્ટ બે-ત્રણ બટન ખુલ્લાં રહે એ રીતે પહેર્યો હતો અને શર્ટની ઉપર કૉફી રંગની બંડી ચડાવી હતી. બંડીનાં બધાં બટનો ખુલ્લાં હતાં. હવે એણે ચાંચિયાનો વેશ બદલી નાખીને આ જાતનો કરી નાખ્યો હતો.

'તૈયાર છો ?' એણે હાથમાં રિવોલ્વર પકડતાં અમને બધાને ઉદ્દેશીને પૂછ્યું. અત્યારે એનો ચહેરા પર જરા પણ ભય નહોતો.

પ્રોફેસર બેને અમારા બધા સામે એક નજર કરી લીધી ને પછી અમારા વતી એડગર સામે હકારમાં માથું હલાવ્યું. એડગરના ચહેરા પર આછું સ્મિત ફરકી ગયું. ત્યાં જ એક રૂમમાંથી એડગરની દીકરી લારા આવતી દેખાઈ. અત્યારે એનો દેખાવ એને જોઈ હતી એનાં કરતાં જુદો જ હતો. એ પણ એનાં પિતાની જેમ પેન્ટ અને ચામડાના ટોપમાં સજ્જ હતી. તો શું લારા પણ અમારી સફરમાં જોડાવાની હતી ?

લારાએ નજીક આવીને એડગરને હેટ આપી. પછી અમારા બધાની સામે એક નજર કરી લઈને એણે મારી આંખોમાં તીખી નજરે જોયું. જાણે એ કહેવા માગતી હોય કે – કેમ ? તમને ફસાવી જ દીધા ને ? મારી આંખો એનાં ગોરા ચહેરામાં ખેંચાતી જતી હતી, પણ એને અટકાવવા હું બીજી તરફ જોઈ ગયો.

એડગરે હેટ માથા પર બેસાડી અને અમારી આગળની સફર શરૂ થઈ. મેં જોયું તો લારા પણ અમને સાથ આપવા આવી રહી હતી. એ હાથમાં છરો લઈને એડગરની બાજુમાં ચાલતી હતી. એડગર સૌથી આગળ ચાલતો હતો. પાછળ અમે સાત જણા એનાં લગભગ દસેક સાથીઓ સાથે ચાલતા હતા.

વહાણવાળો કિનારો છોડીને અમે ઉત્તર તરફના ગાઢ જંગલમાં પ્રવેશી ચૂક્યા હતા. એન્ડરસન સાહેબે નક્શામાં પૂર્વ દિશા તરફ દર્શાવેલા વહાણનું રહસ્ય હવે છતું થઈ ગયું હતું. એમણે એડગર સુધી અમને પહોચાડવા માટે એ વહાણ ચીતર્યું હતું.

જંગલનો આ તરફનો ભાગ થોડો વધુ ઠંડો હતો. જોકે અમે કપડાં ઉપર જાકીટ ચડાવી રાખ્યા હતા એટલે ઠંડીનો બહુ ખ્યાલ નહોતો આવતો. આગળ ચાલતા એડગર અને લારા છરાથી રસ્તામાં નડતાં ગીચ ઝાડી-ઝાંખરાં કાપતાં રસ્તો કરતાં જતાં હતા. વાતાવરણમાં ફરી પાછો પગ નીચે સૂકાં પાંદડાં કચડાવાનો અવાજ ફેલાઈ ગયો હતો.

નક્શામાં દર્શાવેલી 'ક્રોસ'(X)ની નિશાની સુધી પહોંચવા માટે હવે ઉત્તર તરફ ત્રાંસી દિશામાં પ્રયાણ કરવાનું હતું. એની બદલે લગભગ બપોરના એકાદ વાગ્યે એડગર એ તરફ જવાને બદલે ઉત્તર તરફ સીધેસીધો જવા લાગ્યો. પ્રોફેસર બેન પણ હવે હાથમાં નક્શો પકડીને એની સાથે જ ચાલતા હતા. એ સફાળા બોલી ઉઠ્યા, 'એડગર, આપણે સીધા નથી જવાનું. આપણે આ તરફ...' એમણે 'ક્રોસ'વાળી દિશા તરફ આંગળી ચીંધી.

'નહીં પ્રોફેસર. આપણે બરાબર જ જઈએ છીએ. આપણે એક જગ્યાએ પહોંચવાનું બહુ જરૂરી છે. એટલે ત્યાં પહોંચીએ એટલે તમને ખબર પડી જશે.' એડગરે કહ્યું. એ આ જંગલનો ભોમિયો હતો એટલે એની વાત માન્યા સિવાય અમારે છૂટકો નહોતો.

***

બપોરે ત્રણ વાગ્યે જંગલ ધીમે-ધીમે ઓછું થવા લાગ્યું. ઊંચા-ઊંચા ઘટાટોપ વૃક્ષોને બદલે હવે કમર સરસાં નાના-નાના ઝાડી-ઝાંખરાં શરૂ થયા હતા. સૂર્ય હવે પૂર્ણરૂપે પ્રકશિત થતો વાદળોના ઝુંડમાંથી બહાર આવ્યો હતો એટલે ઠંડી ઓછી થઈ હતી.

અડધા કલાક પછી ઝીણાં-ઝીણાં ઘાસ સાથે રેતાળ વિસ્તાર શરૂ થયો. આખો વિસ્તાર એકદમ ખુલ્લો થઈ ગયો હતો. ચાલતાં ચાલતાં મેં ડાબી તરફ નજર કરી તો થોડે દૂર પેલો વિશાળ પર્વત આછા જંગલની વચ્ચે ખડો હતો ને એની ઊંચી ટોચ ફરતે વાદળો છવાઈ ગયા હતા. ખૂબ જ નયનરમ્ય નજારો હતો.

થોડી વારે એડગરની એ જગ્યા આવી પહોંચી. એ માપસરનું લાકડાનું ઘર હતું. એને રેતાળ જમીન પર કેટલાય લાકડાઓનાં ટેકે બનાવવામાં આવ્યું હતું. જમીનથી એ થોડું ઊંચું હતું. આજુ-બાજુ બધે રણ જેવી રેતી હતી. ઘરની પાછળ થોડે દૂર નક્શામાં બતાવી છે એ નદી ખળખળ અવાજે વહી રહી હતી ને એ પછી દૂર સુધી આવું જ રેતીનું રણ ફેલાયેલું હતું. ટાપુના બીજા ભાગો કરતાં આ ભાગ જુદો હતો.

એડગરની પાછળ બધા લાકડાનાં મોટા ત્રણ પગથિયાં ચડીને ઉપર ઘરમાં પહોંચ્યા. ઘરમાં પ્રવેશતાં જ મારી આંખો ફાટી પડી. અહીં દરેક દીવાલ પર જુદી-જુદી જાતનાં હથિયારો લટકતાં હતાં. મોટા ભાગે એક કારતૂસવાળી શોર્ટ ગનો હતી. એ સિવાય થોડી તલવારો અને રિવોલ્વરો હતી. એક ટેબલ પર મોટી સંખ્યામાં હાથ બોમ્બ પડ્યા હતા.

'હવે ખબર પડી એ જરૂરી વસ્તુઓની...?' એડગરે પ્રોફેસર બેનને કહ્યું, 'તમારી પાસેનાં હથિયારો પૂરતાં નથી. ઉપરાંત ટાપુ પર દુશ્મનોની હાજરી મેં ઘણી વાર નોંધી છે. એ લોકોની સંખ્યા કેટલી હશે એ જાણી શકાય એમ નથી એટલે હથિયારો રાખવા જરૂરી છે.' કહીને એ અંદરના રૂમમાં ગયો. આખું ઘર એડગરના દસ સાથીઓથી ભરાઈ ગયું હતું. લારા પણ એડગરની સાથે જ હતી. અમે પણ અંદરના રૂમમાં પહોંચ્યા. અહીં એક બારીમાં મોટું ટેલિસ્કોપ પડ્યું હતું. એના વિશે પૂછતાં એડગરે જણાવ્યું કે એ દૂરથી દુશ્મનોની હાજરી અંગેની તપાસ કરવા માટે હતું.

'આ ઘર અમે ખૂબ જ મહેનતથી બનાવ્યું છે. એક રીતે આ અમારું શસ્ત્રાગાર પણ છે. આટલા વખતમાં આનો ઉપયોગ જ નથી થયો. પણ કદાચ હવે આ બધાનો ઉપયોગ કરવાનો સમય આવી પહોંચ્યો છે.' એડગરે ટુંકાણમાં પતાવ્યું. હું સમજી ગયો હતો કે એડગરે આ બધી જ વસ્તુઓ એ જ્યારે ચાંચિયાગીરી કરતો હશે એ વખતે ભેગી કરી હશે.

બપોરનું જમણ અમે આ ઘરમાં જ પતાવ્યું. એડગર અને એના સાથીઓ પણ લિજ્જતથી જમ્યા. અમારી પાસેના ખોરાક ઉપરાંત અહીં પણ અમુક ખોરાકનો જથ્થો હતો એનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જમીને અમે વાતો કરતાં બેઠા અને થોડી વારે નિદ્રામાં સરી પડ્યા.

***

હજુ તો માંડ કલાક થયો હશે ત્યાં જ અર્ધનિદ્રામાં મને અમુક માણસોના દૂર-દૂરથી આવતા હોય એવા અસ્પષ્ટ અવાજો સંભળાવા લાગ્યા. અવાજો વધ્યા એટલે અમે જાગૃત થઈ ગયા.

'અંદર જે કોઈ હોય એ બહાર નીકળી જાય, નહીં તો અમે આખા ઘરને ફૂંકી મારશું.' અચાનક કોઈકનો ઘોઘરો અવાજ ધમકીના સૂરમાં આવ્યો. મને ફાળ પડી. આવો અજાણ્યો અવાજ આ પહેલાં મેં કદી સાંભળ્યો નહોતો. તો શું દુશ્મનો તો નથી આવી પહોંચ્યા ને ? મને અજીબ ગભરાહટ થવા લાગી. મેં આજુ-બાજુ જોયું તો એડગરનો ક્યાંય પત્તો નહોતો. એ એના ત્રણ સાથીઓ સાથે ગાયબ હતો. લારા જાગી ગઈ હતી. એડગરના બાકીના સાથીઓમાંથી એક જણે છુપાઈને બારીમાંથી બહાર નજર કરી. બીજી જ પળે એ બારીથી હટીને બે-ત્રણ ડગલાં પાછળ ખસી ગયો, 'દુશ્મનો આવી પહોંચ્યા છે. બધા જ શાંત રહેજો.' એનું આ વાક્ય બોમ્બ ધડાકા જેવું હતું. અમે ધ્રુજી ઉઠ્યા.

'આખરી વખત ચેતવણી આપું છું. અંદર જે કોઈ પણ હોય એ મારા પાંચ ગણતાં સુધીમાં બહાર નીકળી જાય... ગણતરી પૂરી થતાં જ અમે ઘરને ઉડાવી મૂકીશું. એક...' બહાર પેલો ઘોઘરા અવાજે ફરી ધમકીનું રૂપ ધારણ કરતાં ગણતરી શરૂ કરી દીધી. હવે શું કરવું ? એડગર પણ મોકાના સમયે ગાયબ હતો. મેં લારાને ઈશારાથી જ પૂછ્યું કે – એડગર ક્યાં છે – પણ એને કંઈ જ ખબર નહોતી.

'બે...' વળી બહારથી અવાજ આવ્યો. હવે બધા ખરેખરના દ્વિધામાં મુકાયા હતા.

'એક કામ કરો. અમારી પાસે રિવોલ્વરો તો છે જ, એટલે તમે લોકો દીવાલ પરનાં બધા હથિયારો એક ચાદરમાં ભરીને બહાર તરફ દોડજો...' ત્યાં જ એડગરના એક ફિલિપ નામના સાથીએ સુજાવ આપ્યો, 'પણ યાદ રહે... પાંચની ગણતરી પૂરી થાય કે પછી જ.'

એની સૂચના અમારે માનવી પડે એમ જ હતી. કામ ઘણું અઘરું હતું. થઈ શકશે કે નહીં એની જ ચિંતા હતી, જોકે રિવોલ્વરો તો અમારી પાસે પણ હતી. થેલામાંથી અમે રિવોલ્વરો કાઢી અને એક-એક જણાએ લઈ લીધી. પ્રોફેસર માટે એમની રાયફલ હતી એ હાલપૂરતી લારા એ પકડી.

'ત્રણ...' બહારથી અવાજ આવ્યો કે તરત અમે કામે લાગી ગયા. ટેબલ પર પાથરેલી એક જૂની ચાદર ઉઠાવીને છુપાતાં છુપાતાં અમે દીવાલ પરથી એક પછી એક હથિયારો ચાદરમાં મુકતા જતાં હતા. ઘર જમીનથી એકાદ ફૂટ ઊંચું હતું એટલે નીચે ઉભેલા દુશ્મનોને ખાસખબર નહોતી પડતી કે અમે શું કરી રહ્યા છીએ. છતાં તેઓ ગણતરી કર્યે રાખતા હતા.

'ચાર...' ઘુરકાટભર્યો અવાજ મોટો થયો એટલે એડગરના સાત સાથીઓ જુદી-જુદી બારીઓ પાસે રિવોલ્વરો તૈયાર રાખીને લપાઈને ગોઠવાઈ ગયા.

'પાંચ.' કહીને પેલો અવાજ એકાએક બંધ થઈ ગયો. મારું હ્રદય જોરથી ધબકતું હતું. આવનારી પળોમાં કંઈ પણ થઈ શકે એમ હતું.

'ભાગો જલદી...!' અચાનક ફિલિપે રાડ પાડી અને ચારેય બાજુથી ગોળીબારી થવા લાગી. આખા ઘરમાં દેકારો મચી ગયો. કેટલીયે ગોળીઓ લાકડાની દીવાલની આરપાર નીકળી જતી હતી. લાકડાંમાં કાણા પડવાનાં ખચખચ અવાજોએ કાનને બેરા કરી મૂક્યા. એડગરના સાથીઓએ પણ દુશ્મનોની ગોળીઓથી બચતાં સામી ગોળીબારી શરૂ કરી. બસ, હું આટલું જોઈ શક્યો ને અમે મુખ્ય દરવાજા તરફ ભાગ્યા. હું સૌથી છેલ્લો હતો. એકાએક હું ભાગ્યો ત્યાં જ પાછળની બારીમાંથી એક હાથબોમ્બ ઘરની અંદર ફેંકાયો. એને જોઈને ફિલિપ તથા બાકીના સાથીઓ પણ જોર લગાવીને મારી પાછળ ભાગ્યા.

જેવું મેં છેલ્લું પગથિયું છોડીને દોટ મૂકી કે તરત જ લાકડાનું એ ઘર મોટા ગગનભેદી ધડાકા સાથે ફાટ્યું અને લાકડાનાં કટકા આમ તેમ ફંગોળાયા. ધડાકાની અસરથી મારી પીઠનો ભાગ

જલદ બની ગયો. હું રેતીમાં પટકાયો. પાછળ તરફ જોયું તો ઘરનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયું હતું. આ બધું એટલી ઝડપથી બની ગયું હતું કે વિચારવાનો સમય જ નહોતો મળ્યો. એડગરના પાંચેક સાથીઓ તો દોડીને બહાર નીકળવામાં સફળ થયા હતા, પણ બે સાથીઓનાં શરીરો ત્યાં જ, ઘર પાસે આગમાં બળી ગયાં હતાં.

હવે ગોળીબાર શાંત થઈ ગયો હતો. મેં જોયું તો સળગતા ઘરની આજુબાજુ લગભગ દસ-પંદર બદમાશ જેવા લાગતા માણસો હાથમાં હથિયારો પકડીને ઊભા હતા. પ્રોફેસર બેન અને બાકી બધા એક મોટા પથ્થર પાછળ પહોંચી ગયા હતા. માત્ર હું જ એકલો ખુલ્લામાં હતો. મને થડકારો થયો. પણ...ત્યાં તો 'ધાડ...ધાડ...' કરતા બે અવાજો થયા અને બે બદમાશો ફસડાઈ પડ્યા. મેં અવાજની દિશામાં જોયું તો એડગર ત્રણ સાથીઓ સાથે આવી પહોંચ્યો હતો. ગોળીઓ એણે જ છોડી હતી. એને જોઈને મારામાં પણ હિંમત આવી ને મેં મારી રિવોલ્વરનું ટ્રિગર દબાવ્યું. 'ધડામ...' અવાજ સાથે ગોળી છૂટી અને થોડે દૂર ઉભેલા એક બદમાશના પેટમાં ઊતરી ગઈ. એ ફસડાઈ પડ્યો.

આ તરફ પથ્થર પાછળથી પ્રોફેસર બેન અને બીજા બધા તરફથી પણ ગોળીબાર શરૂ થઈ ગયો. વાતાવરણ યુદ્ધ જેવું બની ગયું. સામસામી ગોળીઓ છૂટવાના અવાજો ગર્જી ઉઠ્યા.

દુશ્મનોએ હુમલો કરી દીધો હતો.

પ્રકરણ:૧૩ સાથીદારનો મેળાપ...

એડગર અને એના બાકીના સાથીઓ એક પછી એક ધડાકાઓ કરતા દુશ્મનો સામે લડત આપી રહ્યા હતા. સામ સામે યુદ્ધ જેવી સ્થિતિ જામી હતી.

આ દરમિયાન હું સરકીને પાછળના મોટા ખડક જેવા પથ્થરની ઓથ પાસે પહોંચી ગયો. મારી રિવોલ્વરમાંથી હજુ એક જ ગોળી મેં છોડી હતી.

હું પથ્થરની ઓથે છુપાયો એટલે પ્રોફેસર બેન એની રાયફલ તાકતા સહેજ બહાર આવ્યા અને ટ્રિગર દબાવ્યું. મારા કાનની એકદમ બાજુમાંથી મોટા અવાજ સાથે ગોળી પસાર થતી દૂર એક બદમાશની છાતીમાં પેસી ગઈ. એની ચીસ ગુંજી.

થોમસ અને વોટ્સન પણ કોઈક કોઈક વાર ગોળી છોડી દેતા હતા. બાકી બધા શાંત થઈને પથ્થર પાછળ છુપાયા હતા. મેં જોયું તો લારા પાસેની એક ઝાડીમાંથી ગોળીઓ છોડતી હતી. એક રીતે એ એનાં પિતાને મદદ જ કરી રહી હતી ને ! મને એ જોઈને એના પ્રત્યે માન ઉપજ્યું.

ગોળીઓ છોડતા સાથીદારોને સૂચના આપીને એડગર હાથમાં બંદૂક સાથે અમારી તરફ દોડી આવ્યો અને ગોળીબારના દેકારામાં મોટા અવાજે કહ્યું, ‘તમે લોકો જલ્દી ભાગો... આ તરફ પશ્ચિમ દિશામાં સહેજ ત્રાંસમાં સીધેસીધા...’ એ વાક્ય પૂરું કરે એ પહેલાં એક ગોળી એની બાજુમાંથી પસાર થઈ ગઈ. એણે એકદમ મોં મચકોડ્યું અને પાછળ ફરીને ઉપરાઉપરી બે ગોળીઓ છોડી. બે ચીસો સાથે બે બદમાશો ઢળી પડ્યા.

‘...જાઓ, જલદી...અને ખાસ ચેતજો કે એ ખજાનાવાળી જગ્યા તરફના વિસ્તારમાં પણ દુશ્મનોની હાજરી હોઈ શકે છે... સંભાળજો... જાઓ...’ કહીને એ ફરી પાછો એના સાથીઓ જોડે ગોળીબારમાં વ્યસ્ત થઈ ગયો. એની હાકલ એવી જોરદાર હતી કે અમારે ન છૂટકે ભાગવું જ પડ્યું. જે હાથમાં આવ્યું એ લઈને અમે ભાગ્યા. ખાસ કરીને સૌએ પોતપોતાના થેલાઓ તો લઈ જ લીધા.

દોડતાં દોડતાં જ અમે એ રણવિસ્તાર છોડ્યો અને ફરી અહીંથી જમણી તરફના જંગલ વિસ્તારમાં એકી શ્વાસે દોટ મૂકી. થોડે દૂર ટાપુની ઓળખ સમા પર્વતની ટોચ વાદળોમાં ઢંકાયેલી દેખાતી હતી. બસ, એ પર્વતની તળેટીના વિસ્તારમાં જ ‘ક્રોસ’વાળી ખજાનાની જગ્યા હતી. (જુઓ નકશો) પણ એ વિસ્તાર ખૂબ જ ગાઢ જંગલથી આચ્છાદિત હતો.

મને લારાની ચિંતા થઈ. પણ એ તરફ નજર ઘુમાવ્યા વગર મારે મિત્રો સાથે ભાગવું પડ્યું. હજુ પણ ગોળીબારના અવાજો વાતાવરણમાં ગુંજતા હતા. આ તરફનું જંગલ તો વધુ ખતરનાક હતું. નાના ઝાડી-ઝાંખરાનું સ્થાન હવે મસમોટા વૃક્ષોએ લઈ લીધું હતું. જમીન પણ ઊંચી-નીચી થઈ ગઈ હતી જેને કારણે દોડવાનું મુશ્કેલ પડતું હતું. જંગલી વનસ્પતિઓ એટલી બધી વધી ગઈ હતી કે એમાં પગ ફસાતાં જ પડી જવાય, એટલે અમે કાળજી રાખતાં ચાલતાં હતાં. આ તરફની જમીનમાં ક્યાંક છીછરા ખાડા થઈ પડ્યા હતા તો ક્યાંક વૃક્ષોની ડાળીઓ થડના નીચેના ભાગમાંથી નીકળીને સામેના વૃક્ષોના થડ સાથે ગૂંચવાયેલી હતી જેને કારણે ચાલવામાં તકલીફ પડતી હતી.

‘એલેક્સ ! જરા હોકાયંત્ર આપ.’ પક્ષીઓનાં કલરવ વચ્ચે પ્રોફેસર બેને કહ્યું. મેં થેલામાંથી હોકાયંત્ર કાઢીને એમને આપ્યું.

‘બસ, આપણે સીધા એટલે કે ઉત્તર તરફ સહેજ ત્રાંસમાં આગળ વધવાનું છે. આ

પહાડની તળેટીએ પહોંચીએ એટલે ત્યાંથી તળેટીને સમાંતર ચાલવાનું છે.' પ્રોફેસરે વાક્ય પૂરું કર્યું એ વખતે પણ દૂર-દૂરથી ગોળીઓના ધમાકાઓ સંભળાતા હતા. સ્થિતિ બહુ નાજુક હતી. એ તરફ એડગર અને એના સાથીઓ માત્ર અમારા માટે જાનના જોખમે દુશ્મનો સામે લડત આપી રહ્યા હતા. એ લોકોનું શું થશે એ કોઈ જ જાણતું નહોતું.

***

હજુ તો માંડ થોડું જંગલ કાપ્યું હતું ત્યાં જ અમારી પાછળ કેટલાંક પગલાંના અવાજો આવવા લાગ્યા. મેં ભડકીને પાછળ ગાઢ જંગલમાં જોયું, પરંતુ કોઈ જ દેખાયું નહીં.

વળી આગળ જતાં એનો એ પગલાંનો અવાજ સંભળાયો. હવે અમને ખાતરી થઈ ગઈ હતી કે જરૂર એ તરફ કોઈક છે.

'હથિયાર હાથમાં રાખજો છોકરાઓ, કંઈક ગરબડ હોય એવું લાગે છે.' પ્રોફેસર બેને સૂચના આપી દીધી. અમે સૂચના પ્રમાણે રિવોલ્વર પકડીને તૈયાર થઈ ગયા. 'ચાલો છોકરાઓ, આપણે આગળ તો વધતા જ રહેવું પડશે. જલદી કરો.' અમને ઊભા રહી ગયેલા જોઈને પ્રોફેસર બેને ટકોર કરી. અમે ફરી એમની સાથે ઝડપથી આગળ વધવા લાગ્યા. અત્યારે દરેકના હ્રદયના ધબકારા જોરશોરથી ધબકતા હતા. આ દરમિયાન હું વચ્ચે ચાલતો હતો. મારી પાછળ ક્રિક અને વિલિયમ્સ ચાલતા હતા.

'ધડામ્મ્મ...' અચાનક જ એક ભીષણ અવાજ સાથે ગોળી છૂટી અને એક ચીસ ગુંજી. ગભરાઈને અમે પાછળ જોયું તો વિલિયમ્સ ભીની માટીમાં ઢળી પડ્યો હતો. એ એનો ડાબો પગ પકડીને ચિત્કાર કરી રહ્યો હતો. એને ગોળી વાગી હતી. અમે એનાથી સહેજ આગળ નીકળી ગયા હતા. મેં પાછળ ફરીને એ તરફ જવાની કોશિશ કરી.

'એય છોકરા, જ્યાં છે ત્યાં જ ઊભો રહે, નહીં તો ભુંજાઈ જઈશ.' થોડે જ દૂર લગભગ છએક માણસો ઊભા હતા. એમાંથી એક જણે મારી સામે ધમકી ઉચ્ચારી. હું જ્યાં હતો ત્યાં જ ઊભો રહી ગયો. એડગરની વાત સાચી હતી. ટાપુ પર દુશ્મનના ઘણા માણસો છૂટાછવાયા ફરતા હતા. મને લગભગ ખાતરી થઈ ગઈ હતી કે સામે ઉભેલા માણસો દુશ્મનો જ છે.

એ છએ જણાએ રિવોલ્વરો પકડી રાખી હતી. હજુ તો અમે કંઈ કરી શકીએ એ પહેલાં તો તેઓ વિલિયમ્સ નજીક ધસી આવ્યા. એક જણે વિલિયમ્સને કોલરેથી પકડીને બેઠો કર્યો ને એનાં માથે ગન ગોઠવી દીધી, 'નકશો અને ડાયરી ચૂપચાપ સોંપી દો અને ચાલતા બનો અહીંથી... નહીં તો આને ખોઈ બેસશો.'

અમે બઘવાઈ ગયા. હાથમાં હથિયાર હોવા છતાં અમે કંઈ જ નહોતા કરી શકતા. ચિત્કાર કરતો વિલિયમ્સ અર્ધબેહોશ હતો.

'ચલો જલ્દી...!' પેલાએ રીતસરની બૂમ પાડી, 'નહીં તો આ રિવોલ્વર આગ ઓકવા માંડશે...'

હવે અમે ખરેખરના મૂંઝાયા હતા. ઘણી મુશ્કેલીઓ વેઠીને અમે અહીં સુધી પહોંચ્યા હતા ને હવે ખજાનો આમ હાથમાંથી સરકી જાય એ પોષાય એમ નહોતું.

એ જ વખતે પ્રોફેસર બેને થેલામાંથી નકશો અને ડાયરીના પાનાં કાઢ્યાં અને પેલાને સોંપવા માટે પગ ઉપાડ્યા. અમારી અને દુશ્મનોની વચ્ચે લગભગ દસેક ડગલાં જેટલું અંતર હતું. આ ક્ષણો ખૂબ જ ખરાબ હતી. પ્રોફેસર ધીમા પગલે આગળ વધતા હતા. રેતઘડીમાંથી સરકતી રેતીની જેમ ખજાનો હાથમાંથી જતો લાગતો હતો. હવે શું કરવું એની મૂંઝવણમાં અમે મુકાયા હતા.

પ્રોફેસર બેન અડધું અંતર કાપી ચૂક્યા હતા.

હજુ તો કોઈ કંઈ વિચારે એ પહેલાં અચાનક જ દુશ્મનો ઊભા હતા એ તરફ પાછળની બાજુથી વૃક્ષનું વજનદાર લાકડું હવામાં ફંગોળાતું આવ્યું અને બે માણસોની પીઠ પર ઠોકાયું. બંને જણા ચીસ પાડતા જમીન પર ફેંકાયા. રઘવાયા થયેલા બાકીના બદમાશોનું ધ્યાન એ તરફ ખેંચાયું. અમારા માટે એ તક સોનાની હતી.

'ગોળી છોડો છોકરાઓ !' પ્રોફેસર બેને હુકમ કર્યો. તરત જ મારી, વોટ્સનની અને થોમસની રિવોલ્વરો ગર્જી ઊઠી. એક સાથે ત્રણ ધડાકા થયા અને ત્રણેય બદમાશો ધરાશાયી થઈ ગયા. બાકીના ત્રણમાંથી બે જણ તો જમીન પર પડ્યા હતા ને ત્રીજો બચવાની કોશિશ કરતો પાછળની તરફ ભાગ્યો. એ આડેધડ ભાગ્યો ખરો પણ સામે જ એકદમ ચુસ્ત બાંધાના શરીર સાથે અથડાઈને પટકાયો. એ શરીરને જોતાં જ મને ઝણઝણાટી ઉપડી. આશ્ચર્ય અને આનંદથી હૃદય વધુ હબકવા લાગ્યું. આંખો ફાટી પડી. એ માણસ બીજું કોઈ નહીં, પણ મેક્સ હતો ! કપડાં ઠેકઠેકાણેથી ફાટી ગયાં હતા. મેલાં થઈ ગયા હતા. એનાં પર અમુક જગ્યાએ લોહીના ડાઘ નજરે પડતાં હતાં.

'ઓહ માય ગોડ ! મ... મ... મેક્સ...!' પ્રોફેસર બેન એ તરફ દોડી ગયા. આ તરફ જેમ્સ અને ક્રિક વિલિયમ્સને ટેકો આપવા લાગ્યા. વોટ્સન-થોમસ જમીન પર પડેલા બંને બદમાશોની દેખરેખ રાખવા લાગ્યા. હું પ્રોફેસર બેન સાથે હતો.

'ઓહ્હ મેક્સ...! તું... તું આવી પહોંચ્યો...' પ્રોફેસર માત્ર આટલું જ બોલી શક્યા. એમની આંખમાં હર્ષનાં આંસુ ઉમટી આવ્યા ને એ તરત જ મેક્સને વળગી પડ્યા. પછી છૂટા પડતાં બોલ્યા, 'પણ...પણ મેક્સ, તારી બચવાની આશા સાવ નહીંવત હતી તો પણ છેક અહીં સુધી તું કેવી રીતે આવી પહોંચ્યો ? મને... મને વિશ્વાસ નથી બેસતો.'

'કમ ઓન પ્રોફેસર... અત્યારે એ બધું કહેવાનો સમય નથી. હું રસ્તામાં કહીશ...અત્યારે માત્ર ટારગેટ ઉપર ધ્યાન આપીએ...' કહીને એણે એનાં પગ પાસે પડેલા પેલા બદમાશને કોલરેથી પકડ્યો, 'આપણે આની પૂછપરછ કરવી પડશે, પણ એના માટે કોઈક સુરક્ષિત જગ્યાએ આશરો લેવો પડશે.'

મેં જોયું તો એ બદમાશ ડરનો માર્યો ધ્રુજતો હતો. એ લગભગ બધું કહી દેશે એવું લાગતું હતું.

'યસ. તારી વાત સાચી છે, મેક્સ. અત્યારે આપણે અહીંથી નીકળી જઈએ.' પ્રોફેસર બેને કહ્યું. આ દરમિયાન ક્રિક અને જેમ્સ તેઓનાં ખભાના સહારે અર્ધબેભાન વિલિયમ્સને ઉઠાવી ચૂક્યા હતા. વિલિયમ્સ ધીમે-ધીમે ચિત્કાર કરી રહ્યો હતો.

બાકીના બંને બદમાશો પણ અમારી પકડમાં જ હતા. ત્રણ બદમાશો અને મેક્સ સાથે અમે આગળ વધ્યા. હવે અમારો વિચાર કોઈક સુરક્ષિત જગ્યાએ આશરો લેવાનો હતો જેથી ત્યાં વિલિયમ્સની સારવાર થઈ શકે અને બદમાશો પાસેથી માહિતી કઢાવી શકાય.

ચાલતાં ચાલતાં અમે પર્વતની તળેટી તરફ આગળ વધતા હતા. રસ્તામાં મેક્સે એની આપવીતી જણાવી. એણે કહ્યું, 'જ્યારે ક્રુઝરે પાણીમાં સમાધિ લીધી એની થોડી સેકન્ડો પહેલાં જ હું સમુદ્રમાં કૂદી ગયો હતો. એ સાથે ગર્જના કરતી ક્રુઝર પાણીમાં ગરકાવ થઈ હતી. તોફાની દરિયાને કારણે અને ક્રુઝરના ડૂબવાને લીધે સમુદ્રમાં પાણીનો મોટો ઉછાળ થયો અને મને પણ સાથે-સાથે અંદર ખેંચી ગયો. નેવીના અધિકારી હોવાને નાતે મેં તરવાનું શીખ્યું જ હોય, એટલે મને

તરતાં આવડતું હતું. મને શંકા હતી કે કદાચ તમારામાંથી કોઈક ક્રુઝરની અંદર જ રહી ગયું હોય, એટલે હું ક્રુઝરના કાટમાળ તરફ પાણીમાં ઊંડે ગયો અને બધી જ તપાસ કરી. પરંતુ ત્યાં કોઈ જ દેખાયું નહીં એટલે હું ફરી પાછો સપાટી પર આવ્યો. જોગાનુજોગ ત્યાં જ મને આપણી એક બચાવ નૌકા તરતી મળી ગઈ એટલે હું એના પર ચડી ગયો. પવન ખૂબ જ હતો એટલે હલેસાં માર્યા વિના જ એ આગળ ચાલતી રહી. પવન લગભગ પશ્ચિમ તરફનો જ હતો. થોડી વારે વરસાદ ચાલુ થયો. મને લાગતું હતું કે હવે કંઈ જ થઈ નહીં શકે. એટલે હું તો એમ ને એમ પડ્યો રહ્યો. સવારે ઊઠીને જોયું તો હોડી જમીનના કિનારા પાસે ઊભી હતી. મને આશ્ચર્ય સાથે આનંદની લાગણી થઈ. ત્યાર બાદ મેં જમીન વિશે શોધખોળ આદરી તો મને ખબર પડી કે આ 'સ્પેક્ટર્ન' ટાપુ જ છે. મને થયેલી ખુશીનો એ વખતે પાર નહોતો. બસ, એ પછી હું સીધો જ તમારા લોકોની શોધખોળમાં લાગી ગયો હતો. પ્રોફેસર સિવાય કોઈને ખબર નહીં હોય કે મારી પાસે પણ નકશાની એક કોપી છે જે પ્રોફેસરે જ મને આપી હતી. આખરે આજે મેં આટલા દિવસે તમને સૌને જોયા. ઉત્તર તરફથી ગોળીઓ છૂટવાના અવાજો આવતા હતા ને તમે લોકો આમ પર્વતની તળેટી તરફ ભાગતા હતા. ત્યારથી હું તમારી પાછળ જ હતો...'

મેક્સે એની વાત ટૂંકાણમાં પૂરી કરી. આ અદ્‌ભુત મેળાપ ખરેખર એક ચમત્કાર હતો. ઈશ્વરીય શક્તિ હતી જેણે અમને ફરી એક સાથે ભેગા કર્યા હતા. મારી આંખમાંથી ખુશીના આંસુ છલકાઈ ગયાં. એ વખતે મને કુદરત પર માન થઈ આવ્યું. અમારા મેળાપમાં કુદરતે બહુ મોટો ભાગ ભજવ્યો હતો. ક્રુઝરનાં બનાવ વખતે ખરાબ વાતાવરણમાં ફૂંકાતો પવન એકદમ પશ્ચિમ દિશા તરફનો હતો ને આ ટાપુ પણ પશ્ચિમ દિશા તરફ સીધો આવેલો હતો એટલે જોરથી ફૂંકાતો પવન જ અમને સીધી રેખામાં 'સ્પેક્ટર્ન' તરફ દોરી લાવ્યો હતો !

પ્રકરણ:૧૪ ખજાના તરફ...

સાંજ પડી ચૂકી હતી. ચાલતાં ચાલતાં અમે લગભગ હવે પર્વતની તળેટી પાસે પહોંચી ગયા હતા. અહીં સુધી પહોંચતા અમને ખાસ્સી વાર લાગી હતી કારણકે વિલિયમ્સને પગે ગોળી વાગી હતી એટલે એ બિચારો માંડ-માંડ ચાલી શકતો હતો. ઉપરાંત પાછળ ત્રણ બદમાશોને પકડીને ચાલતો મેક્સ પણ થાક્યો હતો.

અમારા સદનસીબે પર્વતની તળેટીનાં વિસ્તારમાં એક નાનકડી બખોલ જેવું બનેલું હતું. અહીંથી પર્વતનો ઢોળાવ શરૂ થતો હતો અને ઉપરની તરફ જતો હતો. તળેટીનો વિસ્તાર પણ મોટો હતો. પર્વતની સમગ્ર સપાટીઓ નાના-મોટા વૃક્ષોથી ભરી પડી હતી.

અમે એ બખોલ પાસે પહોંચીને સીધા બેસી પડ્યા. દરેક જણ થાક્યો હતો. ચિત્કાર કરતા વિલિયમ્સને અમે એ નાનકડી બખોલમાં સુવાડ્યો હતો. એ બખોલ માંડ બે-ત્રણ જણા સમાઈ શકે એવડી જ હતી. મેક્સ પણ થાક્યો-પાક્યો આરામ કરવા બેસી ગયો હતો. અલબત્ત, એ પહેલાં એણે ત્રણેય બદમાશોને દોરડાં વડે એક ઝાડનાં થડ સાથે મજબૂત રીતે બાંધી મૂક્યા હતા.

'પ્રોફેસર બેન, હું શું કહું છું કે આ ગુફા ઘણી નાની છે, તો આપણી પાસે જે ટેન્ટ છે એને અહીં ગુફાની અડોઅડ બાંધી દઈએ તો જગ્યા થોડી મોટી થઈ જશે.' મેં આરામ ફરમાવવા બેઠેલા પ્રોફેસર બેનને કહ્યું. આજુ-બાજુ બધે જંગલ જ હતું એટલે પક્ષીઓનો કલબલાટ ચાલુ જ હતો.

'સાચી વાત છે, એલેક્સ ! થોડી વાર રહીને આપણે એ ટેન્ટ બાંધી દેવો જોઈએ.' પ્રોફેસર મારી વાત સાથે સહમત થતાં બોલ્યા, 'વિલિયમ્સની હાલત જોતાં એવું લાગે છે કે આપણે આજની રાત અહીં કાઢવી પડશે, એટલે દુશ્મનનો ખતરો પૂરેપૂરો રહેશે. ટેન્ટમાં હશું તો થોડું રક્ષણ મળશે.'

એમની વાત સાથે બધા સહમત થયા. એ પછી થોડી વાર કોઈ કંઈ જ ન બોલ્યું. હું બેઠો બેઠો એ વિસ્તારને નિહાળી રહ્યો હતો. હ્રદયને શાતા આપે એવો એ વિસ્તાર હતો. અમે બેઠાં હતાં, બરાબર એની પાછળથી પર્વતની ઢોળાવવાળી દીવાલ શરૂ થતી હતી. ઢોળાવ અંતે ટૂંકો થતો ઉપર વાદળોમાં રહેલી પર્વતની ટોચને મળતો હતો. સમગ્ર પર્વતનો ઘેરાવો ખાસ્સો મોટો હતો. અમે જે જગ્યાએ હતા ત્યાંથી તો ખાલી પા ભાગનો જ વિસ્તાર જોઈ શકાતો હતો. ઢોળાવની દીવાલ અને એનાં પર ઉગેલા નાના-મોટાં ઝાડી-ઝાંખરાંને લીધે તળેટીના આ વિસ્તારમાં છાંયો હતો એટલે તડકાથી રક્ષણ હતું.

અડધા કલાકના આરામ પછી અમે ગુફાની અડોઅડ ટેન્ટ બાંધી દીધો અને અંદર ઘૂસી ગયા. સાંજ પડી હતી એટલે વાતાવરણમાં થોડી ઠંડક ભળી હતી. મેં જોયું તો વોટ્સન અને થોમસ ટેન્ટમાં નહોતા. મેં પ્રોફેસર બેનને આ બાબતે પૂછ્યુ તો એમણે કહ્યું કે એ લોકો અહીં નજીકમાં જ ફરવા ગયા છે.

એકાદ કલાક પછી સૂર્ય આથમવાની તૈયારી હતી ત્યારે વોટ્સન-થોમસ આવ્યા. મેં જોયું તો વોટસનના હાથમાં હળદરના ગઠ્ઠા હતા. 'અહીં નજીકમાં જ મળી આવ્યા...' વોટ્સને ખુશ થઈને કહ્યું. અને હળદર વિશે તો સૌ કોઈ જાણે જ છે ! કોઈ પણ મૂઢમારનો અકસીર ઈલાજ એટલે હળદર. એનો લેપ લગાવી દો એટલે દર્દીને થોડા સમય પુરતી રાહત રહે.

સૌથી પહેલાં તો પ્રોફેસર બેને વિલિયમ્સના પગમાં ખૂંચેલી ગોળી ખેંચી કાઢી. આ દરમિયાન વિલિયમ્સના મોંમાંથી જે રાડ નીકળી હતી એ ખૂબ જ દર્દનાક હતી. એ સહન કરવાની કોશિશ કરી રહ્યો હતો, પણ એની આંખોમાંથી આંસુ નીકળી આવ્યાં હતાં. અલબત્ત ગોળી નીકળી

જવાથી એની અડધી પીડા ઓછી થઈ ગઈ હતી. એને હળદરનો લેપ લગાડીને ઉપર પાંદડાં વીંટ્યા અને એની ઉપર અમારા ફસ્ટ એઈડ બોક્સમાંથી એક પાટો કાઢીને બાંધી દીધો. બોક્સમાં બીજી પેઈન કિલર ગોળીઓ હતી એને સમયના અંતરાલ પછી આપવાની હતી.

અમારો કેટલો સામાન બચ્યો હતો ને કેટલો ખોવાયો હતો એની સહેજ પણ ગણના અમે નહોતી કરી. મને સાથે લીધેલો કોડલેસ ફોન યાદ આવ્યો... સાથે જ મમ્મીને કહેલાં શબ્દો યાદ આવ્યા – "અમે બધા વચ્ચે એક કોડલેસ ફોન રાખવાના છીએ. જ્યારે સિગ્નલ મળશે ત્યારે ઘરે...તારી સાથે વાત કરી લઈશ..." – પણ હવે તો ફોન જ નહોતો રહ્યો એટલે વળી સિગ્નલની વાત જ ક્યાંથી ? એક ઉદાસીભર્યું સ્મિત કરીને હું પાછો વર્તમાનમાં આવ્યો.

રાત્રે જમ્યા પછી મેક્સે પેલા ત્રણેય બદમાશોની જડતી લીધી. અલબત્ત, એ પહેલાં અમે બદમાશોને પૂરતો ખોરાક આપ્યો હતો. ખોરાક હોવા છતાં કોઈ ભૂખ્યું રહે એમાં અમે માનતા નહોતા એટલે અમારે અમારી ફરજ તો બજાવાની જ હતી.

ઝાડનાં થડે બાંધી મૂકેલા ત્રણેય બદમાશો મેક્સના પ્રકોપથી ડરતા હતા. મેક્સે કંઈ જ નહોતું કર્યું, માત્ર ત્રણેયને એક એક તમાચા જડી દીધા હતા. એના પરિણામરૂપે એ લોકો મેક્સે પૂછેલા સવાલોના સાચા જવાબો આપતા હતા. રાત્રે એ બદમાશોને અમે ટેન્ટની અંદર લઈ લીધા હતા. વિલિયમ્સ ગુફાની અંદર ઘસઘસાટ ઊંઘતો હતો. એની બાજુમાં ક્રિક અને જેમ્સ હતા. રાત્રે પહેરો ભરવા માટે અમે બે-બે કલાકની શિફ્ટ રાખી હતી. જે બે જણાનો વારો હોય એ પહેરો ભરે ને બાકીના સુઈ જાય. વળી બે કલાક પછી વારા બદલાય.

અત્યારે મારો અને પ્રોફેસર બેનનો વારો હતો, પણ મેક્સ પેલા બદમાશો પાસેથી માહિતી ઉઘરાવી રહ્યો હતો એટલે બીજા બધાને પણ એમાં રસ પડ્યો હતો એટલે વિલિયમ્સ સિવાય સૌ જાગતા હતા.

'ક... કહું છું સાહેબ, કહું છું... મારશો નહીં...કહું છું...' મેક્સે પકડેલા એક બદમાશના શર્ટનાં કોલરના જવાબમાં એ બદમાશે કરગરતા અવાજે કહ્યું, 'અમારી ટોળકીનો સરદાર તો આ ટાપુ પર છે જ નહીં. એ તો લીમામાં ક્યાંક છે. આ ખજાનાની બધી જવાબદારી એણે અમારા માથે નાખી છે. અમે ચાંચિયાઓ નથી. અમે સાદા લૂંટારાઓ છીએ અને એક ટાપુ પરના માલની બીજા ટાપુ પર હેરફેર કરતા રહીએ છીએ. હું તો નવો નવો જ ભરતી થયો છું એટલે મને વધારે કશું ખબર નથી, સાહેબ. થોડા મહિનાઓ પહેલાં ખજાનો કોઈક દૂરના ટાપુ પર રાખવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં માણસોની બહુ આવ-જા હોવાથી અહીં સ્પેક્ટર્ન પર લાવી મૂક્યો છે...'

'ક્યાં છે ખજાનો ? જલદી બોલ...' મેક્સે અધીરાઈથી પૂછ્યું.

'અમને લોકોને એ નથી ખબર, સાહેબ. તમારી પાસે જે નક્શો છે એમાં 'ક્રોસ'ની નિશાનીવાળી જગ્યાએ જશો ત્યાં જ હશે. અમને તો બસ તમારા જેવા સાહસિકો કે આ ખજાનો લેવા આવનાર માણસોને ખતમ કરી દેવાની જ સૂચના અપાયેલી હતી એટલે અમને ખજાના વિશે કંઈ જ ખબર નથી.'

'તારા સરદારને ખજાનાનું કરવું શું હતું કે આમ એક ટાપુ પરથી બીજા ટાપુ પર હેરફેર કરાવ્યા કરે છે ? ખજાનામાં એવું તે છે શું ?'

'સાહેબ, ખજાનાની પેટીની અંદર શું છે એ આજદિન સુધી અમે કોઈએ નથી જોયું. અલબત્ત, સરદારે જ ખુદ નથી જોયું. સરદાર એ ખજાનાના બદલામાં લીમાની સરકાર પાસેથી કંઈક માગણી કરવાના હતા એવું અમે જાણ્યું છે. બસ, આ સિવાય અમને એક પણ વાતની જાણ નથી.

અમે તો માત્ર ખજાનાનું રક્ષણ કરવાવાળા નોકરો છીએ...'

મેં બદમાશની આંખોમાં જોયું. એ સાચું બોલતો હોય એવું લાગતું હતું. આ લોકો તો માત્ર વચેટિયા હતા. સાચો માણસ તો લીમામાં બેઠો હતો.

મેક્સે એ બદમાશનો કોલર છોડ્યો અને અમારી તરફ ફર્યો, 'આનાથી વધુ માહિતી આપણે ઉઘરાવી શકીએ એમ નથી. આ લોકો કદાચ સાચું કહે છે. તો પછી હવે આપણી પાસે એક જ રસ્તો રહે છે. વહેલી તકે ખજાનાની પેટી અહીંથી લઈ જઈને લીમા પહોંચી જવું. બાકીનું બધું લીમા જઈને ફોડી લેશું.'

અમે મેક્સની વાત સાથે સહમત થયા. હવે બીજા દિવસની સવારથી આગળનો માર્ગ કાપવા નીકળી જવાનું હતું.

***

સવારે બધા તૈયાર થઈને ટેન્ટની બહાર નીકળી આવ્યા હતા. ટેન્ટને સમેટી લેવામાં આવ્યો હતો. વિલિયમ્સ પણ હવે પહેલાં કરતાં વધુ સારું મહેસુસ કરતો જણાતો હતો. મેક્સનો ચહેરો પણ આરામ પછી તાજો હતો. એણે નીકળતાં પહેલાં ત્રણેય બદમાશોને ફરીથી પેલા ઝાડનાં થડ સાથે બાંધી દીધા હતા.

અમારી ખજાના સુધી પહોંચવાની આખરી સફર શરૂ થઈ. પ્રોફેસર બેન નક્શો અને હોકાયંત્ર લઈને સૌથી આગળ ચાલતાં હતા. મેક્સ અને હું સાથે હતા. ફરીથી એ જ પાંદડાં કચડાવાનો અવાજ... પક્ષીઓના વિચિત્ર અવાજો... ઉપરાંત દૂર-દૂરથી કોઈક ઝરણું વહેતું હોય એવો આછો ઘેરો પાણી પાડવાનો અવાજ આવી રહ્યો હતો...

'મેક્સ, તેં પેલા બદમાશોને બાંધી રાખ્યા છે તો પછી એ લોકો છૂટી કેવી રીતે શકશે ? આઈ મીન, એ લોકો...'

'ડોન્ટ વરી ડ્યુડ, મેં એ લોકોને એવી રીતે બાંધ્યા છે કે એ લોકો સહેલાઈથી મુક્ત થઈ શકશે...' મેક્સે જાણે મારું અધૂરું વાક્ય સમજી ગયો હોય એમ હસીને કહ્યું, 'મને પણ એ લોકોને ખોટી રીતે હેરાન કરવાનું કે મારી નાખવાનું ઉચિત નહોતું લાગ્યું...'

જવાબમાં મેં એની સામે એક મીઠું હાસ્ય વેરી દીધું.

લગભગ અગિયાર વાગ્યે દ્રશ્ય બદલાયું. અમે ચાલતાં હતા એની ડાબી તરફ અને સામેની બાજુ તો ઘટાટોપ વૃક્ષો ધરાવતું જંગલ જ જંગલ હતું, પરંતુ અમારા જમણા હાથે સમાંતર ચાલી આવતી, પર્વતની તળેટીની ઢોળાવવાળી ખડકાળ દીવાલ ધીમે-ધીમે વધુ જમણી તરફ ખસવા લાગી હતી. પેલા ઝરણાનો અવાજ હવે એકદમ જોરથી આવતો હતો. ખડખડ વહેતા ઝરણાંના ધોધનો અવાજ એકધારો આવતો હતો. મેં જોયું તો આગળની તરફથી જમણી બાજુની પર્વતની દીવાલ જમણી બાજુ ફંટાઈ જતી હતી. એ જ જગ્યાએ ઝરણું હોવું જોઈએ એવું મેં અનુમાન કર્યું. અને એ સાચું પડ્યું.

ચાલતાં-ચાલતાં અમે એ જગ્યાએ પહોંચ્યા. એ જગ્યાનું દ્રશ્ય જોઈને મારી આંખો ઠરી ગઈ. કેટલું નયનરમ્ય અને આહલાદક દ્રશ્ય હતું એ ! એ ત્રણેય બાજુથી પર્વતની ઊંચી-ઊંચી દીવાલોથી ઘેરાયેલું નાનકડું મેદાન હતું. બરાબર સામેની બાજુથી એક મોટું ઝરણું પર્વતની ઊંચી દીવાલ પરથી પડતું હતું. ઉપરથી પડી રહેલા એ શ્વેત પાણીનો ખડખડ અવાજ કાનને ઠંડક આપતો હતો. ધોધનો અવાજ એટલો બધો હતો કે આજુ-બાજુનો બીજો કોઈ જ અવાજ સંભળાતો નહોતો. ચારે બાજુ પુષ્કળ લીલોતરી હતી. ભીની માટીમાંથી વરસાદી પાણીની મીઠી સુગંધ આવી

રહી હતી. ત્રણ બાજુ પર્વતની ઊંચી દીવાલોની સામેની બાજુ તો જંગલનું જ સામ્રાજ્ય હતું. એટલે અમે ત્રણ બાજુથી ઘેરાઈ ગયા હતા. સૂર્યનો તાપ સહેજ પણ પહોંચતો નહોતો. એકદમ ઠંડી જગ્યા હતી.

'વાઉ...! બ્યુટીફૂલ...!' લગભગ બધાનાં મોંમાંથી આ જ ઉદગાર સરી પડ્યા.

'બ્યુટીફૂલ તો ખરું, પણ સામે જુઓ છોકરાઓ...' પ્રોફેસર બેન એકદમ રહસ્યમય અવાજે અમને ચેતવતાં બોલ્યા. અમે એ તરફ જોયું તો અમારી ખુશી ચિંતામાં ફેરવાઈ ગઈ. અમે ઊભા હતા એ જગ્યા સહેજ ઊંચાઈ પર હતી એટલે સામેનું દ્રશ્ય અમે સ્પષ્ટ જોઈ શકતા હતા. સામે ઝરણાનું પાણી જ્યાં એકઠું થતું હતું ત્યાં લગભગ ચારેક માણસો પહેરો ભરતા આમ તેમ ફરતા હતા. એ લોકોના દેખાવ જોઈને જ લાગતું હતું કે એ દુશ્મનો હતા.

અમે ઝડપભેર એક ખડક પાછળ છુપાઈ ગયા અને સામેનું દ્રશ્ય જોવા લાગ્યા. બદમાશો એક બીજા સાથે કંઈ જ વાત નહોતા કરતા. બસ, આમથી તેમ આંટા મારતા હતા એટલે એ લોકો પણ ખજાનાના પહેરેદાર જ હોવા જોઈએ. એ લોકોને પણ ખજાના વિશે કંઈ જ ખબર નહીં હોય એવું લાગતું હતું.

'છોકરાઓ, આપણે બરાબર આ ક્રોસ (ચોકડી)વાળી જગ્યાએ આવી પહોંચ્યા છીએ, એટલે ખજાનો અહીં જ ક્યાંક હોવો જોઈએ.' પ્રોફેસર બેન મોટેથી બોલ્યા. ઉપરથી પડતાં પાણીનાં ધોધના અવાજને લીધે જરા મોટેથી વાતચીત કરવી પડતી હતી. એ પછીની બે-ત્રણ મિનિટ કોઈ કંઈ ન બોલ્યું.

થોડી ક્ષણો બાદ અચાનક વોટ્સન બોલી ઊઠ્યો, 'યસ ફ્રેન્ડ્સ, મને ખજાનો જડી ગયો !' એણે ચપટી વગાડતાં કહ્યું, 'મને અંદાજો આવી ગયો છે કે ખજાનો ક્યાં હોવો જોઈએ...'

'શું વાત કરે છે વોટ્સન ! ખરેખર ?' લગભગ અમારાં મોં આશ્ચર્યથી ખુલ્લાં જ રહી ગયાં, 'જલદી કહે... ક્યાં છે ?' અમે અધીરા બનીને પૂછ્યું.

'દોસ્તો જુઓ...' વોટ્સને થોડે દૂર જ્યાં પહેરેદારો હતા ત્યાં પાણીનાં એક મોટા ખાબોચિયા તરફ આંગળી ચીંધતાં કહ્યું, 'ત્યાં જે મોટું ખાબોચિયું દેખાય છે એ ધ્યાનથી જુઓ. ઉપરથી પડતાં ઝરણાનું પાણી ત્યાં જમા થયું છે, અને સાથે જ એક નવી વાત પણ છે. ડાબી તરફથી ક્યાંકથી આવતી નદીનું પાણી પણ નાની નીક મારફતે એ જ ખાબોચિયામાં જમા થયું છે. એટલે કે અહીં ઝરણાના પાણીનો અને નદીનાં પાણીનો દ્વિ-સંગમ છે, દ્વીભેટો છે.'

અમે એ તરફ જોયું. ત્યાં સાચેસાચ જ એણે કહ્યું એમ નદીનું પાણી અને ઝરણાનું પાણી મળતાં હતાં.

'હા તો એમાં ખજાનાની વાત ક્યાં આવી ?' ક્રિકે પ્રશ્ન કર્યો.

'સાંભળો, મારો તર્ક એમ કહે છે કે ખજાનો એ ખાબોચિયાના પાણીમાં જ છુપાવ્યો છે. કારણ,કે પેલા ચારેય બદમાશો બરાબર એ જ જગ્યાએ પહેરો ભરે છે. ઉપરાંત એના સિવાય અહીં એવી બીજી કોઈ જ જગ્યા નથી કે જ્યાં ખજાનાની પેટી સહેલાઈથી છુપાવી શકાય. અને નકશામાં પણ "ચોકડી"વાળી જગ્યા અહીં જ બતાવી છે...શું કહો છો દોસ્તો ? તુક્કો લગાવવામાં શું જાય છે ? એકવાર જઈને શોધી તો જોઈએ...'

અમને બધાને એની વાતમાં રસ પડ્યો. ત્યાં એક વખત શોધવામાં શું વાંધો ? પણ, સામે ઊભેલી દુશ્મનરૂપી આફતને પહેલાં પહોંચી વળવાનું હતું. મેક્સે એના વિશે પણ વિચારી લીધું હતું. એને એક એવી ટ્રિક આવડતી હતી કે જેનાથી માત્ર માથા પર પથ્થર ઝીંકીને માણસને બેહોશ કરી

શકાય. અને એની એ ટ્રિક અમને કામ આવી ગઈ. એણે ચાર પથ્થર ઉપાડ્યા અને દૂર ઉભેલા બદમાશો કંઈ પણ સમજે એ પહેલાં ચારેયનાં માથા પર પથ્થર વીંઝીને તેઓને બેભાન કરી દીધા. અલબત્ત, માથામાંથી થોડું લોહી જરૂર નીકળ્યું હતું પણ, મેક્સના કહેવા પ્રમાણે એ લોકો મરી નહીં જાય, માત્ર થોડી વાર પૂરતો હોશ ખોઈ બેસશે.

અમારું અડધું કામ પૂરું થઈ ગયું. દોડમદોડ સૌ એ ખાબોચિયાવાળી જગ્યાએ પહોંચ્યા. ખાબોચિયું મોટું હતું એટલે બે જણા – જેમ્સ અને વોટ્સન એમાં ઉતર્યા. પાણી છાતી સરસું જ હતું એટલે ડૂબવાનો કોઈ સવાલ નહોતો. આશરે દસેક મિનિટની શોધખોળ બાદ જેમ્સનો ચહેરો એકદમ ખીલી ઊઠ્યો. એણે એક વજનદાર પેટી પાણીમાંથી બહાર કાઢી અને જમીન પર મૂકી. લાકડાની એ પેટીને જોતાં જ અમે ગાંડાતુર બની ગયા.

પ્રકરણ:૧૫ ખજાનો મળ્યો, પણ...

'વુઉઉઉઉ... હુઉઉઉઉ....!' લગભગ બધા એકીસાથે આનંદના સાગરમાં ઉછળી પડ્યા. છેલ્લા કેટલાય દિવસોથી જે ખજાનો શોધવા માટે અમે અહીં સુધી ખેંચાઈ આવ્યા હતા એ ખજાનો આખરે હાથ લાગ્યો હતો. દ્વિભેટાવાળા પાણીનાં ખાબોચિયામાંથી જેવો જેમ્સ પેટી કાઢતો બહાર ડોકાયો કે તરત જ અમે ભાન ભૂલી ગયા અને હર્ષનાદ ચાલુ કરી દીધો હતો.

પેટી ખાબોચિયાની બાજુમાં જમીન પર મૂકાઈ. અમે એની ફરતે ઘેરાઈને ઊભા રહી ગયા. બાજુમાં જ પડતાં ઝરણાનો અવાજ હવે મીઠો લાગી રહ્યો હતો. થોડી વાર તો અમે એ પેટીને જોઈ જ રહ્યા. એ લાકડાની પેટી હતી. મને થયું કે લાકડાની પેટી તો આમ પાણીમાં પડી પડી ખવાઈ જાય, પણ પછી જ્યારે એના પર હાથ ફેરવ્યો ત્યારે ખબર પડી કે લાકડુ કોહવાઈ ન જાય એ માટે એના પર કોટિંગ કરવામાં આવ્યું હતું. થોડીવારે બધા આનંદ અને આશ્ચર્યના દરિયામાંથી બહાર આવ્યા એટલે પ્રોફેસર બેને કહ્યું, 'દોસ્તો, હવે આ પેટીને અહીંથી દૂર લઈ જવી પડશે. કારણ,કે અહીં બેહોશ થયેલા આ બદમાશો ગમે તે ઘડીએ પાછા ભાનમાં આવી શકે એમ છે, એટલે આપણે લોકોએ અહીંથી દૂર જ ચાલ્યા જવું જોઈએ.'

'યસ બોયઝ, પ્રોફેસર બેનની વાત સાચી છે.' મેક્સે સાથ પુરાવ્યો. પછી કંઈક વિચારીને બોલી ઊઠ્યો, 'હેઈઈ, આપણે અહીંથી નકશાને આધારે સીધેસીધા જ આગળ વધીને આ પર્વતની પાછળની બાજુ પહોંચી જઈએ તો...? કેમ કે હવે પાછા જવાનો કોઈ અર્થ નથી. આવ્યા હતા એ જ રસ્તે પાછા જઈશું તો કદાચ દુશ્મનોનો ખતરો રહેશે. એટલે બહેતર છે કે આપણે આગળ જ વધી જઈએ.'

મેક્સની વાતમાં દમ હતો. આવ્યા હતા એ જ માર્ગે પાછા જશું તો વધ્યા-ઘટ્યા દુશ્મનો ટાંપીને જ બેઠા હશે. દુશ્મનોની વાત આવતાં જ મને એડગર અને એની દીકરી લારા યાદ આવી ગયાં. ક્યાં હશે એ લોકો ? જીવતા પણ હશે કે પછી ?

'શું વિચારે છે, એલેક્સ ?' પ્રોફેસર બેને અચાનક પૂછ્યું. એમના પ્રશ્નથી મારા

વિચારોમાં ભંગ પડ્યો.

'એડગર અને લારા....' મેં એમની આંખમાં આંખ પરોવી.

'ચિંતા શું કામ કરે છે ? એડગર કાંઈ નાનું છોકરું નથી એલેક્સ. એ બધામાં નિપુણ છે. લારાને પણ એણે તૈયાર કરી છે, આખા ટાપુથી એ માહિતગાર છે અને ટાપુ નાનો છે એટલે એ ગમે ત્યારે આવી પહોંચશે...' પ્રોફેસરે મને પૂરતું આશ્વાસન આપી દીધું.

પ્રોફેસર બેને તરત જ નકશો ખોલ્યો. અત્યારે અમે પર્વતની દક્ષિણ તરફની તળેટીમાં હતા - નક્શામાં દર્શાવેલી 'ક્રોસ'વાળી જગ્યાએ.

'જુઓ, આપણે આ ખજાનાવાળી જગ્યાએ છીએ.' પ્રોફેસર બેને કહ્યું, 'હવે મારો એવો વિચાર છે કે આપણે આ પર્વતની બીજી તરફ વહેતી નદીને રસ્તે થઈને પૂર્વ તરફના કિનારે નાંગરેલા એડગરના વહાણ પર પહોંચી જઈએ. સમય રાતનો પસંદ કરશું એટલે કદાચ છૂટાછવાયા દુશ્મનો ફરતા હશે તો પણ આપણને જોઈ શકશે નહીં.' વાત પૂરી કરીને જાણે પૂછવા માગતા હોય કે યોજના બરાબર છે કે નહીં એ રીતે પ્રોફેસરે અમારી સામે જોયું. અમને તો યોજના એકદમ બરાબર જ લાગતી હતી.

'વાઉ પ્રોફેસર ! એકદમ સરસ યોજના છે.' મેક્સ બોલી ઊઠ્યો. અમે પણ એને સાથ આપ્યો.

'ઓ.કે., તૈયારી શરૂ કરી દઈએ. લેટ્સ ગો.' પ્રોફેસર એકદમ ખુશ થતાં બોલી ઉઠ્યા અને બીજી જ પળે તૈયારી શરૂ થઈ ગઈ. ખજાનાની પેટીને અમે ટેન્ટના મોટા અને જાડા કાપડમાં વીંટાળવાનું નક્કી કર્યું. અત્યારે તો પેટીની ચાવીનો કે એને ખોલવાનો વિચાર સુદ્ધાં કરી શકાય એમ નહોતો. સમય બહુ નાજુક હતો એટલે અહીંથી નીકળવું જ જરૂરી હતું.

તૈયારી થતી હતી એ જ વખતે મેં જોયું તો દૂરની એક ઝાડીમાં હલનચલન થતું હતું. ઝરણાના પાણીનો અવાજ વધારે હતો એટલે ઝાડી તરફથી આવતા અવાજ નહોતા સંભળાતા. હું ચમક્યો. મેં તરત જ પ્રોફેસર બેનને અને મેક્સને જાણ કરી. વોટ્સન, ક્રિક, જેમ્સ વગેરે પેટીને ટેન્ટના કાપડમાં લપેટી રહ્યા હતા એટલે એ લોકોને આ બાબતની જાણ નહોતી - કદાચ મોટેથી બોલીએ ને ઝાડીમાં છુપાયેલા માણસો ભાગી છૂટે તો ? – એવા વિચારે મેં માત્ર ધીમેથી પ્રોફેસર અને મેક્સને જ જાણ કરી. બીજી જ પળે બંનેના હાથમાં રિવોલ્વરો પકડાઈ ગઈ.

ઝાડીમાં સહેજ વધુ સળવળાટ થયો. અમે સતેજ થઈ ગયા. કંઈ પણ બની શકે તેમ હતું.

અને... ઝાડીમાંથી અચાનક બે આકૃતિઓ બહાર નીકળી. પરંતુ એ આકૃતિઓને જોઈને અમારા ત્રણેયનાં ચહેરા એકદમ ખીલી ઉઠ્યા. એ હતા એડગર અને લારા ! મારી આંખમાંથી ખુશીના આંસુ સરી પડ્યા. નસીબે આમાં પણ અમને સાથ આપ્યો હતો.

'એડગર.....! લારા....!' પ્રોફેસર બેન બોલી ઉઠ્યા. એમનાં મોંએથી એડગર અને લારાનું નામ સાંભળીને જેમ્સ, વોટ્સન વગેરેની નજર પણ આ તરફ ફરી. એ દરમિયાન એડગર અને લારા નજીક આવી પહોંચ્યા હતા.

'થેન્ક ગોડ, એડગર, તમે ઠીક છો.' પ્રોફેસર બેન આનંદિત થઈને બોલ્યા અને એડગરનો ખભો થપથપાવ્યો. એનાં શરીરે અમુક જગ્યાએ લોહી નીકળી આવ્યું હતું અને બે-ત્રણ જગ્યાએથી કપડાં ફાટી ગયાં હતાં. લારાને એટલું બધું નુકસાન નહોતું થયું.

'અત્યારે વાતોમાં સમય બગાડવાનો નથી, પ્રોફેસર ! આગળ વધીએ.' એડગર ઉતાવળ કરતાં બોલ્યો. પ્રોફેસરે એને અમારી આગલી યોજના જણાવી દીધી. યોજના સાંભળીને એના

ચહેરા પર નુર આવ્યું. પછી એણે પૂછ્યું, 'યોજના તો બરાબર છે, પ્રોફેસર, પણ નદીનાં રસ્તે જવા માટે આપણને કોઈક માધ્યમની જરૂર તો પડશે ને ? એટલે કે આપણને હોડી કે એવી કોઈ તરલ વસ્તુની જરૂર પડશે...'

'હા એ વાત છે. પણ એ તો આગળ જઈને વિચારશું. અત્યારે....'

'અરે એક મિનિટ પ્રોફેસર !' ત્યાં જ એડગર સફાળો બોલી ઊઠ્યો, 'આગળની તરફ નદીનાં કાંઠે વાંસ(Bamboo)ના વૃક્ષો મળી રહેશે. મારા સાથીઓએ મને જણાવ્યું હતું. વાંસની લાકડીઓથી તરાપા જેવું કંઈક બનાવી શકાશે...'

'અરે વાહ એડગર ! તેં તો અમને ઓર ખુશ કરી દીધા...' પ્રોફેસર બેને કહ્યું, 'ચાલો, તો હવે રાહ શેની જોવાની ? આગળ વધો.'

***

સાંજ ઢળી ગઈ. અમે ચાલતાં-ચાલતાં પશ્ચિમ તરફની નદીનાં કિનારે આવી પહોંચ્યા. આ જગ્યા ખૂબ જ ગીચ હતી. ચારે બાજુ જંગલનું સામ્રાજ્ય હતું. પક્ષીઓનો ઝીણો-ઝીણો કલરવ શાંત વાતાવરણમાં ગુંજી રહ્યો હતો.

પશ્ચિમ તરફના સમુદ્રમાંથી નીકળતી આ નદીની પહોળાઈ પ્રમાણમાં ઘણી હતી. ઘટાટોપ વૃક્ષોનાં જંગલમાંથી પસાર થઈને નદી પૂર્વ તરફના સમુદ્રમાં ભળી જતી નકશામાં દેખાતી હતી. અત્યારે નદીનો ખળખળ વહેવાનો અવાજ આવતો હતો. સામેના કિનારેથી ફરી પાછું અહીં હતું એવું જ ગાઢ જંગલ શરૂ થઈ જતું હતું. એ જંગલ આગળ ઉત્તર તરફ ફેલાયેલું હતું.

નદીનાં ભીના કિનારે અમે આરામ કરવા બેઠા. ડાબી બાજુ આથમી રહેલા સૂર્યનો આછો કેસરી પ્રકાશ જંગલનાં અંધકારમાં નદીનાં પાણી પર રેલાઈ રહ્યો હતો. નયનરમ્ય દ્રશ્ય હતું એ !

'આ રહ્યાં વાંસ...!' ક્રિક અમારી પાછળ તરફ નજર કરતો બોલી ઊઠ્યો. બધાએ પાછળ જોયું. ઊંચા ઊંચા વાંસ એ વિસ્તારમાં પથરાયેલા હતા. થોડો આરામ કરીને વાંસમાંથી એક નાનકડી હોડી તૈયાર કરવી એવું નક્કી થયું.

'છોકરાઓ, આ જુઓ...' આરામ ફરમાવવા બેઠેલા પ્રોફેસર બેને ખજાનાની પેટીના આગળીયા તરફ જોતાં કહ્યું, 'આને તો તાળું મારેલું છે.... અરે ! એક મિનિટ...' અચાનક એમણે તાળાની પાછળ છુપાવેલો એક નાનકડો કાગળનો ટુકડો ખેંચી કાઢ્યો અને એને ખોલીને અંદરનું લખાણ વાંચ્યું, 'આ... આ જુઓ દોસ્તો ! B-63...!'

'B-63...? એ શું પ્રોફેસર બેન ?' મેં પૂછ્યું. અલબત્ત, બધાનો પ્રશ્ન આ જ હતો.

'એલેક્સ, આ B-63 પ્રોફેસર એન્ડરસનના ઘરનો નંબર છે !' પ્રોફેસર બેને ધડાકો કર્યો. એમનું વાક્ય સાંભળીને અમે આશ્ચર્યના આઘાતમાં સરી પડ્યા. આ તે વળી કેવું ? કંઈ જ સમજાતું નહોતું.

'આ બધું શું છે, પ્રોફેસર બેન !?' જેમ્સે રઘવાયા થઈને પૂછ્યું.

'મને કંઈ જ ખબર નથી પડતી, જેમ્સ.' પ્રોફેસર બેન પેટીને બાજુ પર મૂકતાં બોલ્યા, 'આ એન્ડરસને શું આદર્યું છે એ જ કંઈ ખબર નથી પડતી. બધું એકદમ ગૂંચવાયેલું છે. પણ, મને લાગે છે કે અહીં એન્ડરસનના ઘરનો નંબર લખેલો છે એટલે જરૂર ત્યાંથી કંઈક જાણવા મળશે. એટલે અત્યારે વાતોમાં સમય વેડફ્યા કરતાં આપણે જલ્દીથી આ ટાપુ પરથી નીકળી જવું જોઈએ. લીમા પહોંચીને કંઈકનું કંઈક થઈ પડશે.'

અમે એમનો આ પ્રસ્તાવ સ્વીકારી લીધો અને બીજી જ પળે કામે વળગ્યા. વીસ-પચ્ચીસ જેટલી વાંસની લાકડીઓને આડી-ઊભી બાંધીને અમે એક તરાપો તૈયાર કર્યો. તરાપો તૈયાર કરતાં કરતાં સમય ઘણો લાગ્યો હતો. રાત પડી ચૂકી હતી.

સંપૂર્ણ તરાપો તૈયાર થઈ ગયો એટલે અમે બધો સમાન એના પર ચડાવી દીધો અને અમે પણ ચડી ગયા. એક ઝાડનું લાકડું હલેસા તરીકે રાખ્યું હતું, અલબત્ત, નદીનો પ્રવાહ પશ્ચિમથી પૂર્વ તરફનો હતો એટલે તરાપો પ્રવાહમાં જ આગળ ધપ્યે જતો હતો.

એ અંધારી રાત્રે અમે તરાપો નદીમાં વહેતો મૂક્યો અને વહેલી સવારે અમે એડગરના વહાણ પાસે પહોંચી ગયા. રાતનું અંધારું હોવાથી રસ્તામાં દુશ્મનોનો ભેટો નહોતો થયો અને અમે વિના વિઘ્ને અહીં પહોંચી ગયા હતા.

એડગરના વહાણ પર એના સાથીઓએ અમારું સ્વાગત કર્યું. અમારા દરેકના હ્રદય હવે હેઠા બેઠા હતાં. જાણે વર્ષોનો થાક ઊતર્યો હોય એમ લાગતું હતું. મગજ પર સવાર ચિંતા હવે સાવ ઘટી ગઈ હતી. સફર દરમિયાન એડગર અને લારાએ અમને ખરેખર બહુ મદદ કરી હતી એટલે અમે એ લોકોનો દિલથી આભાર માન્યો.

બસ, એ પછીની વાતો ટૂંકી છે –

- અમે લીમા પાછા જવા માટે એડગરના વહાણની માગણી કરી. પરંતુ, એડગર પોતે જ હવે આવા નીરસ જીવનથી કંટાળ્યો હતો એટલે એણે પણ અમારી સાથે લીમા આવીને એક સદગૃહસ્થ તરીકે જીવન જીવવાની ઈચ્છા દર્શાવી.

- આથી એડગર અને એનો પરિવાર પણ અમારી સાથે લીમા આવવા તૈયાર થયા... એને અમારી સાથે આવતો જોઈને અમારી ખુશી બેવડી થઈ.

- સદનસીબે વહાણમાં લીમા પહોંચી શકાય એટલું ઈંધણ પણ પડ્યું હતું... અને એડગર પોતે સમુદ્રના રસ્તાઓનો જાણકાર હતો એટલે એને જ વહાણના સુકાની તરીકે રાખવામાં આવ્યો.

- અને... એ દિવસની સાંજે અમે સ્પેક્ટર્ન ટાપુની વિદાય લીધી. વહાણ ધીમે-ધીમે ટાપુની જમીન છોડતું ખુલ્લા પેસિફિક મહાસાગરમાં આગળ વધી ગયું... સંધ્યાના ઓછાયા હેઠળ દેખાતો સ્પેક્ટર્ન ટાપુ થોડી વાર પછી ધુમ્મસના આવરણમાં અદ્રશ્ય થઈ ગયો.

આખરે આ ભેદભરમથી ભરેલી રોમાંચક સફરનો અંત આવ્યો.

પરંતુ હજી એક મોટો ભેદ ખુલવાનો બાકી હતો. ટેકરીની તળેટીમાં આવેલું પ્રોફેસર એન્ડરસનનું ઘર એ ભેદ છુપાવીને બેઠું હતું.

પ્રકરણ:૧૬ ભેદ ખૂલ્યો...!

લગભગ દસેક દિવસે અમે લીમા પહોંચ્યા. પેરૂ દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કિનારે આવેલો છે એટલે જે રીતે આવ્યા હતા એ જ રીતે, સીધે-સીધું પૂર્વ તરફ હંકારવાનું હતું.

લીમાના બંદરે અમે એડગર, લારા અને એના સાથીઓને આભારવશ થઈને વિદાય આપી અને અમે ફટાફટ ટેક્સી કરીને પ્રોફેસર એન્ડરસનના ઘર તરફ રવાના થયા. મેં ટેક્સીના પાછળના કાચમાંથી જોયું તો એડગર-લારા એકદમ તેજોમય ચહેરે આગળ વધી ગયેલી અમારી ટેક્સી તરફ જોઈ રહ્યા હતા. એમને એ નિરસ ટાપુ પરથી ઉગારી લેવા કદાચ અમે ફરિશ્તાઓનો ભાગ ભજવી ગયા હતા. અહીં લીમાની ધરતી પર હવે એ લોકો નવો વ્યવસાય કરશે અને સુખેથી રહેશે એમ વિચારીને હું ખૂબ ખુશ થઈ ગયો.

'આવજો દોસ્તો ! ફરી જરૂર મુલાકાત થશે...' – હું મનમાં બોલ્યો ત્યારે એ લોકો લગભગ દેખાતા બંધ થઈ ગયા હતા. ધીમું સ્મિત ફરકાવીને મેં ડોક ફેરવી લીધી.

ટેક્સી લીમાના સુંદર રાજમાર્ગો વટાવતી આગળ વધી રહી હતી.

***

અમારી હાઉસિંગ રેસિડેન્સી પાસે ટેક્સી છોડીને અમે દૂર ટેકરીની તળેટીમાં આવેલા પ્રોફેસર એન્ડરસનના ઘર તરફ રીતસરનાં દોડી ગયા. બધાની ધીરજનો હવે પાર નહોતો. બધા આ આખા રહસ્યને જાણવા અધીરા બન્યા હતા.

નાનકડી ઝાંપલી 'ધડામ' કરતી હડસેલીને અમે અંદર તરફ ભાગ્યા. ઝાંપલી પાસે જ દીવાલ પર B-63 લખેલું મેં જોયું. પછી મુખ્ય દરવાજાને પણ જોરથી ધક્કો મારીને અંદર પ્રવેશ્યા. આશ્ચર્ય વચ્ચે આ મુખ્ય દરવાજો ખુલ્લો હતો ! મતલબ કે આટલા દિવસોમાં કોઈ જ અહીં ફરક્યું નહોતું.

અમે ઝડપથી બાજુના રૂમમાં પ્રવેશ્યા અને... ત્યાં જ જડાઈ ગયા. આ એ જ રૂમ હતો કે જ્યાંથી આ બધો બખેડો શરૂ થયો હતો.

બરાબર સામે પડતી બારી પાસે કાળો ઓવરકોટ પહેરેલી એક વ્યક્તિ અમારી તરફ પીઠ રહે એમ બારી તરફ ફરીને ઊભી હતી ! બારીમાંથી આવતા સૂર્યપ્રકાશને કારણે એ વ્યક્તિનો પડછાયો પાછળ તરફ રેલાતો હતો.

કોણ હશે આ માણસ ? અહીં શા માટે આવ્યો હશે ? પેલા બદમાશોનો સરદાર તો નહીં હોય ને ? – એક સાથે આવા કેટલાય સવાલ હથોડાની માફક ઝીંકાવા લાગ્યા. - આખરે આ રહસ્યમય માનવી છે કોણ ?

'ઓહ ! તો તમે લોકો આવી પહોંચ્યા...' એ માણસ ઘોઘરા અવાજે બોલ્યો. એનો આવો ઘુરકાટ અમને ડરાવી ગયો. કદાચ એ માણસ અવાજ બદલીને વાત કરતો હતો. મારો હાથ સીધો જ પેન્ટના ખિસ્સામાં પડેલી રિવોલ્વર પર જઈ પહોંચ્યો.

'બહુ વાર લાગી પહોંચતાં... હું તો તમારો ઈંતેજાર કરીને થાક્યો હતો...' એ માણસ ઠાવકા અવાજે બોલ્યો. વાતાવરણ એકદમ તંગ બની ગયું હતું. સામેનો માણસ જો એની પીઠ ફેરવે તો એનો ચહેરો દેખાય. હું વિચારતો હતો ત્યાં જ... ખરેખર એ માણસ અમારી તરફ ફરતાં બોલી ઊઠ્યો, 'સફર કેવી રહી દોસ્તો ?'

અને.... એને જોતાં જ અમારી આંખો ફાટી પડી. વાતાવરણ જાણે કે ત્યાં જ થંભી ગયું ! હ્યદય એકાદ-બે ધબકારા ચૂકી ગયું. મોં એકદમ ખુલ્લાં જ રહી ગયાં. એકદમ સન્નાટો છવાઈ ગયો.

મને તો ચક્કર આવવા જેવું લાગવા માંડ્યું. શરીરે એકદમ ગરમી પકડી લીધી અને કપાળેથી પરસેવાની ધાર નીતરવા માંડી. એકલી મારી જ નહીં, લગભગ અમારા બધાની આ જ સ્થિતિ હતી.

આ... આ કેવી રીતે શક્ય બને ?? – ઘેરા સન્નાટામાં આ એક જ પ્રશ્ન ગુંજતો હતો. સામે ઊભેલો એ માણસ બીજું કોઈ નહીં, પણ... પણ... પ્રોફેસર એન્ડરસન ખુદ હતા ! પ્રોફેસર માર્ટીન એન્ડરસન...! જી, હા... એ જ પ્રોફેસર એન્ડરસન કે જેને અમે સગી આંખે મૃત્યુ પામેલા જોયા હતા ! બાજુમાં વોટ્સન બેભાન અવસ્થામાં પડેલો મળ્યો હતો અને, ત્યાંથી આ આખો બખેડો શરૂ થયો હતો.

'એ... એ... એન્ડરસન... તું... ??' આખરે સ્વસ્થ થયા પછી પ્રોફેસર બેન સન્નાટાનો ભંગ કરતા બોલી ઉઠ્યા. સામે પ્રોફેસર એન્ડરસન સ્મિત ફરકાવતાં ઊભા હતા.

'રિલેક્સ દોસ્તો !' પ્રોફેસર એન્ડરસન આગળ વધતાં બોલ્યા, 'આટલું બધું ગભરાઈ જવાની જરા પણ જરૂર નથી. હું તમારી સામે જીવતો જાગતો છું એ જોઈને જો તમે ગભરાઈ ગયા હોવ તો એના માટે હું માફી માગીશ. સોરી !'

બધા હજુ પણ જડની જેમ ઊભા હતા. આખરે મેં મોં ખોલ્યું, 'પ... પણ પ્રોફેસર સાહેબ, મેં ખુદ તમને ચેક કર્યા હતા, અને તમે ખરેખર મૃત્યુ પામ્યા હતા, તો પછી...' આગળ શું બોલવું એ હું વિચારી ન શક્યો.

'હા.. હા.. હા.. હા.. હા...' કરતાં પ્રોફેસર એન્ડરસન જોરથી હસી પડ્યા. જાણે અમારો મજાક ઉડાવતા હોય એમ. પછી બોલ્યા, 'કેવો લાગ્યો મારો માસ્ટર પ્લાન, દોસ્તો ? મજા આવી ને ?'

અમને હજુ પણ કંઈ સમજાતું નહોતું એટલે અમે એમ ને એમ મૂંગા ઊભા રહ્યા. પ્રોફેસર એન્ડરસને અમને બાજુમાં પડેલી ખુરશીઓ તરફ બેસવાનો સંકેત કર્યો એટલે અમે સૌ બેસી ગયા.

'બધું જ કહું છું, દોસ્તો. આરામથી બેસો.' કહીને એન્ડરસન સાહેબે મેક્સ તરફ આંગળી ચીંધીને પૂછ્યું, 'તમે મેક્સ છો ને ? નેવીમાં છો, રીટાયર થવાના છો અને બેનના દોસ્ત છો...'

'યસ ! યુ આર રાઈટ. હું મેક્સ છું.' મેક્સે જવાબ આપ્યો.

'ઓહ ! તો બેને ટાપુ સુધી જવા માટે તમને સાથે રાખ્યા હતા... ગુડ !' એન્ડરસન બોલ્યા અને પછી પોતાની વાત શરૂ કરતાં કહ્યું, 'તમે લોકો કેવી રીતે પહોંચ્યા, શું કર્યું, કેવી રીતે પાછા ફર્યા એ બધું હું પછી જાણીશ, પણ અત્યારે હવે તમે લોકો મારા માસ્ટર પ્લાન વિશે સાંભળો...' કહીને એ રૂમમાં આંટા મારવા લાગ્યા. અમે અર્ધગોળાકારમાં ખુરશીઓ રાખીને બેઠા હતા. બધાની નજર અત્યારે એન્ડરસન પર જ જડાયેલી હતી.

'આ આખોય પ્લાન મારો હતો અને એમાં તમારા એક મિત્રએ મને ઘણો જ સાથ આપ્યો છે...' એન્ડરસન સાહેબે અમારામાંથી એક જણ તરફ નજર કરી.

'હેં...? વોટ્સન !?' લગભગ બધા એકીસાથે બોલી ઊઠ્યાં. અલબત્ત, મને પહેલેથી એના પર આછી-પાતળી શંકા હતી જ. જે રીતે ઘટનાઓ બની રહી હતી એ જોતાં એના તરફ શક જાય એ વ્યાજબી હતું. પણ પૂરેપૂરા રહસ્યથી હું અજાણ હતો. આશ્ચર્યનો એ હળવો આંચકો પૂરો થયો. એન્ડરસન સાહેબે હવે શરૂ કર્યું:

'સાંભળો દોસ્તો, આ આખા પ્લાનની શરૂઆત એક બેંક લૂંટથી શરૂ થઈ. આજથી લગભગ એક વર્ષ પહેલાં બોન્ઝા નામના એક ઓસ્ટ્રેલિયન લૂંટારાએ એના દસેક બદમાશો સાથે બેંક

ઓફ લીમામાં લૂંટ ચલાવી હતી. અને એ લૂંટ હતી લીમાના લોકોએ અનામત તરીકે રાખેલા સોના-ચાંદીના ઘરેણાંની ! ખેર, લૂંટ પછી બોન્ઝા એના બદમાશો સાથે લૂંટનો માલ લઈને ઓસ્ટ્રેલિયા જતો હતો પણ એમાં એ સફળ ન થયો અને લીમા પોલીસના હાથે ઝડપાઈ ગયો. એનાં બધા સાથીદારો પણ પકડાઈ ગયા હતા. પણ, એમાંનો એક બદમાશ લૂંટના માલ સાથે ભાગી છૂટવામાં સફળ થયો હતો. આ તરફ લીમા પોલીસે ઓસ્ટ્રેલિયન પોલીસને સતર્ક કરી દીધી હતી. પણ, પેલો ભાગી છૂટેલો બદમાશ ચાલાક નીકળ્યો. એ ઓસ્ટ્રેલિયામાં પ્રવેશવાને બદલે કિનારાથી થોડે દૂર આવેલા એક નાનકડા ટાપુ પર જઈ પહોંચ્યો અને એ ટાપુ પર એણે ઝવેરાત ભરેલો થેલો છુપાવ્યો. પછી એણે ચોરીછૂપીથી ઓસ્ટ્રેલિયાના "સિડની" શહેરમાંથી બદમાશ જેવા ખલાસીઓને ધીમે ધીમે ટાપુ પર લાવવા માંડ્યા. આમ કરતાં લગભગ પચીસ-ત્રીસ જેટલા બદમાશો એણે એ ટાપુ પર પહેરો ભરવા માટે રાખ્યા. હવે એને અહીં લીમાની જેલમાં કેદ પોતાના સરદારને મળવું હતું, સંદેશો પહોંચાડવો હતો, પણ જો એ પોતે લીમા જાય તો પોલીસના હાથે પકડાઈ જાય. એટલે એણે એના ત્રીસેક જેટલા એકઠા કરેલા સાથીઓમાંથી એક વિશ્વાસુ માણસને સંદેશા સાથે લીમા મોકલ્યો. બે-ત્રણ વખત તો આમ ચાલ્યું. પણ પછી લીમા પોલીસને એના પર શક થયો અને એ પકડાઈ ગયો. લગભગ લૂંટના ત્રણ મહિના પછી એ પકડાયો હતો. એની ધોલાઈ કરતાં એ ઢીલો માણસ બધું જ બકી ગયો. એના કહેવા મુજબ સરદાર બોન્ઝાને આ જાતનો સંદેશો આપવાનો હતો – હવે લૂંટનો માલ ઓસ્ટ્રેલિયાના ટાપુ પરથી પેસિફિક મહાસાગરમાં જ અન્ય ટાપુ પર ફેરવવા માટે એક વહાણમાં રવાના કરી દેવાયો છે કારણ,કે ઓસ્ટ્રેલિયાનો ટાપુ વધુ સુરક્ષિત નહોતો. ઉપરાંત બોન્ઝા ખુદ કોઈક નવા અને નિર્જન ટાપુની શોધમાં હતો. જેલમાં બેઠાં બેઠા એ બધી માહિતીઓ મેળવ્યા કરતો. – એની આ વાત સાંભળીને એક પોલીસ ઓફિસરે મારી સાથે એક પ્લાન ઘડ્યો. અને એ પ્લાન પાછળ કંઈક અંશે મારો પણ ફાળો હતો.' કહીને એન્ડરસન અટક્યા. એમણે જગમાંથી થોડું પાણી પીધું. અમને પણ ઓફર કર્યું, પણ અમારામાંથી કોઈ અત્યારે પાણી પીવાના મુડમાં નહોતું.

પછી એમણે આગળ ચલાવ્યું:

'અને એ પોલીસ ઓફિસર એટલે મારી દીકરીનો પતિ નેલ્સન ! મેં એની સાથે મળીને એક પ્લાન બનાવ્યો. એ પ્લાન મુજબ પેલા પકડાયેલા ખલાસીને ડરાવી-ધમકાવીને બોન્ઝા પાસે જેલમાં મોકલ્યો. હવે એ પોલીસના હાથ નીચે હતો એટલે પ્લાન મુજબ એણે બોન્ઝાને મધ્ય પેસિફિક મહાસાગરમાં આવેલા અજ્ઞાત ટાપુ સ્પેક્ટર્ન અંગેની વાતો કરવાનું શરૂ કરી દીધું. અને સદનસીબે બોન્ઝાને સ્પેક્ટર્ન ટાપુનું ભૌગોલિક સ્થાન, ભૂપૃષ્ઠ ગમ્યું અને એની આજુબાજુ બીજા કોઈ ટાપુ ન હોવાને કારણે એ સાવ નિર્જન જેવો હશે એમ માનીને એ લૂંટનો માલ સ્પેક્ટર્ન પર રાખવા તૈયાર થયો. એના મનમાં એમ હતું કે સજા કાપ્યા બાદ પોતે સ્પેક્ટર્ન જતો રહેશે અને પોલીસને ખબર નહીં પડે. સ્પેક્ટર્નનું ભૂપૃષ્ઠ એવું હતું કે આસાનીથી જડે નહીં. એ જ અરસામાં એક બીજો માણસ બોન્ઝાને મળવા જેલમાં આવ્યો. એ પણ પેલા ભાગી છુટેલા બદમાશનો જ સાથી હતો. અગાઉ મોકલેલો માણસ કદાચ પહોંચી નહીં શક્યો હોય એવી શંકાને લીધે એ બદમાશે બીજો માણસ મોકલ્યો હતો. બોન્ઝાએ એ બીજા માણસને સ્પેક્ટર્ન ટાપુ પર લંગર નાખવાનું ફરમાન આપી દીધું એટલે પેલા માણસે પોતાની પાસે રહેલા કોડલેસ ફોનથી સામે છેડે પેલા બદમાશને સ્પેક્ટર્ન પર લંગર નાખવાનું કહી દીધું. એ લોકોને શક ન જાય એટલા માટે અમે કોડલેસ ફોન એ માણસ સાથે જ રહેવા દીધો. કદાચ હવે એ માણસ અહીં લીમામાં જ રહેવાનો હતો જેથી એ બોન્ઝાની વાતો સામે છેડે એના સાથીદારને પહોંચાડી શકે. બસ, હવે અડધો પ્લાન સફળ થઈ

ચૂક્યો હતો. એટલે એક દિવસ હું સ્પેક્ટર્ન જવા નીકળી પડ્યો. પહેલી વાર તો મને સ્પેક્ટર્ન શોધતાં બહુ તકલીફ પડી હતી. અલબત્ત, મેં એટલાસનો ઉપયોગ કર્યો હતો એટલે વાંધો ન આવ્યો. એ પછી હું બે-ત્રણ વાર એ ટાપુ પર ગયો અને એક કાચો નક્શો બનાવ્યો. એમાંય છેલ્લી વખત મને એડગર નામનો એક "સારો" ચાંચિયો મળી ગયો. એ હવે ચાંચિયાગીરી છોડીને શાંત જીવન જીવવા માગતો હતો...'

અમે લોકો એકીટશે આ ફિલમ જેવી અદ્ભુત ઘટનાઓને સાંભળી રહ્યા હતા. એન્ડરસન સાહેબે અમારા તરફ નજર કરીને આગળ ચલાવ્યું, 'હવે આવે છે મુખ્ય વાત, દોસ્તો ! હું અને નેલ્સન એક કાંકરે બે પક્ષી મારવા માગતા હતા, એટલે અમે તમને લોકોને એ ટાપુ પરથી ખજાનાના નામે એ અમાનત મેળવવા લલચાવ્યા. તમે લોકો સાહસિકો છો એટલે કોઈ પણ સફર પાર પાડી શકશો એવી મને ખાતરી હતી. હવે હું જૂની વાત પર આવું, હું એડગરને મળ્યો. એ વખતે તો હજુ પેલા બદમાશો સ્પેક્ટર્ન પર નહોતા પહોંચ્યા. એડગરને મેં તમારા લોકોની બધી જ વાત કરી અને એની સાથે એક ડઝન સોનાના સિક્કાના બદલામાં તમને મદદ કરવાનો સોદો કર્યો અને એનો ભરોસો જીત્યો. હવે એ માણસે એની ફરજ નિભાવી છે કે કેમ એ તમે કહેશો. ખેર, એડગરને તો મેં અગાઉથી જ કહી રાખ્યું હતું કે અહીં બદમાશો આવી પહોંચ્યા છે, કારણકે મને ખાતરી હતી કે એ બદમાશો વહેલા-મોડા સ્પેક્ટર્ન પર આવી જ પહોંચશે. એ પછી હું લીમા પાછો આવ્યો. વાતને છએક મહિના વીત્યા. હજુ એ બદમાશો "ખજાનો" કઈ જગ્યાએ છુપાવશે એ ખબર નહોતી પડી એટલે હું મુંઝાયો હતો. પણ એક દિવસ સોનાનો ઉગ્યો. મને નેલ્સન પાસેથી જાણકારી મળી કે બોન્ઝા અને લીમા આવેલા પેલા માણસ સાથે થતી છૂપી વાતોથી કદાચ "ખજાનો" ઝરણાં અને નદીનાં દ્વિભેટા પાણીમાં રાખવામાં આવશે. હું રાજીનો રેડ થઈ ગયો. તરત જ બેનને ત્યાં પહોંચ્યો અને કાચા નક્શામાંથી એક પાકો નક્શો બનાવ્યો. એમાં "ક્રોસ"ની અને બીજી નિશાનીઓ કરી. ઉપરાંત મારી લાલ ડાયરીમાં પણ છૂપું-છૂપું ઘણું લખ્યું. સ્પેક્ટર્નની જાણકારીઓ અને એની વિશેષતાઓ વિશે લખ્યું જેથી તમને લોકોને કોઈ જ તકલીફ ન પડે. અને પછી મેં વોટ્સનને પ્લાનમાં ભેળવી દીધો.'

'હેં...? તો શું એ બધી ઘટનાઓ... પેલા બદમાશો... તમારું મૃત્યુ... બધું જ ખોટું હતું ?' મારાથી પૂછ્યા વગર ન રહેવાયું.

'હા, બધું જ ખોટું. મારા કહેવાથી વોટ્સને એ તરફ ફૂટબોલને ફટકાર્યો હતો. પછી એ મારા ઘરમાં બોલ લેવાના બહાને ઘુસ્યો. એ પાછો ન આવ્યો એટલે તમે લોકો એને ઘરમાં શોધવા પહોંચ્યા. તમે દૂરથી આવતા દેખાયા કે તરત જ અમે સ્થાન લઈ લીધું. વોટ્સન જમીન પર બેહોશ થવાના અને હું મરવાના નાટક સાથે સુઈ ગયો. તમે આવ્યા, વોટ્સને લાલ ડાયરી તરફ સંકેત કર્યો અને પછી બહાર જઈને તમને એક ખોટી, ઉપજાવી કાઢેલી વાર્તા સંભળાવી દીધી. બસ, મારું કામ પત્યું.' કહીને પ્રોફેસર એન્ડરસન હસ્યા.

વોટ્સને તો ખરેખર અમને કળવા જ ન દીધું. છૂપો રૂસ્તમ નીકળ્યો એ. મેં વોટ્સનને ધીમેથી હડદોલો માર્યો, 'વેલ પ્લેઈડ, વોટ્સન ! તું તો મારા કરતાંય મોટો લેખક નીકળ્યો.' જવાબમાં એ હસી પડ્યો.

'પણ એન્ડરસન સાહેબ, મને હજુ એ ન સમજાયું કે તમે તમારી જાતને મૃત અવસ્થામાં કેવી રીતે રાખી શક્યા ? મેં ખુદ તમને તપાસ્યા હતા. તમારો શ્વાસ નહોતો ચાલતો...' મેં પૂછ્યું.

'એલેક્સ ! યોગથી શક્ય છે. હું નિયમિત યોગ કરું છું જેને કારણે હું એકાદ મિનિટ

જેટલો શ્વાસ રોકી શકું છું ! સિમ્પલ !' એન્ડરસન હસ્યા. પછી બોલ્યા, 'હવે એક કાંકરે બે પક્ષી મારવાની વાત કહું. લીમા પોલીસ તો નિષ્ક્રિય રીતે તપાસ કરતી હતી. અને જો પોલીસ આ કેસમાં ઊંડી ઊતરે તો કદાચ લીમાની એ 'અમાનત' જોખમમાં મુકાય. હવે જો હું તમને આવી કોઈ સફર પર મોકલું તો તમારું નામ આખા લીમામાં અને કદાચ પેરૂમાં સાહસિકો તરીકે મશહુર થઈ જાય અને બીજું, લીમાના લોકોની અમાનત એમને સહીસલામત પાછી મળી જાય ! એટલે પોલીસ સાથે મળીને આ આખોય પ્લાન તૈયાર થયો. પણ એક વાતનો અફસોસ રહી ગયો હતો કે કોણ જાણે કેવી રીતે, પણ બોન્ઝાને ખબર પડી ગઈ કે તમે લોકો સ્પેક્ટર્ન પર પહોંચવાના છો, એટલે એણે સ્પેક્ટર્ન પર રહેલા એના સાથીદારને આ વાત ચેતવી દીધી. એટલે તમને ટાપુ પર એ લોકો તરફથી થોડી હેરાનગતિ થઈ હશે. પણ હવે બોન્ઝા કંઈ જ કામનો નહીં રહે. એ નિયત સમય સુધી જેલમાં જ સડશે.' કહીને એ ચૂપ થઈ ગયા.

આશ્ચર્યનો જાણે આખો દરિયો વહેવા લાગ્યો. આ આખીયે સફર પાછળ આટલો મોટો પ્લાન હશે એની તો અમને ગંધ સુદ્ધાં આવી નહોતી. એ પછી અમે અમારી સાથે બનેલી બધી જ ઘટનાઓ એન્ડરસન સાહેબને કહી સંભળાવી. તેઓ પણ સામે આશ્ચર્યચકિત થતા બધી વાતો સાંભળી રહ્યા. આખા રૂમમાં હો-હા થઈ પડી. બધા સફર પાર પાડ્યાની ખુશીમાં હતા. હું પણ હતો. તેમ છતાં હજુ અમુક પ્રશ્નોના જવાબો નહોતા મળતાં. ધીમે-ધીમે એ પણ મળી ગયા. પ્રોફેસર એન્ડરસનના ઘરના નંબર B-63વાળો કાગળનો ટુકડો પણ વોટ્સને જ ચોરીછૂપીથી પેટીમાં ભરાવી દીધો હતો. આ ઉપરાંત બદમાશો સ્પેક્ટર્ન પર ઉતર્યા હતા તો પછી આજુ-બાજુમાં એમનું વહાણ તો દેખાવું જોઈતું હતું ને ? પણ સ્પેક્ટર્ન પર તો માત્ર એડગરનું જ વહાણ હતું. આ પ્રશ્નનો જવાબ એવો મળ્યો કે બદમાશોનું વહાણ કોઈક બીજી જ દિશામાં હશે જે દિશાના કિનારા સુધી અમે પહોંચી જ નહોતા શક્યા. અલબત્ત, પહોંચવાની જરૂર જ નહોતી.

ખજાનાની પેટી ખોલીને અમે સોના-ચાંદીના ઘરેણાં જુદા પાડ્યા અને બેંક ઓફ લીમામાં એ બધા જમા કરાવી દીધા. ચારેય બાજુથી અમારા સાહસની વાહ-વાહ થવા લાગી. લીમાના લોકોએ અમને પ્રેમથી અને આશીર્વાદથી વધાવી લીધા. અમારા દેશ માટે અમારાથી ભલે અજાણતાં જ, પણ કંઈક સારું કામ થયું હતું એના માટે પ્રોફેસર એન્ડરસનનો આભાર માનીએ એટલો ઓછો હતો.

મેક્સ પર અદાલતી કાર્યવાહી ચલાવવામાં આવી અને એને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો. જો કે આ થોડી ઓછી સજા થઈ એ લીમાની પ્રજાના એનાં પ્રત્યેના પ્રેમ અને પોતાના સાહસને પ્રતાપે. અલબત્ત, એણે એનાં મિત્રનું બાકીનું દેવું માફ કરીને એની ક્રુઝરની વધારાની રકમ ચૂકવવી પડી હતી.

ખેર, એ પછી બધા મિત્રો છૂટા પડ્યા અને પોતપોતાના ઘર તરફ આગળ વધ્યા. પ્રોફેસર બેન એમનાં અલ્બિનો હરેરાવાળા ઘર તરફ ચાલ્યા, મેક્સ એને રસ્તે ચાલ્યો. બધાના ચહેરાઓ એકદમ ઝળહળતા હતા. ભેદી અને રોમાંચક સફરનો આખરે અંત આવ્યો.

ટૂંક સમયમાં જ ફરી પાછી કોઈ નવી સફર પર જવાનું થાય એવી મનોમન ઈચ્છા વ્યક્ત કરતાં મેં ખુશખુશાલ ચહેરે મારા ઘર તરફ જવા પગ ઉપાડ્યા.

(સમાપ્ત)